
**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦ ❖ ૧૦, જૂન-૨૦૧૦

૨૬, જમા.આખર, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૬

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સુલેમાન આઈ. માસ્ટર

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION

## લેખ સૂચિ

| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને ........................ | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ ..................... | ૦૫ |
| ❋ અહાદીસ ........................... | ૦૬ |
| ❋ કેન્સર થતું કેવી રીતે અટકાવશો ? ... | ૦૮ |
| ❋ અલ્લાહનો મદદગાર ................. | ૦૯ |
| ❋ ગડમથલ ............................. | ૧૨ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ .. | ૧૩ |
| ❋ મન કુન્તો મૌલા ...................... | ૧૭ |
| ❋ પચાસ હદીસો ........................ | ૨૧ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૭ |
| ❋ મો.સુલેમાનભાઈ આઈ. વિજાપુરાનું અવસાન | ૩૨ |
| ❋ નહજુલ બલાગહ .................... | ૩૩ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. | ૩૫ |
| ❋ જુંબિશે લબ .......................... | ૩૭ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ...................... | ૩૯ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... | ૪૧ |
| ❋ મશાયખવાણી ........................ | ૪૩ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ ........................... | ૪૫ |
| ❋ આપણા ઘરની વાતો ................. | ૪૮ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન..... | ૫૦ |

## ઊઘડતે પાને...

આપણા પાંચમા ઈમામ.

ઈમામ મોહંમદ બાકિર(અ.).

એક દિવસ આપ ખચ્ચર પર બેસીને સફર કરી રહ્યા હતા ત્યારે આપની સાથે એક બીજો માણસ પણ ગધેડા ઉપર બેસીને મુસાફરી કરી રહ્યો હતો. મક્કા અને મદીનાની વચ્ચે મુસાફરી કરતી વખતે પહાડમાંથી એક વરૂ બહાર નીકળ્યું. ઈમામ મૂસા કાઝિમ(અ.)એ તેને જોઈને પોતાની સવારીને રોકી લીધી.

વરૂ આપની પાસે આવ્યું અને બોલવા લાગ્યું,

'મૌલા ! આ પહાડમાં મારી માદા રહે છે અને અત્યારે તે સખત પ્રસવવેદના અનુભવી રહી છે.

આપ દુઆ ફરમાવો કે જેથી આ મુસીબતમાંથી તે મુક્ત થઈ જાય.'

ત્યાર પછી તેણે કહ્યું,

'આપ એવી પણ દુઆ કરજો કે - **'અઝ નસલ મન બર શીઅહે તવ મુસલ્લુત ન ગર્દાન્દ'** (અર્થાત- મારી નસલમાંથી કોઈ પણ આપના શીઆહો ઉપર હુમલો ન કરાવે કે તેમના ઉપર પ્રભુત્વ પ્રાપ્ત ન થવા દે.')

આપે ફરમાવ્યું,

'જા, મેં દુઆ કરી લીધી.'

ત્યાર પછી પેલું વરૂ ત્યાંથી ચાલ્યું ગયું.

*

એક રાત્રે એક માણસ ધોધમાર વરસાદમાં આપના ઘર પાસે આવીને ચૂપચાપ ઊભો રહી ગયો અને વિચારવા લાગ્યો કે આવા અનુચિત સમયે હું બારણું ખખડાવું કે અહીંથી પાછો ચાલ્યો જાઉં?

એવામાં ઈમામે પોતાના ઘરની નોકરડીને ફરમાવ્યું,

'ફલાણો માણસ મક્કાથી આવીને મારા ઘરના દરવાજે ઊભેલો છે માટે તેને તું અંદર બોલાવી લાવ.'

તો નોકરડીએ તેને દરવાજો ઉઘાડીને અંદર બોલાવી લીધો.

*

રાવીનું બયાન છે,

'હું એક દિવસ આપના (એટલે કે ઈમામ મોહંમદ બાકિર(અ.)ના) ઘેર હાજર થયો અને મને આપની હુઝૂરીમાં બોલાવવામાં આવે તેની વાટ જોવા લાગ્યો. આપે કોઈ કારણસર મને અંદર આવવાની રજા ન આપી. હું તો ચૂપચાપ ઊભો જ રહ્યો. એવામાં મેં જોયું કે ઘણા બધા માણસો ત્યાં આવ્યા અને અંદર ગયા. આ હાલત જોઈને મને ખૂબ જ દુઃખ થયું અને લાંબા સમય સુધી એવું વિચારતો રહ્યો કે કોઈ બીજા મઝહબમાં ચાલ્યો જાઉં. આવા વિચાર સાથે ઘેર પાછો ચાલ્યો ગયો.'

જ્યારે રાત પડી તો આપ(અ.) મારા મકાન ઉપર તશરીફ લાવ્યા અને કહેવા લાગ્યા,

'બીજા કોઈ મઝહબમાં ન જાઓ. કોઈ મઝહબ દુરસ્ત નથી. આવો, મારી સાથે ચાલો.'

રાવી કહે છે,

'આટલું કહીને આપ મને પોતાની સાથે લઈ ગયા.'

*

એક માણસે ઈમામ મોહંમદ બાકિર(અ.)ને પૂછયું,

'ખુદા ઉપર મોમિનનો શું હક છે ?'

આપે તેનો જવાબ આપવાથી પોતાનું મોઢું ફેરવી લીધું. જ્યારે તે ન માન્યો તો આપે તેને ફરમાવ્યું,

'જો આ ઝાડને એવું કહેવામાં આવે કે ચાલીને અહીં આવ તો તે અહીં ચાલ્યું આવશે.'

આટલું કહેતાંની સાથે જ તે (વૃક્ષ) પોતાના સ્થળેથી રવાના થઈ ગયું. ત્યાર પછી આપે તેને હુકમ આપ્યો,

'પાછું ચાલ્યું જા.'

તો તે પાછું ચાલ્યું ગયું.

*

એક માણસે આપના મકાનની સામે કોઈ હરકત કરી તો આપે તેને ફરમાવ્યું,

'મને ઈલ્મ છે. દીવાલો અમારી નજરોની વચ્ચે અવરોધરૂપ બનતી નથી બીજી વાર આવું બનવું ન જોઈએ.'

*

એક વાર એક માણસે આપની સમક્ષ પોતાના વાળ સફેદ થઈ જવાની ફરિયાદ કરી તો આપે પોતાના હાથ તેના વાળ ઉપર ઘસ્યા તો તે વાળ કાળા થઈ ગયા.

*

જે સમયે ઈમામ ઝયનુલ આબેદીન(અ.)નો ઈન્તેકાલ થયો તે સમયની વાત છે.

ઈમામ મોહંમદ બાકિર(અ.) મસ્જિદે નબવીમાં તશરીફ ફરમાવી રહેલા હતા. એવામાં મન્સૂર દવાનકી અને દાઉદ બિન સુલયમાન આ બન્ને જણ મસ્જિદમાં આવ્યા. મન્સૂર આપનાથી દૂર બેઠો અને દાઉદ નજીક આવી ગયો. આપે ફરમાવ્યું,

'મન્સૂર મારી પાસે કેમ ન આવ્યો ?'

દાઉદે કોઈ બહાનું રજૂ કર્યું. હઝરતે ફરમાવ્યું,

'તેને કહી દો કે તું થોડા સમયમાં જ બાદશાહે વક્ત બનીશ.'

આ સાંભળીને દવાનકી આપની પાસે આવી ગયો અને કહેવા લાગ્યો,

'આપનો રોઅબ અને જલાલ મને નજીક આવતાં રોકતો હતો.'

ત્યાર પછી આપે તેને હુકૂમતની વિગતો બયાન ફરમાવી અને ખરેખર પાછળથી એ મુજબ જ બન્યું.

*

અબુ બશીરની આંખો જતી રહી હતી. તેમણે એક દિવસ કહ્યું,

'આપ તો અંબીયાઓના વારસદાર છો. મારી આંખોની રોશનીને પલટાવી દો.'

આપે એ જ સમયે તેમની આંખો ઉપર હાથ ફેરવ્યો અને તેમને દેખતો કરી દીધો.

*

એક કુફીએ આપને કહ્યું,

'મેં સાંભળ્યું છે કે આપના તાબામાં ફરિશ્તાઓ હોય છે જે આપના શીઆઓને અને બિન-શીઆઓને બતાવ્યા કરે છે.'

આપે તેને પૂછયું,

'તું શું કામ કરે છે ?'

તેણે કહ્યું,

'ઘઉં વેચવાનું કામ કરું છું.'

આપે ફરમાવ્યું,

'ખોટી વાત છે.'

પછી તેણે કહ્યું,

'કોઈ વખત જવ પણ વેચું છું.'

આપે ફરમાવ્યું,

'આ વાત પણ ખોટી છે. તું માત્ર ખજૂર જ વેચે છે.'

તેણે કહ્યું,

'આ બધું આપને કોણે બતાવ્યું ?'

ઈમામે ફરમાવ્યું,

'એ ફરિશ્તાએ બતાવ્યું કે જે મારી પાસે આવે છે.'

ત્યાર પછી આપે ફરમાવ્યું,

'તું ફલાણી બીમારીમાં ત્રણ દિવસની અંદર અવસાન પામી જઈશ.'

અને ખરેખર એવું જ બન્યું.

*

રાવી કહે છે,

હું એક દિવસ હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)ની ખિદમતમાં હાજર થયો તો જોયું કે આપ સૂરયાની ભાષામાં મુનાજાત પઢી રહ્યા છે. મારા સવાલના જવાબમાં આપે ફરમાવ્યું,

'આ ફલાણા નબીની મુનાજાત છે.'

*

હઝરત ઈમામ જાફર સાદિ(અ.) ફરમાવે છે,

'મારા વાલિદે બુઝુર્ગવાર ઈમામ મોહંમદ બાકિર(અ.) એક દિવસ મદીનામાં ઘણા બધા લોકોની વચ્ચે બેઠેલા હતા. એકાએક આપે માથું નીચું નમાવી દીધું.'

ત્યાર પછી આપે ફરમાવ્યું,

'અય મદીનાવાસીઓ ! આવતી સાલ અહીં નાફેઅ બિન અરઝક ચાર હજાર નીડર

સિપાહીઓને લઈને આવશે અને ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી પુષ્કળ મુકાબલો અને જંગ કરશે અને તમે તમારી સુરક્ષા નહીં કરી શકો. સાંભળો, જે કંઈ હું કહી રહ્યો છું તે થઈને જ રહેશે.'

તેથી આગામી સાલ એવું જ બન્યું કે જેવું આપે ફરમાવ્યું હતું.

*

ઝૈદ બિન આઝમનું બયાન છે,

'એક દિવસ ઝૈદ શહીદ આપની સામેથી પસાર થયા તો આપે ફરમાવ્યું,

'આ ચોક્કસ કુફામાં ખુરૂજ કરશે અને કતલ થશે અને તેમનું મસ્તક એક સ્થળેથી બીજે સ્થળે ફેરવવામાં આવશે.'

અને ખરેખર એવું જ બન્યું.

(સંદર્ભ : **સવાહેદુન્નબુવ્વહ**, પેજ નં.૧૮૫, **નૂરૂલ અબ્સાર**, પેજ નં. ૧૩૦) *


# <u>જાહેર ખબર</u>

આગામી સત્રથી (એટલે કે જૂન-૨૦૧૦થી) મશાયખી(બોયઝ) હોસ્ટેલ, અમદાવાદ માટે એક રેકટર જોઈએ છે. અંદાજે ઉંમર વર્ષ ૪૫ થી ૬૦ અને ઓછામાં ઓછો ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ ધરાવતા મોમિનોએ અરજી કરવી. માસિક રૂા.૩૫૦૦/-નો પગાર અને રહેવા-જમવાની સુવિધા મળશે.

**<u>અરજી કરવાનું સ્થળ</u>**

પ્રમુખશ્રી, એહમદ વિકાસ મંડળ
મકતબા જાફરીયા, સિધ્ધપુર-કાકોશી રોડ,
સેદ્રાણા સ્ક્વેર, મુ.પો. સેદ્રાણા,
તા. સિધ્ધપુર, જિ. પાટણ(ઉ.ગુ.)

**<u>સંપર્ક :</u>** ૯૪૨૭૩૩૦૪૨૯, ૯૪૨૬૬૭૭૫૦૦
૯૪૨૭૪૫૭૫૫૫, ૯૮૭૯૦૧૯૫૩૦


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ઈસ્લામી કવીઝ નં. ૧૧૫

**(૧) આપણા પયગમ્બર(સ.) ઉપર કુરઆન શરીફ કયા ફરિશ્તા દ્વારા નાઝિલ કરવામાં આવતું હતું ?**
(A) હઝરત જીબ્રઈલ(અ.) દ્વારા
(B) હઝરત ઈસરાફીલ(અ.) દ્વારા
(C) હઝરત મીકાઈલ(અ.) દ્વારા

**(૨) હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાના ઉપર નાઝિલ થયેલ પ્રથમ વહીનો અનુભવ કોની આગળ વર્ણવ્યો હતો ?**
(A) હઝરત અલી(અ.) સમક્ષ
(B) હઝરત અબુતાલિબ(અ.) સમક્ષ
(C) જનાબે ખદીજતુલ કુબરા સમક્ષ

**(3) કુરઆન શરીફમાં રૂકૂઅ પૂરું થાય ત્યારે કયું ચિહ્ન મૂકેલું હોય છે ?**
(A) અલિફ( ا ) (B) ઐન( ع )
(C) ગૈન( غ )

**(૪) આપણા નબી(સ.) ઉપર કુરઆન શરીફ ટુકડે ટુકડે કેટલા વર્ષ સુધી નાઝિલ થતું રહ્યું હતું ?**
(A) ચાલીસ (B) તેવીસ (C) ત્રેસઠ

**(૫) કુરઆન શરીફમાં અલ્લાહ તઆલાએ હઝરત રસૂલે ખુદા(સ.)ના કયા કાકાની ઝાટકણી કાઢી છે ?**
(A) અબુ લહબ (B) અબુ સુફિયાન
(C) અબુ જેહલ

**(૬) કુરઆન શરીફમાં ખ્રિસ્તીઓ માટે કયો અરબી શબ્દ પ્રયોજાયો છે ?**
(A) મજૂસી (B) નસારા (C) યહૂદા

**(૭) નીચેનામાંથી માણસનો કયો નફ્સ સર્વશ્રેષ્ઠ ગણાય છે ?**
(A) નફ્સે લવ્વામા (B) નફ્સે અમ્મારા
(C) નફ્સે મુત્મઈન્ના

**રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ રૂલ્સ 1956 અન્વયે જાફરી આવાઝ(માસિક)ની માલિકી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક (ફોર્મ-૪)**

**(૧) પ્રકાશનનું સ્થળ :** 'જાફરી આવાઝ' કાર્યાલય
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર,
જિ. સાબરકાંઠા-૩૮૩૨૨૦

**(૨) પ્રકાશન અવધિ :** માસિક, દર મહિનાની દસમી તારીખે પ્રસિધ્ધ થાય છે.

**(૩-૪-૫) મુદ્રક-પ્રકાશક-તંત્રીનું નામ :**
કાસમભાઇ ઇબ્રાહીમભાઇ વિજાપુરા

**રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામુ :** મુ. મહેરપુરા, પો. દેઘરોટા,
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
પીન-૩૮૩ ૨૨૦

હું કાસમભાઇ ઇબ્રાહીમભાઇ વિજાપુરા જાહેર કરું છું કે ઉપર જણાવેલ વિગતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

કાસમભાઇ ઇબ્રાહીમભાઇ વિજાપુરા
(તંત્રી)


**હસનઅલી મસી(મહેરપુરા)**
ફોન : (ઘર) ૨૨૭૪૭૭
મોબાઇલ : ૯૪૨૭૩૩૯૧૨૯

**PC પીસી ડ્રીમ**

**ડીજીટલ ફોટો સ્ટુડીયો**

**ડીજીટલ ફોટો અને વિડીયો શુટીંગ**

**કોઈપણ શુભ પ્રસંગે ફોટોગ્રાફી તેમજ વિડીયો શુટીંગ માટે મળો.**

**નવા તેમજ જૂના કોમ્પ્યુટરની લે-વેચ તેમજ રીપેરીંગ માટે મળો.**

**સ્થળ**

**મસ્જિદ અને કામરાન બેંકના ઉપર, બસ સ્ટેન્ડની સામે, મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.**

| **મિલેનિયમ માર્ટ** | ૭૦, દંમર્થ્ય શેંપીંગ દેન્ટર, સંવડીયં ચંર રસ્સં, દિધ્ધપુર. |
|---|---|

અંથી દિધ્ધપુર સથં અંજુબંજુની જાહેર જનસંને જણંવસાં અંનાત થંય છે કે અમેંએ નવીન સ્ટેંર શરૂ કરેલ છે જેમાં જીવન જરૂરીયંસની વિવિધ વસ્સુએં જેવી કે ચં-કેંફી, નમકીન, ચેંકલેટ, બિસ્કીટ, શેમ્પુ, બેબીકેંર, બેંડીકેંર, હંઉદ હેંલ્ડ અંઈટમ, ડીટર્જન્ટ, બંથં દેંપ, હેલ્થકેંર, પરફયુમ વગેરે વ્યંજબી ભંવે મળશે. એકવંર રૂબરૂ પધંરી ખંત્રી કરેં.

**વહીતઅહેમત એમ. જાફરી**


| **હાર્ટી માર્ટ** ઘ ફ્રેન્ડલી દુપર મંર્કેટ | ૪-૫, એલીકેંન ટંવર, વિશંલં દર્કલ, અમતંવંત-૫૫ |
|---|---|

**હેંટલ દાચંલકેં મંટે ખુશખબર**


હંર્ટી મંર્ટ દુપર મંર્કેટ, વિશંલં દર્કલ પંદે, અમતંવંતમાં છેલ્લં ત્રંણ વર્ષથી ચંલે છે. હવે અમે હેંટલમાં વપરંસી વિવિધ વસ્સુએં જેવી કે મરચ્ચુ, ધંણં પંવડર, હળતર, ગરમ મદંલં, ટીન ફુડ, ચંઈનીઝ અંઈટમેં, ડ્રંયફ્રુટ વગેરેનં દપ્લંયનુ કંમ વ્યંજબી ભંવે શરૂ કરેલ છે. અમતંવંતમાં ડિલીવરી ફ્રી મળશે. બહંરગંમ મંલ ટ્રંન્દપેંર્ટથી મેંકલી અંપવંમાં અંવશે.

**::::: ઍંર્ડર મંટે ફેંન કરેં :::::**

**અનવરઅલી મેંમિન - ૯૩૨૮૦૬૨૧૧૦ / ૦૭૯-૨૬૮૨૮૪૪૦-૬૫૨૧૨૪૨૯**



# અહાદીસ



### પતિ-પત્નીએ જાણવા જેવી બાબતો

આજકાલ છૂટાછેડાની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો જોવા મળે છે. આ ઉપરાંત ઘરસંસારની કુરૂપતાનો રાક્ષસ પણ પોતાનું વિકરાળ સ્વરૂપ બતાવતો જોવા મળે છે. આ બાબતમાં દુનિયાના બધા જ લોકો ચિંતિત જોવા મળે છે પરંતુ આવું થવા પાછળનું ખરું મુખ્ય કારણ હજુ સુધી જાણી શકાયું નથી કે ગૃહસંસારના બે સ્તંભ પતિ અને પત્ની વચ્ચે ખટરાગ કેમ થાય છે.

આ બાબતમાં ઈસ્લામ ધર્મે સ્ત્રી અને પુરૂષ બન્નેનાં કર્તવ્યો નક્કી કર્યા છે જેના ઉપર અમલ કરવામાં આવે તો લડાઈ-ઝઘડા કે તલાકના બનાવો ખૂબ ઓછા થઈ જશે એટલું જ નહીં પરંતુ ઘરના વાતાવરણમાં એક પ્રકારની પ્રેમભાવનાનું અને મહોબ્બતનું સામ્રાજ્ય સ્થપાઈ જશે જેના લીધે ઘર સ્વર્ગનો એક નમૂનો બની જશે.

**સ્ત્રીનાં કર્તવ્યો :**

હઝરત રસૂલે અકરમ(સ.) સારી સ્ત્રીનો પરિચય આ શબ્દોમાં કરે છે :

**'તમારી સ્ત્રીઓમાં સૌથી શ્રેષ્ઠ સ્ત્રી એ છે કે જે ખૂબ જ બાળકો પેદા કરે, તે મહોબ્બત કરનારી અને સુચારિત્ર્યવાન હોય, પોતાના પરિવારમાં સન્માનપૂર્વક અને પોતાના પતિના મુકાબલામાં ખાકસારીથી જિંદગી વ્યતીત કરનારી હોય, માત્ર પોતાના પતિને દેખાડવા ખાતર જ શણગાર સજે અને અન્યથી પોતાની જાતને બચાવી રાખે, પોતાના પતિની વાત સાંભળે અને તેના હુકમનું પાલન કરે, એકાંતમાં તેની ઈચ્છાનો સ્વીકાર કરે અને તેની માલ મિલ્કતની દેખરેખ રાખે તેમજ ક્યારે ય પણ પોતાના પતિની માફક તેમાંથી ખર્ચ કે બક્ષિસ ન કરે.'**

પયગમ્બરે ઈસ્લામ(સ.) ફરમાવે છે :

**'ઈસ્લામ ધર્મ પાળનાર પુરૂષનો સૌથી મોટો નફો એક એવી મુસલમાન સ્ત્રી છે કે જેના તરફ નજર ફેંકીને તે પ્રસન્ન થઈ જાય, જે તેના(પતિના) હુકમોનું પાલન કરે અને તેની ગેરહાજરીમાં તેની સંપત્તિનું અને પોતાની આબરૂનું રક્ષણ કરે.'**

ઈસ્લામ ધર્મે પુરૂષના મુકાબલામાં સ્ત્રીની ખાકસારી ધારણ કરવાની અને તે(ના પતિ)નું સન્માન કરવાની બાબતમાં તેને ખૂબ જ તાકીદ કરી છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જો હું ઈચ્છત કે હું કોઈને એવો હુકમ કરું કે તે બીજા કોઈની આગળ સિજદો કરે (અર્થાત જો ખુદાના સિવાય બીજા કોઈની આગળ સિજદો કરવો જાઈઝ હોત) તો હું હુકમ આપત કે સ્ત્રીઓ પોતે પોતાના પતિઓની આગળ સિજદો કરે.'**

વળી ઈસ્લામ ધર્મ એ બાબતને પણ પ્રોત્સાહન આપે છે કે કદાચ કોઈ સ્ત્રી આ ફરજોને પૂર્ણ કરવામાં જવાબદારી નિભાવનાર (સ્ત્રી) બની જાય તો તે સ્ત્રી સર્વશ્રેષ્ઠ કાર્યોમાંના એક કાર્યને પૂર્ણ કરી દે છે.

સાતમા ઈમામ હઝરત મૂસા બિન જાફર(અ.) ફરમાવે છે :

**'સ્ત્રીની જિહાદ તેની સારી પતિપરાયણતા છે.'**

વળી પયગમ્બરે અકરમ(સ.) આવું પણ ફરમાવે છે :

**'જો સ્ત્રીએ પોતાના પતિનો હક અદા ન કર્યો તો (સમજી લો કે) તેણે પોતાના ખુદાનો હક અદા ન કર્યો.'**

**પુરૂષનાં કર્તવ્યો :**

એ બાબત પણ ભૂલવી ન જોઈએ કે ઈસ્લામ ધર્મે જેવી રીતે સ્ત્રીઓ માટેનાં કર્તવ્યો નક્કી કર્યા છે એવી જ રીતે સ્ત્રીઓના મુકાબલામાં પુરૂષ માટે પણ ભારે ફરજો નક્કી કરી છે.

ઈસ્લામ ધર્મ એવી આજ્ઞા ફરમાવે છે કે પતિ પોતાની પત્ની સાથે સારો વ્યવહાર કરે.

ઈમામ અસ્સજ્જાદ(અ.) ફરમાવે છે :

**'ખુદા તઆલા એવા પુરૂષથી વધારે ખુશ થાય છે કે જે પોતાની અહલ અને પરિવાર માટે સુખચેનનાં વધારે સાધનો એકત્ર કરે.'**

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'તમારામાંથી સર્વશ્રેષ્ઠ વ્યક્તિ એ છે જે પોતાના પરિવારજનો માટે સર્વશ્રેષ્ઠ હોય.'**

**'સ્ત્રીના સંદર્ભમાં પુરૂષની ફરજ એ છે કે ખોરાક અને પોષાકની બાબતમાં તેને પોતાની સમકક્ષ ગણે અને તેને તમાચો ન મારે અને તેની સાથે ઝઘડો ન કરે.'**

ઈમામ અર રઝા(અ.) ફરમાવે છે :

**'પુરૂષ માટે એ બાબત યોગ્ય છે કે તે પોતાની પત્ની અને બાળકો પર સખ્તાઈ ન કરે જેથી તેઓ ખુદા તઆલા સમક્ષ તેના મોતની દુઆ ન કરે.'**

ઈસ્લામ ધર્મે સ્ત્રીઓના અધિકારોને એટલું બધું મહત્વ આપ્યું છે કે કેટલીક એવી હદીસો છે કે જે અમને પ્રાપ્ત થઈ છે તે પ્રમાણે જોઈએ તો શરીઅતના હાકિમને ઈસ્લામ એવી પરવાનગી આપે છે કે જો કદાચ પોતાની ફરજોને પરિપૂર્ણ ન કરે તો (શરીઅતનો હાકિમ) (ખાસ નક્કી કરેલી શરતોને આધીન રહીને) તેની પત્નીને તલાક આપી શકે છે.

ઈમામ અલ બાકિર(અ.) ફરમાવે છે :

**'જો કોઈ માણસ પત્ની ધરાવતો હોય અને તેનું શરીર ઢાંકવા માટે પોષાક અને ભૂખ મટાડવા માટે ખોરાક ન આપે તો ઈમામ (નાયબે ઈમામ કે શરીઅતનો હાકિમ) તેમના વચ્ચે જુદાઈ કરાવી શકે છે.'** (ક્રમશઃ)

## General Knowledge Corner

105

**(૧) જ્યાં ગાંધીજીનું બાળપણ વીત્યું હતું તે 'કબા ગાંધીનો ડેલો' કયા શહેરમાં આવેલો છે ?**

**(A)** પોરબંદરમાં **(B)** રાજકોટમાં
**(C)** ભાવનગરમાં **(D)** અમદાવાદમાં

**(૨) મરીન નેશનલ પાર્ક કયા ટાપુ પર આવેલો છે ?**

**(A)** પિરમ **(B)** બેટ દ્વારકા
**(C)** પિરોટન **(D)** છાડબેટ

**(૩) નીચેનામાંથી ગુજરાતના કયા જિલ્લાની સરહદ મધ્યપ્રદેશને મળે છે ?**

**(A)** પંચમહાલ **(B)** ડાંગ
**(C)** બનાસકાંઠા **(D)** સાબરકાંઠા

**(૪) કાળો ડુંગર કયા જિલ્લામાં આવેલો છે ?**

**(A)** જૂનાગઢ **(B)** કચ્છ
**(C)** ડાંગ **(D)** ભાવનગર

**(૫) સંખેડા શાના માટે વખણાય છે ?**

**(A)** શંખની વસ્તુઓ માટે **(B)** સાડીઓ
**(C)** ફર્નિચર **(D)** રમકડાં

**(૬) લોક અદાલતના નિર્ણયના વિરૂધ્ધમાં ક્યાં અપીલ કરી શકાય છે ?**

**(A)** જિલ્લા ન્યાયાલયમાં
**(B)** ઉચ્ચ ન્યાયાલયમાં
**(C)** રાજ્ય ન્યાયિક ક્ષેત્રમાં
**(D)** કોઈ અપીલ થતી નથી

**(૭) રાષ્ટ્રીય માનવ અધિકારના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?**

**(A)** ન્યાયમૂર્તિ રંગનાથ મિશ્રા
**(B)** ન્યાયમૂર્તિ ફાતિમાબીબી
**(C)** ન્યાયમૂર્તિ એસ.એસ. ડાંગ
**(D)** ન્યાયમૂર્તિ વૈંકટચલૈયા

# કેન્સર થતું કેવી રીતે અટકાવશો ?

**કેન્સર થતું અટકાવો :**

કેન્સર સાધ્ય રોગ છે. એક તૃતિયાંશ ભાગના કેન્સર નિવારી શકાય છે. બીજા એક તૃતિયાંશ ભાગના કેન્સરને યોગ્ય સારવારથી નાબૂદ કરી શકાય છે અને બાકીનાં કેન્સર કે જેમને વેળાસર નિદાનને અભાવે રોકી ન શકાયાં હોય તેમાં રાહત આપી શકાય છે. કેન્સરના ઉદ્‌ભવ માટે ઘણા પ્રકારનાં પરિબળો જવાબદાર છે. કેન્સર કોઈ પણ અવયવમાં થઈ શકે છે અને વિવિધ રીતે તેનો ફેલાવો થાય છે. કેન્સરની ગાંઠમાં રહેલા કોષોને સૂક્ષ્મદર્શક યંત્ર વડે તપાસ્યા પછી જ સારવારનો પ્રકાર નક્કી કરાય છે કારણ કે વિવિધ અવયવોનાં કેન્સર જુદી જુદી ગાંઠોથી થાય છે. કેન્સરની ગાંઠ શરૂ શરૂમાં દુઃખાવારહિત હોય છે જે આગળના તબક્કામાં જ્ઞાનતંતુઓ તથા બીજા અવયવો પર દબાણ કરે ત્યારે દુઃખાવો થાય છે. સામાન્ય રીતે આ રોગ વારસાગત નથી તેથી ડરવાનું કારણ નથી.

કેન્સરનો રોગ શરીરમાં ઉદ્‌ભવતી અસામાન્યતાને કારણે થાય છે કે જેના માટે આપણી આદતો પણ ઘણે અંશે જવાબદાર છે. એક અંદાજ મુજબ કેન્સરથી થતાં ૮૦% મૃત્યુને નાબૂદ કરી શકાય અથવા રોકી શકાય છે.

ભારત સરકાર દ્વારા ઈ.સ. ૧૯૭૫થી રાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ કાર્યક્રમ ચલાવાય છે કે જેની હેઠળ નીચેના કાર્યક્રમો ગોઠવાય છે.

(૧) ગ્રામ્ય સ્તર સુધી કેન્સરનો ભય દૂર કરીને તેના વિશે વૈજ્ઞાનિક માહિતી પહોંચાડવી.

(૨) પ્રાથમિક સાવચેતી રૂપે લોકોને આરોગ્યને લગતું શિક્ષણ આપીને કેન્સરનાં સંભવિત કારણો, લક્ષણો અને તેને અટકાવવાના ઉપાયો વિશે માહિતગાર કરવા.

(૩) અગાઉથી સાવચેતીરૂપે, વૈજ્ઞાનિક જાત તપાસ દ્વારા કેન્સરના વહેલા નિદાન માટે લોકોને પ્રોત્સાહિત કરવા.

(૪) હાલમાં અપાતી કેન્સર અંગેની સારવારને વધુ અસરકારક બનાવવી.

(૫) અંતિમ પગલારૂપે, કેન્સરના છેલ્લા તબક્કામાં પહોંચેલા દર્દીઓને દર્દમાં રાહત મળે તેવી સારવાર આપવી.

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ)માં આવતા કેન્સરના કેસોમાંથી ૫૫% કેન્સર તમાકુ સંબંધિત હોય છે. અમારી સંસ્થાના એક અભ્યાસ મુજબ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ૫૦% લોકો તમાકુના વ્યસની હોય છે. જેમાં ૬૦% થી ૭૫% લોકો ધુમ્રપાન કરે છે અને ૧૫% થી ૨૦% લોકો તમાકુ ચાવે છે. તમાકુના વિવિધરૂપે ઉપયોગથી મ્હોંનું, જીભનું અને ગળાનું કેન્સર થાય છે. તે ઉપરાંત સ્વરપેટી, ફેફસાં, અન્નનળીના કેન્સરની પણ સંભાવના વધી જાય છે. તમાકુનો ઉપયોગ સ્વાદુપિંડ, પુરઃસ્થગ્રંથી અને ગર્ભાશયના મુખના કેન્સરને પ્રોત્સાહિત કરે છે. આ રીતે તમાકુ શરીરમાં રહેલા માથાથી પગ સુધીના બધા કોષો અને અવયવોને નુકસાન કરે છે.

**ખોરાક :**

વધુ ચરબીયુક્ત અને વધુ કેલરીવાળા ખોરાકથી સ્તન, અંડાશય અને ગર્ભાશયના કેન્સરની સંભાવના વધી જાય છે. ઓછા પોષણયુક્ત ખોરાકથી ગર્ભાશયના મુખનું અને વિટામીન તથા લોહતત્વની ઉણપથી મોં અને ગળાનું કેન્સર થઈ શકે છે. દારૂના વધુ પડતા સેવનથી યકૃતનું કેન્સર થઈ શકે છે. ખોરાકને લાંબા સમય સુધી જાળવી રાખવા માટે વપરાતા પદાર્થોથી અન્નનળી અને પેટનું કેન્સર થઈ શકે છે.

લીલાં શાકભાજી અને પીળાં ફળો કે જેમાંથી વધુ રેસા મળે તેવો ખોરાક કેન્સરને રોકવામાં ખૂબ મદદરૂપ છે. વિટામીન **એ**, **સી** અને **ઈ** યુક્ત ખોરાક વધુ ખાવો જોઈએ. રેસાયુક્ત ખોરાકથી આંતરડાનું કેન્સર ટાળી શકાય છે. (ક્રમશઃ)

*- મોમિન મેડિકલ સહાય યોજના*

*નિષ્ણાત ડોક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના અધારે*

# અલ્લાહનો મદદગાર

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી
બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

પારો-૨૬, સૂરા-૪૭, આયત-૭

**'હે ઈમાનદારો ! અગર તમે અલ્લાહની મદદ કરશો તો તે પણ તમારી મદદ કરશે અને તમારા પગ જમાવી દેશે.'**

આપણે આ આયત પર નજર કરીએ છીએ તો નવાઈ લાગે છે કે કંઈ ભૂલ તો નહીં થઈ હોય ને? અલ્લાહ બંદાની મદદનો મોહતાજ નથી. બંદો અલ્લાહની મદદનો મોહતાજ છે. આમ હોવું જોઈએ કે હે ઈમાનદારો ! તમે મારાથી મદદ માગો હું તમારી મદદ કરીશ અને તમારા પગ જમાવી દઈશ.

માણસ માત્ર ભૂલને પાત્ર છે. અલ્લાહ ભૂલને પાત્ર નથી. અલ્લાહે જે આયત નાઝિલ કરી છે તે તો યોગ્ય જ છે, પરંતુ આપણે સમજી શક્યા નથી. તો આપણે આ આયતને સમજવા બીજી આયતની મદદ લઈએ.

પારા-૨૭, સૂરા-૫૭, આયત-૨૫

**'અને અમોએ લોઢું ઊતાર્યું જેમાં (લડાઈનું) સખત બળ છે અને લોકો માટે લાભ પણ અને આ હેતુથી પણ કે અલ્લાહ એ જાણી લે કે તેને જોયા વિના તેની તથા તેના રસૂલ(સ.)ની કોઈ સહાય કરે છે. નિઃસંશય અલ્લાહ મહા બળવાન અને સમર્થ છે.'**

કામિલ ઈબ્ને અસીર લખે છે કે જંગે ઓહદમાં આવો અવાજ સંભળાયો, **લાફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર.** મોહદ્દિસે દહેલવી અબ્દુલ હકે પણ આ બાબતનું સમર્થન કર્યું છે. જુઓ મદારેજુન્નબુવ્વહ.

જંગે ઓહદમાં રસૂલ(સ.)ના રક્ષણમાં લડતાં લડતાં હઝરત અલી(અ.)ની તલવાર તૂટી ગઈ હતી. તેમ છતાં હઝરત અલી(અ.) તૂટેલી તલવારથી જંગ કરી રહ્યા હતા, ગભરાયા નહીં, હઝરત અલી રસૂલને મૂકીને નાસી ન ગયા કે હું શું કરું ? મારી તલવાર જ તૂટી ગઈ, તો હું કેવી રીતે જંગમાં ભાગ લઈ શકું ? પરંતુ આપે મેદાન છોડ્યું નહીં. તો અલ્લાહે આસમાનના લોખંડની તલવાર ઊતારી, જે હઝરત અલી(અ.)ને આપવામાં આવી જેનાં આ રીતે વખાણ કરવામાં આવ્યાં કે **અલી જેવો કોઈ શૂરવીર નથી અને ઝુલ્ફિકાર જેવી કોઈ તલવાર નથી.**

અલ્લાહે જોયું કે અલીના હાથમાં દુન્યવી લોખંડની તલવાર તૂટી જાય છે. અલી કોણ ? યદુલ્લાહ, અલ્લાહનો હાથ. તો દુન્યવી લોખંડની તલવાર તેમનો ઝટકો સહન ન જ કરી શકે ને ? માટે તેમના માટે આસમાની લોખંડની અજોડ તલવાર ઉતારી, એનો અર્થ ઝુલ્ફિકાર. અલ્લાહે પોતાની તલવાર અલીના હાથમાં એટલા માટે સોંપી કે ગમે તેવાના હાથમાં આપવામાં આવે તો તે ગમે તેમ દુરૂપયોગ કરે તેથી અલ્લાહે અલીના માટે તલવાર આપી કે જેમની પાસે અલ્લાહની મરજી હતી. અલ્લાહે અલીનો નફસ હિજરતની રાત્રે ખરીદી લીધો અને પોતાની મરજી આપી દીધી. તો હઝરત અલી(અ.) ઝુલ્ફિકાર ચલાવશે પોતાની નફસાની ઈચ્છાથી નહીં, પરંતુ અલ્લાહની મરજી પ્રમાણે. જ્યારે અલ્લાહની મરજી હશે તો ઝુલ્ફિકાર ચાલશે. જ્યારે અલ્લાહની મસ્લેહત હશે તો ઝુલ્ફિકાર રોકાઈ જશે.

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

**૪**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبَّنَاۤ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوۡمٍ لَّا رَيۡبَ فِيۡهِ ؕ اِنَّ اللّٰهَ لَا يُخۡلِفُ الۡمِيۡعَادَ ﴿۹﴾

**રબ્બના ઈન્નક જામેઉન્નાસે લે યૌમિન લા રૈબ ફીહે ઈન્નલ્લાહ લા યુખ્લેફુલ મીઆદ.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૯)

અર્થ : અય અમારા પરવરદિગાર ! નિઃસંશય તું તે (કયામતના) દિવસે માણસોને ભેગાં કરનાર છે કે જે (દિવસ)ના વિષે કાંઈ જ શંકા નથી (ત્યારે અમારા પર કૃપા દૃષ્ટિ રાખજે); બેશક અલ્લાહ વચનભંગ કરતો નથી.)

જંગે ઓહદમાં ઝુલ્ફિકાર રસૂલે ખુદા(સ.)ના રક્ષણ માટે ઊતારવામાં આવી. રસૂલ(સ.) અલ્લાહના દીનને દુનિયામાં ફેલાવવા માટે આવ્યા હતા. તો રસૂલ(સ.)નું રક્ષણ અલ્લાહના દીનનું રક્ષણ છે. માટે રસૂલ(સ.)ની મદદને અલ્લાહે પોતાની મદદ ગણી કે જેણે રસૂલ(સ.)ની મદદ કરી તેણે અલ્લાહની મદદ કરી.

ઝુલ્ફિકાર જ બતાવશે કે અલ્લાહના મદદગાર કોણ છે. ઝુલ્ફિકાર હઝરત અલી(અ.)ના હાથમાં રહી. તેમના પછી હઝરત હસન(અ.)ના હાથમાં રહી. તેમના પછી હઝરત ઈમામ હુસૈન(અ.)ના હાથમાં રહી. તો જાણવું હોય કે રસૂલ(સ.)ના મદદગાર કોણ છે ? તો જેના હાથમાં ઝુલ્ફિકાર દેખાય તે રસૂલ(સ.)ના મદદગાર અને જ્યાં સુધી અલ્લાહનું કામ પૂરું નહીં થાય ત્યાં સુધી ઝુલ્ફિકાર દુનિયામાં જ રહેશે. ઝુલ્ફિકાર છે તે બાબત જ બતાવે છે કે હજુ સખત લડાઈ બાકી છે.

ઝુલ્ફિકારે એ પણ બતાવી આપ્યું કે જેના જેના હાથમાં ઝુલ્ફિકાર છે તે અલી જેવા જ છે અને હઝરત મોહંમદ(સ.)ની હદીસ પણ છે કે **અવ્વલોના મોહંમદ, ઔસતોના મોહંમદ, આખેરોના મોહંમદ વ કુલ્લોના મોહંમદ** એટલે કે પહેલા પણ મોહંમદ, વચલા પણ મોહંમદ અને છેવટના પણ મોહંમદ એટલે કે બધા મોહંમદ(સ.) જેવા જ છે. તેમના સ્વભાવમાં, વિચારમાં, શક્તિમાં. બધા એક જેવા જ છે.

આપણે કદાચ એવી મુંઝવણમાં મૂકાઈ જઈએ કે રસૂલ(સ.)ના વારસદાર કોણ હશે ? તો ઝુલ્ફિકાર આપણને કહેશે કે જેના હાથમાં હું હોઉં તે નિઃશંકપણે રસૂલ(સ.)ના વારસદાર છે.

આ તલવાર ત્રીજા ઈમામ હુસૈન(અ.)ની પાસે રહી. તેમાં લડાઈનું સખત બળ હતું. પરંતુ કરબલામાં આપણે જોઈએ છીએ કે જંગ કરતાં કરતાં ઈમામ હુસૈન(અ.)એ અસરના સમયે તલવારને મ્યાન કરી લીધી. તેનો અર્થ એ થયો કે ઈમામ હુસૈન(અ.) પણ હઝરત અલી(અ.)ની માફક અલ્લાહની મરજીના માલિક હતા. અલ્લાહની શી મસ્લેહત છે કે શી મરજી છે તે ઈમામ હુસૈન(અ.) જાણતા હતા. તો જ્યારે અલ્લાહની મરજી હતી તો ઝુલ્ફિકાર ચલાવી અને જ્યારે અલ્લાહની મસ્લેહત હતી તો ઝુલ્ફિકારને રોકી લીધી.

કરબલાના મેદાનમાં જ્યારે દુશ્મનોએ આપને ઘેરી લીધા હતા ત્યારે રાત્રે આપે પોતાના સાથીઓને કહ્યું કે આ લોકોની દુશ્મની ફક્ત મારાથી છે. મેં બયઅત ઊઠાવી લીધી. જેણે જવું હોય તે આ અંધારાનો લાભ લઈને જઈ શકે છે. એમ કહીને દીવો હોલવી નાખ્યો. એટલે આપના લશ્કરમાંથી કેટલાક જતા રહ્યા. ફક્ત આપના એહલેબયત અને મિત્રો જ રહી ગયા. પછી આશુરાના દિવસે જ્યારે આપના સાથીઓ અને મિત્રો હઝરત કાસિમ, હઝરત અલી અકબર, હઝરત અબ્બાસ જેવા

સાથીઓ અને મિત્રો શહીદ થઈ ગયા. હઝરત અબ્બાસે તો જંગ કરવાની ઈજાઝત પણ માગી હતી પરંતુ તેમને બચ્ચાઓ માટે પાણીના બંદોબસ્ત માટે મોકલ્યા એટલે આપ બિલકુલ એકલા રહી ગયા ત્યારે આપે નાઅરો લગાવ્યો,

**હલ મિન નાસિરે યન્સુરના.**

છે કોઈ મારો મદદનો કરનાર ? ઈમામના આ શબ્દો પર પણ નવાઈ લાગે છે. આપણને એમ થાય છે કે જો આપને મદદની જરૂર જ હતી તો શરૂઆતમાં દીવો હોલવીને કેમ લશ્કરને જવા દીધું? તે વખતે જ કીધું હોત કે મારે તમારી મદદની જરૂર છે તો કોઈ પણ આપને છોડીને જતું નહીં.

આપનો આ અવાજ સાંભળીને ફરિશ્તાઓ પણ આવે છે, જિન્નાતો પણ આવે છે. ટૂંકમાં બધા જ આપની મદદ માટે તૈયાર થઈ જાય છે તેમ છતાં ઈમામ હુસૈન(અ.) કોઈની મદદને સ્વીકારતા નથી તો પછી ઈમામ હુસૈન(અ.) આ શબ્દો દ્વારા શું કહેવા માગતા હતા ?

ઈમામ હુસૈન(અ.) મૌલાએ કાઈનાત હતા. એટલે એમનો અવાજ ફક્ત કરબલા પૂરતો મર્યાદિત ન હતો. તેમજ તેમના સમય પૂરતો મર્યાદિત ન હતો. આ અવાજ દરેક જમાનામાં દરેક જગ્યાએ પહોંચ્યો. ઈમામ હુસૈન(અ.)નો કહેવાનો અર્થ એ હતો કે મેં જ કરબલામાં કુરબાની આપીને અલ્લાહના દીનને બચાવ્યો છે તેને સાચવી રાખવામાં છે કોઈ મારો મદદગાર ?

તો ભારતમાંથી પીરોએ અલ્લાહના દીનની તબ્લીગ કરી. ઈમામ હુસૈન(અ.)ની મદદ કરી. ઈમામ હુસૈન(અ.)ની મદદ ત્યારે જ શક્ય છે કે જ્યારે તે મદદને પોતે કબૂલ કરે. પીરોએ દીનની તબ્લીગ કરી અને સાબિત થયું કે પીરોની મદદનો ઈમામ હુસૈન(અ.)એ સ્વીકાર કર્યો. તો પીરો ઈમામ હુસૈન(અ.)ના મદદગાર. ઈમામ રસૂલ(સ.)ના મદદગાર અને રસૂલ(સ.) અલ્લાહના મદદગાર થયા એટલે પીર અલ્લાહના મદદગાર થયા.

તો જો કોઈ મુરીદ પીરના દીનના કાર્યમાં તેમની સહાય કરશે, તેની મદદ પીરને પહોંચશે અને એવી રીતે તે મદદ ઈમામ અને રસૂલ(સ.) સુધી પહોંચશે તો તે મદદ અલ્લાહની મદદ થઈ જશે. અને અલ્લાહ તેમને સાબિતકદમ રાખશે અને મદદ કરશે. ✻


## જાફરી ટ્રાવેલ્સ કન્સલ્ટન્ટ

**હોટલ અને કન્સ્ટ્રકશનનો ધંધો કરતા લોકો માટે અભ્યાસ અર્થે ચાઈના ટૂર**

❖ તા. ૧૫-૦૭-૨૦૧૦ થી તા. ૨૨-૦૭-૨૦૧૦ સુધી ટૂરનું આયોજન (૮ દિવસની ટૂર)
❖ ફર્નીચર, સિરામિક, લાઈટીંગ, હોટલ ઈક્વીપમેન્ટ અંગે ટૂરમાં જાણકારી ઉપલબ્ધ
❖ ફર્નીચર સીટી SHUNDE, સિરામીક સીટી FOSHAN, લાઈટીંગ સીટી GUJEN, હોટલ હોલસેલ માર્કેટ GUANGZHOV, ની મુલાકાત
❖ રજીસ્ટ્રેશન માટે છેલ્લી તારીખ ૦૧-૦૭-૨૦૧૦

● વધુ જાણકારી માટે મળો ●

**જનાબ સૈયદ સજ્જાદહૈદર જાફરી**

Mo. 9898664336 sajjadhaiderjafri@gmail.com

# ગ ડ મ થ લ ૨૧૪

**:::: સંપાદક::::**

**મો.કાસમભાઈ ઈબ્રાહીમભાઈ**

**વિજાપુરા (મહેરપુરા)**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ■ | ૫ | | |
| | ■ | | ■ | | ■ | | ■ | | ■ | ■ |
| ■ | ■ | | ■ | ૬ | | | ■ | ૭ | | ૮ |
| ૯ | ■ | | ■ | | ■ | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ■ |
| ■ | | ■ | ■ | ■ | ■ | | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ■ | ૧૮ | | | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ■ | | ■ | ■ | ■ | ■ | | ■ |
| ૧૯ | | | ■ | ૨૦ | | | ■ | ૨૧ | | |

### :::: આડી ચાવીઓ ::::

(૧) પ્રયત્ન, પ્રયાસ (૩)
(૩) સભ્યતા, શિષ્ટાચાર, સાહિત્ય (૩)
(૪) નવું, નૂતન (૩)
(૬) કુરઆનના એક સૂરાનું નામ જેનો અર્થ ધુમાડો થાય છે. (૩)
(૭) નજીક, પાસે, સમીપ (૩)
(૧૦) તાજું દોહેલું દૂધ (અરબી) (૩)
(૧૧) અરબસ્તાનનો એક વિસ્તાર, વહાબીઓનું ઉદ્‌ગમ સ્થાન (૩)
(૧૨) યોગ્ય, ઉચિત, મુનાસિબ (૨)
(૧૪) સમ, સોગંદ (૩)
(૧૬) માટી, ધૂળ, જમીન (૨)
(૧૮) નૌકા, કશ્તિ (૩)
(૧૯) સહનશીલ, ખીચડો, એક ખાણું (૩)
(૨૦) ફરિશ્તો (૩)
(૨૧) પરવાનો, પ્રમાણપત્ર, કારણ (૩)

### :::: ઊભી ચાવીઓ ::::

(૧) એક રોગનું નામ કુષ્ઠરોગ (૨)
(૨) ચક્રવર્તી રાજા, બાદશાહ, રાજા, સમ્રાટ (૫)
(૩) અલ્લાહનો સિંહ, મૌલા અલીનો ઈલ્કાબ (૫)
(૪) દુર્ભાગ્યશાળી, કમનસીબ (૫)
(૫) ઈરાનના કુમ શહેર પાસે આવેલ એક પ્રખ્યાત મસ્જિદ (૫)
(૮) નગર, શહેર, દસમા ઈમામના પુત્ર સૈયદ મોહંમદનો રોઝો તે સ્થળે આવેલ છે. (૩)
(૯) બદલો, વળતર (૨)
(૧૩) વૈભવ, દબદબો, શાનો શૌકત (૫)
(૧૫) નબી(સ.)ની નગરી (૩)
(૧૭) કદર કરનાર (૫)
(૧૮) ઈસ્લામી નમસ્કાર (૩)

## ગડમથલ નં.૨૧૨નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ ક | ■ | ૨ યા | ■ | ૩ સ | ૪ ફ | ર | ■ | ૫ હ |
| ૬ શ | ર | ફ | ■ | ૭ બ | ■ | ર્દ | ■ | ૮ બ | લા |
| ■ | મ | ■ | ૯ સ | ક | ર | ■ | ૧૦ લ | ■ | લ |
| ૧૧ ખૂં | ■ | ૧૨ મ | ■ | ર | ■ | ૧૩ મ | હ | લ | ■ |
| ■ | ૧૪ ક | દી | મ | ■ | ૧૫ યા | ■ | દ | ■ | ૧૬ મ |
| ૧૭ બે | ■ | ના | ■ | ૧૮ ન | સી | મ | ■ | ૧૯ અ | ક્સ |
| ■ | ૨૦ બા | ■ | ૨૧ બા | ■ | ન | ■ | ૨૨ બા | ■ | દ |
| ૨૩ અ | દ | લ | ■ | ૨૪ સા | ■ | ૨૫ શા | કિ | ર | ■ |
| ■ | લ | ■ | ૨૬ કા | દિ | ર | ■ | ર | ■ | ૨૭ જા |
| ૨૮ મૈ | ■ | ૨૯ દીં | ■ | ક | ■ | ૩૦ જૂ | ■ | ૩૧ શા | મ |

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૫ના જવાબો**

(૧) હઝરત જીબ્રઈલ(અ.) દ્વારા (૨) હઝરત ખદીજતુલ કુબરા સમક્ષ (૩) ઐન( ع ) (૪) તેવીસ (૫) અબુ લહબ (૬) નસારા (૭) નફસે મુત્મઈન્ના

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૬**

*અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.*

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

*અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)*

ગઈ કાલે હઝરત ઈમામ હુસૈન(અ.)ના ખુત્બાને આપણે અહીં સુધી વાંચી ગયા હતા કે અલ્લાહનો શુકર છે કે અલ્લાહે મને **જો કુછ તેરે રસૂલ લાયે થે વો સબ તૂને મુઝે સમજાયા.** અહીં સુધી મેં અનુવાદ કર્યો હતો કે જે કંઈ રસૂલિલ્લાહ લઈ આવ્યા હતા એ બધી વસ્તુઓ અલ્લાહે મને સમજાવી દીધી. પરંતુ અરબીમાં શબ્દ રસૂલ નથી એકવચન નથી, **રોસૂલ** છે એટલે કે બહુવચન છે એટલે બધા રસૂલોની વાતો અલ્લાહે મને સમજાવી. જો કે આ અનુવાદમાં ફેર થઈ ગયો છે તેનાથી અર્થમાં કોઈ ફેર થતો નથી કારણ કે બધા રસૂલોની વાત અને રસૂલિલ્લાહની વાત એકની એક જ વાત છે.

**હુસ્ને યૂસુફ, દમે ઈસા, યદે બયઝાદારી,**
**આંચે ખૂબાં હમાદારદ તૂ તન્હાદારી.**

હઝરત યૂસુફ(અ.)નું હુસ્ન પણ રસૂલિલ્લાહમાં છે, હઝરત ઈસા(અ.)નો શ્વાસ કે જેના વડે તે મડદાઓને જીવિત કરતા હતા તે શ્વાસ પણ રસૂલિલ્લાહમાં છે. **યદે બયઝાં** હઝરત મૂસા(અ.)નો મોઅજિઝો કે હાથને પોતાના પહેલૂમાં નાખીને પાછો ખેંચતા હતા ત્યારે ચળકતો થઈ જતો હતો જેના વડે સામેવાળો દુશ્મન સ્તબ્ધ થઈ જતો હતો એ **યદે બયઝાં** પણ રસૂલિલ્લાહ પાસે જ હતો. **આંચે ખૂબાં હમાદારદ તૂ તન્હાદારી.** જે બધા નબીઓ અને રસૂલો પાસે જે પણ મોઅજિઝા હતા, જે પણ ખૂબીઓ હતી, એકલા રસૂલિલ્લાહ પાસે એ બધી ખૂબીઓ હતી.

આગળ હઝરત ઈમામ હુસૈન(અ.) શુકરનો સિલસિલો જારી રાખતાં ફરમાવે છે,

**અપની રઝાઓં કા કબૂલ કરના મેરે લીયે આસાન કર દીયા.**

યા અલ્લાહ ! તારો શુકર છે કે તારી મરજી સ્વીકારવી તે મારા માટે તેં સહેલી કરી નાખી. **ઔર ઉન તમામ મરાહિલમેં અપની મદદ ઔર અપને લુત્ફોકરમ સે મુઝ પર એહસાન કીયા.** અને અલ્લાહના આજ્ઞાપાલનના બધા તબક્કાઓમાં અલ્લાહે પોતે મદદ પહોંચાડી.

**ફિર જબ તૂને મુઝે બહેતરીન મિટ્ટી સે પયદા કીયા તો મેરે હકમેં કીસી એક નેઅમત પર ઈક્તિફા ન કી.** સૌથી પહેલાં તો જન્મ જ એક મોટો એહસાન છે. તે પછી એ જે એહસાન છે તે એહસાન ઉપર ઈક્તિફા ન કરી લીધી. અલ્લાહે સંતોષ ન કર્યો, વધુને વધુ એહસાન કરતો જ ગયો. **બલ્કે મુઝે હર તરહકી રોઝી ઔર હર રંગ કે લિબાસસે નવાઝા.** દરેક પ્રકારની રોજી મને આપી. એ પણ અલ્લાહનો અહેસાન. **હર રંગ કે લિબાસ** દરેક પ્રકારના પહેરવેશથી મને નવાજ્યો. એ પણ અલ્લાહને અહેસાન. **(ઔર યે સબ કુછ) મેરે ઉપર તેરે કદીમ ઔર અઝીમ એહસાન કી બિના પર હૈ.** આ અલ્લાહનો અહેસાન છે કે આ બધી વસ્તુઓ મને મળી.

**યહાં તક કે જબ તૂને અપની સારી નેઅમતેં મેરે ઉપર તમામ કર દી ઔર હર તરહ કી ઉકૂબત કો મુઝસે દૂર કર દીયા.** એટલે સુધી કે અલ્લાહે બધી નેઅમતો મારા ઉપર પૂરી કરી દીધી અને દરેક પ્રકારની મુશ્કેલીઓથી મને બચાવી લીધો.

**તબ ભી મેરી નાદાની નાદાનિયાં ઔર**

**જસારતોંને તુઝે નહીં રોકા કે તૂ મેરી ઉન ચીઝોં કી તરફ રાહનુમાઈ ન કરે.** ત્યારે પણ હું નાદાની કરતો ગયો અને ગુનાહ કરતો ગયો. તેમ છતાં ય તેં તારો અહેસાન કરવાનું ચાલું રાખ્યું અને મારી હિદાયત કરતો ગયો.

**જો મુઝે તુઝસે કરીબ કરનેવાલી હૈ ઔર ઐસે કામોંકી તૌફીક અતા કરે જો મુઝે તુઝસે નઝદીક કરતે હૈ.** એટલે કે એવી હિદાયત કરી કે જે અલ્લાહની કુરબતની તૌફીક આપે.

**પસ મૈં જબ ભી તુઝે પુકારતા હું તૂ જવાબ દેતા હૈ.** યા અલ્લાહ ! તારો શુકર છે કે જ્યારે પણ હું તને પોકારું છું તું જવાબ આપે છે **ઔર જબ ભી કુછ માંગતા હું અતા કરતા હૈ.** જ્યારે પણ માગું છું, ત્યારે તું આપે છે.

આ અનુભવની વાત છે અને સત્ય છે. કોઈએ અનુભવ ના કર્યો હોય તો સત્યનું અસ્તિત્વ ખતમ થઈ જતું નથી. દોષ અનુભવનો છે અને અનુભવ ના કર્યો હોય તો અનુભવ કરી જુઓ. આ વાત સત્ય છે કે માગવાવાળાને અલ્લાહ આપે છે.

**જબ તેરી ઈતાઅત કરતા હૂં તો તૂ મુઝે સરાહતા હૈ.** જ્યારે હું તારું આજ્ઞાપાલન કરું છું તો તું મને સરાહે છે, શાબાશી આપે છે. **ઔર જબ ભી મૈં તેરા શુકર અદા કરતા હૂં તો તૂ નેઅમત મેં ઈઝાફા કરતા હૈ.** જ્યારે પણ હું તારો શુકર અદા કરું છું તો તું નેઅમતોમાં વધારો કરી નાખે છે.

**યે તમામ ચીઝેં મેરે ઉપર તેરી નેઅમતોં કે અકમાલ ઔર તેરે લુત્ફો એહસાન કા નતીઝા હૈ.** આ તારો અહેસાન છે કે આ બધી વસ્તુઓ તેં મને આપી.

**પસ તૂ પાકો પાકીઝા હૈ.** યા અલ્લાહ ! તું પાક છે. **આશ્કારા પૈદા કરનેવાલા** બિલકુલ દેખીતી રીતે સર્જન કરનારો. **ઔર વાપિસ બુલાનેવાલા.** અને પાછો પોતાની તરફ બોલાવી લેવાવાળો છે. **લાયકે હમ્દ** પ્રશંસાને પાત્ર છે. **ઔર બુઝુર્ગો બરતર હૈ.** તું મહાન છે. **તેરે સબ નામ મુકદ્દસ.** તારાં બધાં નામ પવિત્ર છે. **ઔર તેરી તમામ નેઅમતેં અઝીમ હૈ.** તારી બધી બક્ષિસો મહાન છે.

**પસ અય મેરે ખુદા ! તેરી કિન કિન નેઅમતોંકા શુમાર કરું ?** યા અલ્લાહ ! હું તારી કઈ કઈ નેઅમતોને ગણાવું યા બયાન કરું ? **યા તેરી કિન કિન અતાઓ ઔર બક્ષિસોંકા શુકર અદા કરું ?** કઈ કઈ બક્ષિસોનો હું શુકર અદા કરતો રહું?

**અય પાલનેવાલે ! તેરી નેઅમતેં ઔર અતાએં તો ઉસસે કહી ઝિયાદા હૈ કે શુમાર કરનેવાલે ઉન્હે શુમાર કરે.** યા અલ્લાહ! તારી નેઅમતો તો તેનાથી ઘણી વધારે છે કે જે ગણી શકનારા લોકો તેને ગણી નાખે. **યા યાદ રખનેવાલેં ઉન્હેં અપને હાફઝેમેં યાદ રખ સકે.** અથવા તો યાદ રાખી શકનારા લોકો પોતાની યાદદાસ્તમાં, યાદશક્તિમાં તેને સમાવી લે.

**ઉસકે અલાવા તૂને મુઝસે જો અનદેખે નુકસાનાત દૂર કીયે હૈ વો ઉસ આફિયતો મસર્રતસે કહીં ઝિયાદા હૈ જો નુમાયા તૌર પર તૂને મુઝે અતા કી હૈ.** એટલે કે આ જે દીખીતી મારી આફિયત છે, સલામતી છે અને ખુશાલી છે તેના કરતાં વધારે તો એ બધા નુકસાનો અને મુસીબતો છે કે જે હું જાણતો ય નથી અને તેં મારા માથેથી ટાળી દીધી છે.

**અય ખુદા ! મૈં ગવાહી દેતા હૂં અપને ઈમાનકી હકીકત કે સાથ.** હવે ઈમામ હુસૈન(અ.) પોતાના સમગ્ર અસ્તિત્વ વડે શહાદત આપે છે. કઈ શહાદત આપે છે ? આ શહાદત કે શુકર અદા થઈ શકતો જ નથી અલ્લાહનો, ગમે જેટલી પણ કોશિશ કરીએ. **અય ખુદા ! મૈં ગવાહી દેતા હૂં અપને ઈમાનકી હકીકત કે સાથ.** હું ગવાહી આપું છું મારા ઈમાનની હકીકતની સાથે. મારા ઈમાન વડે હું ગવાહી આપું છું. **અપને અઝમો યકીનકી મજબૂતી કે સાથ.** યકીનની મજૂબતાઈની સાથે હું ગવાહી આપું છું. **અપને ખાલિસ વ આશ્કાર**

**જઝબએ વહેદાનિયત કે સાથ.** મારી અંદર તૌહીદનો જે અકીદો છે તેના વડે હું ગવાહી આપું છું. **અને ઝમીરકી પોશીદા ગહેરાઈઓંસે.** મારા અંતરઆત્માના ઊંડાણમાંથી ગવાહી આપું છું. **મેરી આંખ તક રોશની પહુંચાનેવાલે રાસ્તોંકે સકૂતોં કે સાથ.** મારી દૃષ્ટિ વડે હું ગવાહી આપું છું. **અપની પેશાની કી લકીરો કે અસરારો રમૂઝ કે સાથ.** મારા કપાળ ઉપર મારા નસીબની જે લકીરો છે તેના વડે હું ગવાહી આપું છું. **અપની સાંસ કે રાસ્તોં કે મર્કઝોંકે સાથ.** મારા શ્વાસની સાથે હું ગવાહી આપું છું. **અપની નાક કે નાઝુક પર્દો કે સાથ.** મારી દરેક ઈન્દ્રિય કે જેમાં નાકનો પણ સમાવેશ થાય છે તેની પણ હું ગવાહી આપું છું.

**અપને કાનકી આવાઝ કે ઝેરોબમ પહેચાનનેવાલી રાહોંકે સાથ.** કાન વડે પણ હું ગવાહી આપું છું. **ઔર ઉસ ચીઝ કે સાથ જો મેરે હોટોંકો બંદ કરતી હૈ ઔર મેરી ઝબાનકે લફ્ઝ પયદા કરનેવાલે હરકાત કે સાથ.** મારી વાણી વડે પણ હું ગવાહી આપું છું. **મેરે દહન ઔર જબડોં કે ગરદનમેં મહલ ઈત્તિસાલકે સાથ, દાંતોં કે ઉગને કી જગહોં કે સાથ, ચખને ઔર ખાને-પીનેવાલી જગહોંકે સાથ. મગ્ઝેસરકી હડ્ડી કે સાથ.** મારા મસ્તિષ્કથી પણ હું ગવાહી આપું છું. **અપની ગરદનકે અઅ્સાબકી શહ રગોં કે સાથ.** મારી ધોરી નસ વડે પણ હું ગવાહી આપું છું. **ઈન તમામ ચીઝોંકે સાથ જો મેરે સીનેકે અંદર મૌજુદ હૈ.** મારી છાતીમાં સમાયેલી બધી વસ્તુઓ વડે હું ગવાહી આપું છું.

**અપને કલ્બકી રગોં પર ઔર પર્દો કે સાથ.** મારા દિલની બધી નસો વડે હું ગવાહી આપું છું. **અપને જીગર કે એતરાફ કે ઉન ટુકડોં કે સાથ જીનકે સાથ જીગર મુત્તસલ હૈ.** જીગર વડે પણ હું ગવાહી આપું છું. **પહેલૂ કી હડ્ડીયાં ઔર પસલીયોંકે સાથ ઔર જોડોં કે બંદ કે સાથ, અપને બદન કે અઝલાત કે જોડોં કે સાથ. અપની ઉંગલીયાંકી પારોંકે સાથ. ગોશ્ત, ખૂન, બાલ, ખાલ, અઅ્સાબ હડ્ડીયાં ઔર અપને પૂરે આ'ઝા ઔર જવારેહ કે સાથ ઔર ઝમાનએ શીરખ્વારગીમેં અપની નશૂ વ નુમાકે સાથ.** બાળપણમાં જે મારો ઉછેર કર્યો તે ઉછેર વડે હું પણ ગવાહી આપું છું. **ઝમીન પર અપને પૂરે વજૂદ કે સાથ.** મારા આખાને આખા અસ્તિત્વ સાથે હું ગવાહી આપું છું.

**અપની નીંદ, અપની બેદારી.** મારી નિંદ્રા, મારી જાગૃત અવસ્થા. **અપને સુકૂનો આરામ.** મારા આરામ વડે. **અપને રૂકૂઅ વ સુજૂદ કી હરકતોંકે સાથ.** મારી ઈબાદતો રૂકૂઅ અને સજદાઓ વડે હું ગવાહી આપું છું. **તેરી નેઅમતોંમે સે કીસી એક નેઅમતકા શુકર અદા કરનેકી કોશિશ ઔર જદો જહદ ઝમાનેકી વુસ્અતોં ઔર સદીઓં તક કરતા રહૂં.** હું જમાનાઓ સુધી, સદીઓ સુધી આ બધી વસ્તુઓ વડે તારો શુકર અદા કરતો રહું. જો તું મને **બશર્તે મુઝે ઈતની ઉમર દી જાય.** જો તું મને આટલી બધી ઉંમર આપે કે સદીઓ જીવું અને આવી આટલી બધી હું ગવાહીઓ આપું.

**તબ ભી કીસી એક નેઅમતકા શુકર અદા નહીં હો સકતા.** તોય તારી એક નેઅમતનો શુકર અદા નહીં કરી શકું. **મગર યે કે તેરી તૌફીક શામીલે હાલ હો.** તું મને કામયાબી આપે તારો શુકર અદા કરવામાં તો જ તે શક્ય છે.

**જો હમેશાં નયે ફિક્ર ઔર નઈ હમ્દોસના ઔર પાયદાર તારીફ કી મૂજિબ હો.** તારી તૌફીક હંમેશાં નવા હમ્દની મૂજિબ છે. નવા હમ્દને લાયક બની જાય છે. જે હમ્દ કરતા હોઈએ છીએ તે પણ અલ્લાહની તૌફીક અને અલ્લાહે તૌફીક આપી છે તો તેના ઉપર નવો હમ્દ વાજિબ થઈ જાય છે. તો ક્યારે શુકર કરવાનો હક પૂરો થાય ?

**હાં, અગર મૈં યા તેરી મખ્લૂકમેં કોઈ શુમાર કરનેવાલા તેરી ગુઝિશ્તાઓ આઈન્દા નેઅમતોંકા**

**શુમાર કરના ચાહે તો ન ઉનકી તાદાદ શુમાર કર સકતા હૈ ઔર ન વુસ્અતોંકા અંદાઝા લગા સકતા હૈ.** કોઈ પણ ન સંખ્યા ગણી શકે છે કે ન વિસ્તાર ગણી શકે છે તારી નેઅમતોંનો. **યે કૈસે મુમ્કીન હૈ જબ કે તૂને અપની કિતાબે નાતિક (કુરઆને મજીદ) ઔર સચ્ચી આયતમેં ફરમાયા હૈ,** આ કઈ રીતે શક્ય છે કે કોઈ તારો શુકર અદા કરી નાખે જ્યારે કે તે કુરઆન શરીફમાં અને તારી સાચી આયતમાં ફરમાવ્યું છે :

**વ ઈન્ તઉદૂ નેઅમતલ્લાહે લાતુહ્સ્વૂહા.**

(સૂરએ ઈબ્રાહીમ, આયત-૩૫) અને તેનો તરજુમો છે. **અગર તુમ લોગ અલ્લાહકી નેઅમતોંકા શુમાર કરના ચાહોં તો તુમ્હારે ઈમ્કાન મૈં નહીં હૈ** જો તમે અલ્લાહની નેઅમતો ગણવા માગો તો એ તમારા માટે શક્ય જ નથી.

હઝરત ઈમામ હુસૈન(અ.) આગળ ફરમાવે છે **પાલનેવાલે ! તેરી કિતાબ સચ્ચી હૈ.**

હું ગવાહી આપું છું કે તારી કિતાબ કુરઆન શરીફ સાચી કિતાબ છે. **ઔર તેરા પયામ હક હૈ** અને તારો પૈગામ રસૂલિલ્લાહની રિસાલત સાચી છે. **તૂને અપને પયગમ્બરોં પર જો વહી વ શરીઅત નાઝિલ કી ઔર ઉનકે ઝરીયે જો પૈગામ લોગો તક પહુંચાયા ઉસકો ઉન્હોંને પહુંચા દીયા.** હું ગવાહી આપું છું કે બધા નબીઓએ, બધા રસૂલોએ જે પણ વહી તેં નાઝિલ કરી તેનો હક અદા કરી દીધો અને તેને લોકો સુધી પહોંચાડી દીધી છે. **ઉસકે અલાવા મૈં અપની તમામતર સઈઓ કોશિશ ઔર ઈમાનો યકીન કે સાથ ગવાહી દેતા હૂં.** અને હું શક્ય હોય એટલી કોશિશ કરીને અને ઈમાનની સાથે અને યકીનની સાથે ગવાહી આપું છું. **ઔર કહેતા હૂં.** અને કહું છું. કુરઆન શરીફની એક વધુ આયતની તિલાવત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે :

**અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી લમ્ યત્તખેઝ સાહેબતન વલા વલદા.** (સૂરએ ઈસરાઅ, આયત-૧૧) તેનો તરજુમો છે કે **તમામ તારીફેં ઉસ ખુદાએ વહદહુ લાશરિક કે લીયે હૈ** બધી પ્રશંસા અલ્લાહ માટે જ છે. **જીસકી ન કોઈ શરીકે હયાત, ન બેટા કે વો ખુદા કા વારિસ બન સકે.** એ અલ્લાહ માટે બધી તારીફ છે કે જેનો કોઈ સાથી નથી કે ન તો તેનો કોઈ દીકરો છે. કુરઆન શરીફની એ આયત સૂરએ ઈસરાઅ, આયત-૧૧.

**ઔર ઉસકી હુકૂમતો સલ્તનતમેં ભી ઉસકા કોઈ શરીક નહીં હૈ જો ખુદા કી તખ્લીકમેં ઉસકા કોઈ મુકાબલા કર સકે.** અલ્લાહની હુકૂમત, અલ્લાહની સલ્તનતમાં પણ કોઈ અલ્લાહ જેવો છે જ નહીં કે અલ્લાહનો મુકાબલો કરવા માટે ઊભો થઈ જાય.

**ઔર મખ્લૂકમેં ઉસકા કોઈ દોસ્ત નહીં જો ઉસકી સન્અતો ખિલ્કતમેં ઉસકા હાથ બટાએ.** કોઈ પણ અલ્લાહનો સાથી એવો નથી કે જે અલ્લાહ જે પણ ખિલ્કત કરે, જે પણ સર્જન કરે તેમાં અલ્લાહની મદદ કરી શકે.

**પાકોપાકીઝા હૈ વો ઝાત.** અલ્લાહની જાત પાક અને પાકીઝા છે. કુરઆન શરીફની એક વધુ આયતની તિલાવત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે:

**લૌકાન ફહેમા આલેહતુન ઈલ્લલ્લાહો લફસદતા'** (સૂરએ અંબિયા, આયત-૨૨) **અગર ઝમીનો આસમાનમેં કંઈ ખુદા હોતે તો વો તબાહો બરબાદ ઔર પાશ પાશ હો જાતે.** જો એક કરતાં વધારે ખુદાઓ અસ્તિત્વમાં હોત, અલ્લાહ સિવાય તો એ આપસમાં ઝઘડો કરીને નાશ જ પામત અને છેવટે તો એ જ અલ્લાહ બચત છેલ્લે. આ કુરઆન શરીફની આયત છે સૂરએ અંબીયા, આયત-૨૨. હવે ઈન્શાઅલ્લાહ કાલે આગળ.

**અલ્લાહથી આપણે એટલી દુઆ માગીએ કે કલ્મએ શહાદત પઢવાનો જેવો હક છે તેવો હક અલ્લાહ આપણને શીખવે.**

*(ઈલોલ તલાવ, તા.૨૧-૧૦-૨૦૦૯, બુધવાર)*

# મન કુન્તો મૌલા

:::::: લેખન :::::
જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

**'મન કુન્તો મૌલાહો ફ હાઝા અલીયુન મૌલા'** જેવા મહાન વિષય ઉપર કંઈક લખવા માટે હું મારી જાતને ખૂબ જ વામણી સમજું છું. પરંતુ આ લેખ દ્વારા ઉપરોક્ત હદીસે રસૂલ(સ.) વિષેની કેટલીક ખોટી સંકલ્પનાઓને સ્પષ્ટ કરવી ખૂબ જરૂરી સમજું છું. અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા આને ન્યાય આપવા માટે મને પૂરતી તાકાત અને જ્ઞાન આપે.

મુસ્લિમ જગતમાં **'મન કુન્તો મૌલા...'**ના સાચા અર્થની બાબતમાં ઘણા બધા મતભેદો છે. આપણામાંના કેટલાક એવા છે કે જે એવો દાવો કરે છે કે **'મૌલા'** શબ્દ **'મિત્ર'** માટે વપરાયો છે. જ્યારે એવા તો ઘણા બધા છે કે જે એવું કહે છે કે **મૌલા** એટલે **સ્વામી-માલિક**. હવે હું નથી માનતો કે કોઈ મુસલમાન આમાં ઈરાદાપૂર્વક ગોટાળો ઉત્પન્ન થાય એવું કરવાનું ઈચ્છતો હોય. કેમકે રસૂલ(સ.)એ આપણને જે કંઈ કરવાનું કહ્યું છે તેને સમજવાની અને અનુસરવાની આપણે બધા ઈચ્છા ધરાવતા હોઈએ છીએ. આ આખી ય ગેરસમજ એટલા માટે બનવા પામી છે કારણ કે અરબી એક જટિલ ભાષા છે અને **મૌલા** શબ્દના અરબીમાં અનેકવિધ અર્થ થાય છે, જેમાંનો એક અર્થ **'મિત્ર'** થાય છે અને બીજો અર્થ **'માલિક'** થાય છે.

પરંતુ આ બાબતની ચોખવટનો હું પ્રારંભ કરું એ પહેલાં મને એક રસપ્રદ ઉદાહરણ ટાંકવા દો. વેપારી હોવાને નાતે મને નેતાગીરી અંગેની વાતો દ્વારા ઘણી પ્રેરણા મળી છે અને હું એક રસપ્રદ પુસ્તક સ્ટ્રેઈટ ફ્રૉમ ધ ગટ (Straight from the Gut) વાંચું છું કે જે પુસ્તક આત્મકથા છે જૅક વેલ્ચ (Jack Welch) નામના વેપાર જગતના એક ખૂબ જ પ્રશંસા પામેલ CEOની કે જેમણે G.E Company બનાવી હતી. તેઓ પોતાના પુસ્તકમાં લખે છે કે પોતાના ઉત્તરાધિકારી નક્કી કરતી વખતે તેમણે પોતાના હાથ નીચે કામ કરનારા ઘણા અધિકારીઓનું અવલોકન કર્યું અને પોતાના મગજમાં એ નામોની યાદીને ટૂંકી કરતા જ ગયા અને છેવટે ઈ.સ. ૨૦૦૦ની સાલમાં તેમણે જૅફરી ઈમેલ્ટ (Jeffery Immelt)ને કંપનીની નેતાગીરીનાં સૂત્રો સોપંવાનું નક્કી કર્યું. જોકે તેમણે ખૂબ અગાઉથી જ તે માણસને નક્કી કરી નાખ્યો હતો તેમ છતાં તેઓ પોતાના ઉત્તરાધિકારી અને G.E Companyના ભાવિ નેતાના નામની જાહેરાત કરવા માટે **સાનુકૂળ સમય**ની રાહ જોઈ રહ્યા હતા. કંપનીના **ઉત્તરાધિકારીની જાહેરાત માટે યોજેલ કાર્યક્રમ**માં બધા જ મોટા મોટા સટ્ટાખોરો, બિઝનેસ સાથે સંકળાયેલી વ્યક્તિઓ અને ઉચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત હતા. હવે સમારંભની સમાપ્તિ પછી જો મેં તેમને એવું પૂછ્યું હોત કે આવડા મોટા મેળાવડાની ઉપસ્થિતિમાં તમે જૅફરી ઈમેન્ટના નામની જાહેરાત કરી તેના દ્વારા તમે બધા લોકોને શું એવો સંદેશ આપવા માગતા હતા કે તે કંપનીનો શુભેચ્છક અથવા મિત્ર છે કે પછી તમે તેના નામની જાહેરાત માત્ર એક ભાવિ નેતા તરીકે કરવા માગતા હતા? તો તેનો જવાબ શું હોઈ શકે? મને લાગે છે કે જૅક વેલ્ચે કંઈક આવું જ કહ્યું હશે :

'કેવો મૂર્ખાઈભર્યો પ્રશ્ન પૂછો છો ! જૅફરી ઈમેલ્ટ ઘણા વર્ષોથી કંપનીના સાચા મિત્ર રહ્યા છે. મોટી જવાબદારીથી કંપનીની સેવા કરીને તેમણે

આ બાબત સિધ્ધ કરી બતાવી છે. તેમની કાબેલિયતમાં મને સંપૂર્ણ વિશ્વાસ છે અને એ કારણે તો એ **નવા નેતા** બન્યા છે કે જે કંપનીને **નવી ઊંચાઈઓ** સુધી લઈ જશે. એક **નેતા** તરીકે તેમની જાહેરાત કરવા માટે તો આટલો બધો પરિશ્રમ ઉઠાવ્યો છે.'

જેક ! તમારી વાત સાચી છે. જીવનમાં મિત્રો તો સેંકડોની સંખ્યામાં હોઈ શકે છે અને જો દરેક નવી મિત્રતા કેળવાય ત્યારે આપણે મિત્રોને બોલાવતા જ રહીએ અને જાહેરાત કરતા જ જઈએ તો આપણી આખી જિંદગી બધાને ભેગા કરવાની વ્યવસ્થા કરવામાં જ ખર્ચાઈ જાય.

હવે, આ મુદ્દાને મગજમાં રાખીને મને મારા મૂળ વિષય ઉપર આવવા દો અને ચાલો આપણે કુરઆન શરીફની નીચેની આયત ઉપર ચિંતન-મનન કરીએ.

**'હે રસૂલ ! જે કાંઈ તારા પરવરદિગાર તરફથી તારી તરફ ઉતારવામાં આવ્યું છે તે (લોકો સુધી) પહોંચાડી દે; અને જો તેં તેમ ન કર્યું તો જાણે તેં તેનો (કોઈ પણ) સંદેશો પહોંચાડ્યો જ નહીં; અને અલ્લાહ તને લોકો(ના ત્રાસ)થી સુરક્ષિત રાખશે; નિઃસંશય અલ્લાહ ઈન્કાર કરનારી કોમને (સીધો) માર્ગ દેખાડતો નથી.'**

(સૂરએ માએદા, આયત-૬૭)

આ આયત ગદીરે ખુમમાં નાઝિલ થઈ હતી કે જ્યારે રસૂલ(સ.) પોતાની છેલ્લી હજ પઢીને મદીના પાછા આવી રહ્યા હતા. (સંદર્ભ : **તફસીર-અલ-કબીર**-ફખ્રુદ્દીન મોહંમદ ઈબ્ને ઉમર અલ-રાઝી(૧૩૫૭/૧૯૩૮), **ઉમ્મતુલ કારી ફી શર્હે, સહીહ બુખારી** - અલ ઐની, **તફસીરુલ અલ નિશાપુરી**, જીલ્દ-૬, સફા-૧૯૪)

તો ઉપરોક્ત આયત ઉપરથી સમજી શકીએ છીએ કે અલ્લાહ તઆલાએ રસૂલ(સ.)ને એક ખાસ **તાકીદી હુકમ** આ આયતના નાઝિલ થવા પહેલાં આપ્યો હતો અને આ હુકમ એટલો બધો અગત્યનો હતો કે જો તેના ઉપર અમલ ન કરવામાં આવે તો ઈસ્લામ ધર્મ સંપૂર્ણ ન બને.

તેથી જ તો આ તબક્કે રસૂલ(સ.)એ એક લાખ વીસ હજાર મુસલમાનોની હાજરીમાં **મન કુન્તો મૌલાહો ફહાઝા અલીયુન મૌલા**ની જાહેરાત કરી દીધી. (સંદર્ભ : **સહીહ તિરમીઝી,** જીલ્દ-૨, સફા-૨૯૮, **બુખારી,** જીલ્દ-૫, કિતાબ-૫૯)

હવે જો આ આયત અને હદીસ નાઝિલ થઈ ગયા પછી હું અલ્લાહને એવું પૂછું કે યા અલ્લાહ! **'મૌલા'** શબ્દ **'મિત્ર'**ના સંદર્ભમાં પ્રયોજાયો છે કે **'માલિક'**ના સંદર્ભમાં ? તો અલ્લાહ તઆલા મને જવાબ આપશે :

**'આવો મૂર્ખાઈ ભરેલો પ્રશ્ન ફરીવાર ના પૂછતો. અલી હંમેશાં અલ્લાહનો દોસ્ત જ રહ્યો છે. શું તું બદ્ર, ઓહદ, ખંદક, ખૈબર..ને ભૂલી ગયો ? ધર્મની સેવા કરવા માટે તે એ સમયે પણ હાજર હતો અને ત્યાર પછી પણ. આ આયત નાઝિલ કરવા પાછળનો હેતુ અન્ય લોકો ઉપર અલીની સર્વોપરીતા સ્થાપિત કરવાનો છે. અમે તેને 'નેતાગીરી' આપીને તેને બદલો આપયો છે કેમકે તેના નેતૃત્વ હેઠળ જ ઈસ્લામ ધર્મ નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરશે.'**

ઉપરોક્ત ચર્ચા ઉપરથી આપણે એક એવા તાર્કિક તારણ ઉપર આવી શકીએ તેમ છીએ કે રસૂલ(સ.) પછી મૌલા અલી(અ.)નો આપણા નેતા (ઈમામ) તરીકે જો સ્વીકાર કરીશું તો જ આપણો **ઈસ્લામ** સંપૂર્ણ બનશે અને આવું કરીને જ આપણે **સાચા મુસ્લિમ** બની શકીએ.

વળી રસૂલ(સ.)એ મૌલા અલી(અ.) વિષે ફરમાવ્યું છે :

**'અલી ગળા સુધી ઈમાનથી ભરપૂર છે.'**

(સંદર્ભ: **યનાબેઉલ મોવદ્દહ,** જીલ્દ-૨, સફા-૭૭)

**'સંપૂર્ણ ઈમાન સંપૂર્ણ કુફ્રના મુકાબલા માટે નીકળ્યો છે.'**

(આ વાક્ય રસૂલ(સ.)એ એ વખતે ઉચ્ચાર્યું હતું કે જયારે મૌલા અલી(અ.) જંગે ખંદકમાં ઉમરૂ બિન અબ્દેવદની સામે લડવા માટે જઈ રહ્યા હતા. સંદર્ભ : **ઈમામ એહમદ બિન હમ્બલ અને નિસાઈ** પાના નં.૮, **ઈબ્ને અલી શિબા,** ભાગ-૪, પેજ-૩૨૬, **કન્ઝુલ અમ્માલ,** ભાગ-૬, પેજ-૩૫૨, ૪૦૭)

નીચેની આયતોમાં અલ્લાહ તઆલા રસૂલ(સ.)એ જે કંઈ કહ્યું છે તેનું સમર્થન કરે છે :

**'કસમ છે તે સિતારાની જ્યારે કે તે (આકાશમાંથી) તૂટી પડે છે : તમારો સાથી ન આડે માર્ગે ગયો છે અને ન તેણે ભૂલ કરી છે અને તે પોતાના મનની ઈચ્છાથી કંઈ કહેતો નથી. (પણ) તે જે કાંઈ કહે છે તે તેને વહી કરવામાં આવે છે તેના સિવાય બીજું કાંઈ નથી; તેને મોટી શક્તિવાળાએ કેળવ્યો છે.'**

(સૂરએ નજમ, આયત-૧ થી ૫)

આનો અર્થ એવો થયો કે અલ્લાહની મરજી સિવાય રસૂલ(સ.) કંઈ કહેતા નથી. આના પ્રકાશમાં જોઈએ તો અલ્લાહ તઆલા અને રસૂલ(સ.) બન્નેની દૃષ્ટિએ અલી(અ.) **કુલ્લે ઈમાન** (સંપૂર્ણ ઈમાન) છે તેથી જ તો જો આપણે આપણા ઈમાનને સંપૂર્ણ બનાવવું હોય તો આપણે મૌલા અલી(અ.) તરફ નજર કરવી જોઈએ અને તેમનું અનુસરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. મૌલા અલી(અ.) પ્રત્યેનો પ્રેમ જ આપણને **મુકમ્મલ મોમિન** (સંપૂર્ણ મોમિન) બનાવશે.

વધુમાં અલ્લાહ તઆલા નીચેની આયતમાં ફરમાવે છે :

**'અય ઈમાન લાવનારાઓ ! અગર તમે અલ્લાહ(ના દીન)ની મદદ કરશો તો તે પણ તમારી મદદ કરશે, અને તમારા પગ જમાવી દેશે.'**

(સૂરએ મોહંમદ, આયત-૭)

આપણા ઈસ્લામને અને ઈમાનને બરકરાર (યથાવત) રાખીને આપણે અલ્લાહના દીનની મદદ કરી શકીએ અને એવું ત્યારે જ બને કે જ્યારે આપણે મૌલા અલી(અ.)ને અનુસરીએ અને તેમનો આપણા **ઈમામ તરીકે** સ્વીકાર કરીએ. ઉપરોક્ત આયતમાં અલ્લાહ તઆલાએ વચન આપ્યું છે કે તે આપણને મદદ (ત્યારે જ) કરશે જો આપણે તેના **'દીન'**ની મદદ કરીશું તો જ. તેથી તાર્કિક રીતે જ્યારે આપણે આપણા ઈમામ અને મૌલાને **'યા અલી મદદ'** કહીને પોકારીએ તો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની ભરપૂર રહેમત આપણા ઉપર નાઝિલ કરશે અને આપણને મદદ પણ કરશે કેમકે આપણે આપણા ઈસ્લામને અને ઈમાનને એટલે કે દીનને બચાવી રહ્યા છીએ.

યા અલી મદદ !

*


**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**રેડીમેડ**
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

**કલોથ**
શુટીંગ તથા શર્ટીંગ

**ટેલર્સ**
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

**હઝરત અલી(અ.)ની શાનમાં હઝરત રસૂલે ખુદા(સ.)એ બયાન ફરમાવેલી**

# પચાસ હદીસો

**(૧) અય અલી ! મેરી ઉમ્મતમેં બૂરા બદબખ્ત વો હૈ જો તુઝે કતલ કરેગા.**
(અય અલી(અ.) ! મારી ઉમ્મતમાં દુષ્ટ અને દુર્ભાગી એ હશે કે જે તને કતલ કરશે.)
(સંદર્ભ : અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૩૨૬, કિફાયત અલ તાલિબ, પેજ-૪૬૩, મકતલ અલ હુસૈન, જીલ્દ-૧, સફા-૪૩)

**(૨) મેરી ઉમ્મતમેં મેરે બાઅદ બડા આલિમ અલી હૈ.**
(મારા પછી મારી ઉમ્મતમાં મહાજ્ઞાની અલી(અ.) છે.) (સંદર્ભ : મુન્તખબ કન્ઝુલ અમ્માલ, ભાગ-૧૨, પેજ-૨૧૨, મસ્નદ ઈબ્ને હમ્બલ, ભાગ-૫, પેજ-૩૨, યનાબેઉલ મોવદ્દત, ભાગ-૨, પેજ-૧૩૯, મનાકિબ અલ ખવારઝમી, સફા-૮૨)

**(૩) અય અલ્લાહ ! મુઝે મૌત ન દેના જબ તક મુઝે અલી ન દિખાદે.**
(અય અલ્લાહ ! જ્યાં સુધી તું મને અલી(અ.)ને ન દેખાડે ત્યાં સુધી મને મોત ન આપતો.)
(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, પેજ-૧૯૪, મનાકિબ અલ ખવારઝમી, સફા-૭૧)

**(૪) બેશક અલ્લાહને મુઝે હુકમ દિયા કે મૈં ફાતેમાકા નિકાહ અલીસે કર દૂં.**
(નિ:સંશય અલ્લાહે મને આજ્ઞા કરી છે કે હું ફાતેમા(અ.)ના નિકાહ અલી(અ.)ની સાથે કરી દઉં.)
(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૩૧૯, મુન્તખબ કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૫, સફા-૩૦)

**(૫) બેશક અલ્લાહ તઆલાને મોહંમદ(સ.)કી નસલ અલી(અ.)કી પુશ્તમેં ચલાઈ.**
(નિ:સંશય અલ્લાહ તઆલાએ મોહંમદ(સ.)ની નસલ અલી(અ.)ની પીઠમાંથી આગળ વધારી.)
(સંદર્ભ : અલ સવાએકે મોહરકા, સફા-૧૨૪, મુન્તખબ કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૫, સફા-૩૦, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૧, મનાકિબ અલ ખવારઝમી, સફા-૨૭)

**(૬) બેશક એહલે જન્નતમેં સે પહેલે જન્નતમેં દાખિલ હોનેવાલા અલી હૈ.**
(નિ:સંશય જન્નતવાસીઓમાંથી સૌ પ્રથમ જન્નતમાં પ્રવેશનાર અલી(અ.) છે.)
(સંદર્ભ : બ લફઝ કરીબ ફી મનાકિબ અલ ખવારઝમી, સફા-૩૧૭, અલ મનાકિબ અલ તિબરી, સફા-૮૮)

**(૭) બેશક જિસને પહેલે મેરે સાથ નમાઝ પઢી વો અલી હૈ.**
(નિ:સંશય જેણે સૌ પ્રથમવાર મારી સાથે નમાઝ પઢી છે તે અલી(અ.) છે.)
(સંદર્ભ : મસ્નદ એહમદ બિન હમ્બલ, જીલ્દ-૪, સફા-૬૪૮, સનન અલ તિરમિઝી, જીલ્દ-૫, સફા-૬૪૨, મનાકિબ અલ ખવારઝમી, સફા-૫૬, મનાકિબ અલ તિબરી, સફા-૭૭)

**(૮) બેશક પુલે સિરાત પર એક ઘાટી હૈ જિસસે અલી કે બગૈર કોઈ નહીં ગુઝર સકેગા.**
(નિ:સંશય પુલે સિરાત પર એક ખીણ આવે છે જેમાં થઈને અલી(અ.) વગર કોઈ પસાર નહીં થઈ શકે.) (સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૧૬૨, મનાકિબ અલ તિબરી, સફા-૧૨૭)

**(૯) જો મુઝ પર ઈમાન લાયા ઔર મેરી તસ્દીક કી મૈં ઉસકો અલીકી વિલાયતકી તસ્દીક કરતા હૂં.**
(જે મારા ઉપર ઈમાન લાવ્યો અને મારું સમર્થન કર્યું તેને હું અલી(અ.)ની વિલાયતનું સમર્થન કરવાનું કહું છું.) (સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૭)

**(૧૦) ઈસ્લામમેં પહેલા સૂરાખ અલીકી મુખાલિફત હૈ.**
(ઈસ્લામમાં પહેલું છિદ્ર પાડવું એટલે અલી(અ.)નો વિરોધ કરવો તે છે.)
(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૩૧૩, અલ મનાકિબ અલ મુર્તઝવીયા, સફા-૧૧૫)

**(૧૧) મેરે પાસ હૌઝ પર સબસે પહેલે આનેવાલા વો હૈ જો તુમ મેં સે પહેલે ઈસ્લામ લાનેવાલા હૈ, (અર્થાત અલી)**
(મારી પાસે હૌઝે (કૌસર) પર સૌ પ્રથમ આવનાર એ છે કે જે તમારામાંથી સૌથી પહેલાં ઈસ્લામ લાવનારો છે. (અર્થાત અલી(અ.)) (સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૨૩૯, કન્ઝુલ અમ્માલ, સફા-૨૧૪, મનાકિબ અલ તિબરી, સફા-૭૬)

**(૧૨) અપની મજાલિસકો ઝિક્રે અલીસે સજાયા કરો.**
(તમારી મજલિસોને અલી(અ.)નો ઝિક્ર કરીને શણગારો.) (સંદર્ભ : મનાકિબ ઈબ્ને મગાઝલી, સફા-૨૧૧)

**(૧૩) અલીકે દરવાઝેકે અલાવા મસ્જિદકે સારે દરવાઝે બંદ કર દો.**
(અલી(અ.)ના ઘરના બારણા સિવાય બીજા બધાયનાં બારણાં બંધ કરી દો.)
(સંદર્ભ : ઝખાઈર અલ ઉકબા, સફા-૭૬, અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૩૨૩, ખસાઈસ અલ વલી, સફા-૫૫)

**(૧૪) મોમિનકે નામા એ આ'માલકા ઉન્વાન અલીકી મુહબ્બત હૈ.**
(મોમિનના આમાલનામા(કર્મપોથી)નું શીર્ષક(મથાળુ) અલી(અ.)ની મહોબ્બત છે.)
(સંદર્ભ : સવાએકે મોહરકા, સફા-૧૨૦, તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૭, તારીખ અલ બગદાદ, સફા-૧૭૭)

**(૧૫) બહાદુર મર્દ અલી હૈ ઔર તલવાર સિર્ફ ઝુલ્ફિકાર હૈ.**
(જો કોઈ વીરપુરૂષ હોય તો તે અલી(અ.) છે અને જો કોઈ તલવાર હોય તો તે ઝુલ્ફિકાર છે.)
(સંદર્ભ : મનાકિબ અલ ખવારઝમી, સફા-૧૬૭, અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૨૩૭, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૧૬૬)

**(૧૬) એહકામ મૈં પહુંચાઉંગા યા અલી પહુંચાએંગે.**
((અલ્લાહના) હુકમો કાં તો હું પહોંચાડીશ કે અલી(અ.) પહોંચાડશે.)
(સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪, સફા-૩૪૬, અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૫૭, તઝકિરતુલ ખવાસ, સફા-૪૩)

**(૧૭) જન્નતમેં વો દાખિલ હોગા જો અલીકે સાથ આયેગા.**
(જન્નતમાં એ પ્રવેશ કરશે કે જે અલી(અ.)ની સાથે આવશે.)
(સંદર્ભ : કરીબ મિનલ લફઝ ફિલ ફવાએદ અલ મજમુઆ, સફા-૩૯૯)

**(૧૮) અપના કર્ઝ મૈં ખુદ અદા કરુંગા યા મેરી તરફસે અલી અદા કરેગા.**
(મારું દેવું હું જાતે જ ભરપાઈ કરીશ અથવા તો મારા તરફથી અલી(અ.) ભરપાઈ કરશે.)
(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૮૫, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૧૦, તઝકિરતુલ ખવાસ, સફા-૪૪)

**(૧૯) હર નબીકા એક ખલીલ હૈ, મેરા ખલીલ (દોસ્ત) ભાઈ અલી હૈ.**
(દરેક નબીનો કોઈ દોસ્ત હોય છે, મારો દોસ્ત (મારો) ભાઈ અલી(અ.) છે.)
(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૨૯)

**(૨૦) હર નબીકા એક મહ્રમે રાઝ હોતા હૈ ઔર મેરા મહ્રમ અલી હૈ.**
(દરેક નબીના રહસ્યોને જાણનારો કોઈક હોય છે અને મારાં રહસ્યોને જાણનાર અલી(અ.) છે.)
(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૨૩૪)

**(૨૧) હર નબીકા એક વસી ઔર વારિસ હોતા હૈ, મેરા વસી ઔર વારિસ અલી હૈ.**

(દરેક નબીનો કોઈ વસી અને વારસદાર હોય છે. મારો વસી અને વારસદાર અલી(અ.) છે.)

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૫, સફા-૪૪૩, ઝખાએરૂલ ઉકબા, સફા-૭, મનાકિબ અલ તિબરી, સફા-૧૨૯, તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૩૯૬, મનાકિબ ઈબ્ને મગાઝલી, સફા-૨૦૧)

**(૨૨) જો યે ચાહે કે અરબકે નવજવાનોંકા સૈયદ દેખું તો અલીકો દેખે.**

(જે માણસ અરબસ્તાનના યુવાવર્ગના સરદારને જોવા ઈચ્છતો હોય તે અલી(અ.)ને જુએ.)

(સંદર્ભ : કરીબ મિનલ લફઝ ફી મનાકિબ અલ ઈમામ અલી બિન મગાઝલી, સફા-૨૧૪)

**(૨૩) જિસકા મૈં મૌલા હૂં ઈસકા અલી મૌલા હૈ.**

(જેનો હું મૌલા છું તેના મૌલા અલી(અ.) છે.) (સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૧૦૨, અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૨૪૪, નિસાઈસ અલ નિસાઈ, સફા-૭૨-૭૩, મનાકિબ અલ ખવારઝમી, સફા-૧૨૭)

**(૨૪) અય લોગો ! મૈં તુમકો અપની કરાબતવાલે ભાઈ ઔર અપને ચચાકે બેટેકી મુહબ્બતકી વસિયત કરતા હૂં.**

(અય લોકો ! હું તમને મારી નિકટતા ધરાવનાર ભાઈ અને મારા કાકાના દીકરા અલી(અ.) સાથે મહોબ્બત કરવાની વસિયત કરું છું.) (સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૨, સફા-૨૦૭)

**(૨૫) કયામતવાલે દિન આદમ(અ.) અપને શીશકે સાથ ફખ્ર કરેંગે ઔર મૈં અલીકે સાથ ફખ્ર કરુંગા.**

(કયામતના દિવસે હઝરત આદમ(અ.) પોતાના પુત્ર શીશ(અ.)ની સાથે (હોવામાં) ગર્વ અનુભવશે જ્યારે હું અલી(અ.)ની સાથે (હોવામાં) ગર્વ અનુભવીશ.)

(સંદર્ભ : ફરાએદ અલ સમતૈન, જીલ્દ-૧, સફા-૨૩૨)

**(૨૬) દુન્યા ઔર આખેરતમેં મેરા ભાઈ અલી હૈ.**

(દુનિયા અને આખેરત (બન્ને ઠેકાણે) મારો ભાઈ અલી(અ.) છે.)

(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૯૬, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૩)

**(૨૭) લોગોંમેં અલ્લાહકો ઝિયાદા જાનનેવાલા અલી હૈ.**

((સઘળા) લોકોમાં અલ્લાહને વધુ પ્રમાણમાં જાણવાવાળા અલી(અ.) છે.)

(સંદર્ભ : મુન્તખબ કન્ઝુલ અમ્માલ બહામશ અલ મસ્નદ, જીલ્દ-૫, સફા-૩૨)

**(૨૮) નેકૂકારોંકા ઈમામ ઔર ફાજિરોંકા કાતિલ અલી હૈ.**

(સદાચારી લોકોના ઈમામ અને દુરાચારીઓને કતલ કરનાર અલી(અ.) છે.)

(સંદર્ભ : અલ સવાએકે મોહરકા, સફા-૧૨૫, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૯૬, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૩, મનાકિબ અલ ખવારઝમી, સફા-૧૨૭ થી ૨૦૦, અલ જામેઉલ સગીર, જીલ્દ-૨, સફા-૨૬૯)

**(૨૯) મોમિનોંકા અમીર ઔર મુસલમાનોંકા સરદાર અલી હૈ.**

(મોમિનોને હુકમ કરનાર અને મુસલમાનોના અધ્યક્ષ અલી(અ.) છે.)

(સંદર્ભ : કરીબ મિનલ લફઝ ફી મનાકિબ અલ ખવારઝમી, સફા-૮૫, ફરાઈદ અલ સમતૈન, જીલ્દ-૧, સફા-૧૪૯)

**(૩૦) મુઝ પર જો પહેલે ઈમાન લાયા ઔર મેરી તસ્દીક કી વો અલી હૈ.**

(મારા ઉપર જે પહેલ વહેલા ઈમાન લાવ્યા અને મારી વાતનું સમર્થન કર્યું તે અલી(અ.) છે.)

(સંદર્ભ : અન્સાબ અલ અશરાફ, જીલ્દ-૨, સફા-૩૬૨)

**(૩૧) ગુનાહ ઝળનેકા દરવાઝા અલી હૈ, જોઈ ઈસસે દાખિલ હો ગયા અમનવાલા હો ગયા.**
(ગુનાહોને ખંખેરી નાખવાનો દરવાજો અલી છે, જે એમાં થઈને દાખલ થઈ ગયો તે સુખચેનવાળો બની ગયો.) (સંદર્ભ : મુન્તખબ અલ કન્ઝ, જીલ્દ-૫, સફા-૧૩૦, અલ સવાએકે મોહરકા, સફા-૧૨૫, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૯૬, અલ જામેઅ અલ સગીર, જીલ્દ-૨, સફા-૬૨૯, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૨, સફા-૨૦૩)

**(૩૨) મેરે ઈલ્મકા દરવાઝા ઔર જિસકે સાથ મૈં ભેજા ગયા હૂં (કુર્આન) ઈસકો મેરે બાઅદ મેરી ઉમ્મતકે લિયે બયાન કરનેવાલા અલી હૈ.**
(મારા જ્ઞાનનું પ્રવેશદ્વાર અને જેની સાથે મને મોકલવામાં આવ્યો છે તે(કુરઆન)નું મારા પછી મારી ઉમ્મત માટે વર્ણન કરનાર અલી(અ.) છે.)

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૧૨, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૨૪૦)

**(૩૩) લોગોમેં બેહતર અલી હૈ, જિસને ઈન્કાર કિયા કુફ્ર કિયા.**
(લોકોમાં વધારે શ્રેષ્ઠ અલી(અ.) છે. જેણે તેનો ઈન્કાર કર્યો તે કાફર છે.)

(સંદર્ભ : અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૪૫૯, તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૩, સફા-૩૭૨, મુન્તખબ અલ કન્ઝ, જીલ્દ-૫, સફા-૩૫, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૭૮, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૨૧)

**(૩૪) હિદાયતકા ઝંડા ઔર ઈમાનકા મીનાર અલી હૈ.**
(હિદાયતનો ધ્વજ અને ઈમાનનો મીનારો અલી(અ.) છે.)

(સંદર્ભ : મિઝાન અલ એતેદાલ અલ ઝહબી, જીલ્દ-૪, સફા-૨૫૬)

**(૩૫) અલીકી ઈતાઅત મેરી ઈતાઅત ઔર અલીકી નાફરમાની મેરી નાફરમાની હૈ.**
(અલી(અ.)નું આજ્ઞાપાલન એ મારું આજ્ઞાપાલન છે અને અલી(અ.)ની આજ્ઞાનું ઉલ્લંઘન મારી આજ્ઞાનું ઉલ્લંઘન છે.)

(સંદર્ભ : ફરાએદ અલ સમતૈન, જીલ્દ-૧, સફા-૧૭૯, કરીબ મિનલ લફઝ ફી મનાકિબ અલ તિબરી, સફા-૧૦૫)

**(૩૬) અલી અપને રબકી તરફસે રૌશન દલીલ હૈ ઔર મૈં ઈસ પર ગવાહ હૂં.**
(અલી(અ.) પોતાના રબની તરફથી પ્રકાશિત દલીલ છે અને એ બાબતનો હું સાક્ષી છું.)

(સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૩, સફા-૨૨૦, કરીબ મિનલ લફઝ ફી યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૧, સફા-૨૯૩)

**(૩૭) અલી જન્નત ઔર દોઝખ તકસીમ કરનેવાલા હૈ.**
(જન્નત અને દોઝખની વહેંચણી કરનાર અલી(અ.) છે.)

(સંદર્ભ : સવાએકે મોહરકા, સફા-૧૨૬, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૧, સફા-૧૬૩)

**(૩૮) અલી હકકે સાથ હૈ ઔર હક અલીકે સાથ હૈ.**
(અલી(અ.) હકની સાથે છે અને હક અલી(અ.)ની સાથે છે.)

(સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૪૪૯, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૧, સફા-૨૬૯, તારીખ બગદાદ, જીલ્દ-૧૪, સફા-૩૨૨)

**(૩૯) અલી કુર્આનકે સાથ હૈ ઔર કુર્આન અલીકે સાથ હૈ.**
(અલી(અ.) કુરઆનની સાથે છે અને કુરઆન અલી(અ.)ની સાથે છે.)

(સંદર્ભ : સવાએકે મોહરકા, સફા-૧૪૪, તારીખ અલ ખુલ્ફા, સફા-૧૭૩, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૯૬, નૂરૂલ અબ્સાર, સફા-૮૯, મુન્તખબ અલ કન્ઝ, જીલ્દ-૫, સફા-૩૦, મનાકિબ અલ ખવારઝમી, સફા-૧૭૭)

**(૪૦) અલી થોડી તક ઈમાનસે ભરા હૈ.**

(અલી(અ.) ગળા સુધી ઈમાનથી ભરપૂર છે.) (સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૭૭)

**(૪૧) અલી મેરે લિયે ઐસે હૈ જૈસે મૂસા(અ.) કે લિયે હારૂન(અ.)**

(અલી(અ.)નો સંબંધ મારી સાથે એવો છે કે જેવો સંબંધ મૂસા(અ.)ને હારૂન(અ.) સાથે હતો.)

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૯૮ થી ૨૯૧, અલ જામેઅ અલ સગીર, સફા-૬૨૯, અલ સવાએકે મોહરકા, સફા-૧૨૧, સહીહ મુસ્લિમ, જીલ્દ-૫, સફા-૫૫)

**(૪૨) અલી મુઝસે હૈ ઔર મૈં અલીસે હૂં.**

(અલી(અ.) મારાથી છે અને હું અલી(અ.)થી છું.) (સંદર્ભ : અલ સવાએકે મોહરકા, સફા-૨૨, અલ હિદાયતુલ નહાયા, જીલ્દ-૭, સફા-૨૫૭, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૭૮, તઝકિર તુલ ખવાસ, સફા-૪૨, મનાકિબ અલ તિબરી, સફા-૧૨૬, તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૨૪૫, મનાકિબ અલ ખવારઝમી, સફા-૧૨૪)

**(૪૩) અલી મુઝસે હૈ ઔર મૈં અલીસે હૂં ઔર અલી મેરે બાઅદ હર મોમિનકા દિલ હૈ.**

(અલી(અ.) મારાથી છે અને હું અલી(અ.)થી છું અને અલી(અ.) મારા પછી દરેક મોમિનનું હ્દય છે.) (સંદર્ભ : સવાએકે મોહરકા, સફા-૧૨૩, મનાકિબ અલ તિબરી, સફા-૧૧૯, સનન અલ તિરમિઝી, જીલ્દ-૫, સફા-૬૩૨)

**(૪૪) અલી મૌલા હૈ ઈસકા જિસકા મૈ મૌલા હૂં.**

(અલી(અ.) એ માણસના મૌલા છે કે જેનો હું મૌલા છું.) (સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૧૭૮, અલ જામેઅ અલ સગીર, જીલ્દ-૨, સફા-૬૩૦, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૧૭૭, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૪)

**(૪૫) અલી મેરી જાન હૈ ઔર મૈં અલીકી જાન હૂં.**

(અલી(અ.) મારો જીવ છે અને હું અલી(અ.)નો જીવ છું.)

(સંદર્ભ : કરીબ મિનલ લફઝ ફી યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૧, સફા-૧૭૩, મનાકિબ અલ ખવારઝમી, સફા-૯૦)

**(૪૬) અલીકી જમાઅત કામયાબી પાનેવાલી હૈ.**

(અલી(અ.)ના શીઆઓ સફળતા મેળવનારા છે.)

(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૩૧૨, કરીબ મિનલ લફઝ ફી તઝકિરતુલ ખવાસ, સફા-૫૬)

**(૪૭) અલી એહલે જન્નતકી ચમક હૈ.**

(અલી(અ.) જન્નતવાસીઓની ચમક છે.)

(સંદર્ભ : અલ સવાએકે મોહર્રકા, સફા-૧૨૫, મનાકિબ ઈબ્ને મગાઝલી, સફા-૧૪૦, મુન્તખબ અલ કન્ઝ, જીલ્દ-૫, સફા-૩૧)

**(૪૮) અલી મોમિનોકે લિયે રીઢકી હડ્ડી હૈ.**

(અલી(અ.) મોમિનો માટે કરોડરજ્જુ (સમાન) છે.)

(સંદર્ભ : અલ સવાએકે મોહરકા, સફા-૧૨૫, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૪૦૧, મનાકિબ ઈબ્ને મગાઝલી, સફા-૧૪૦, મુન્તખબ અલ કન્ઝ, જીલ્દ-૫, સફા-૩૧, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૪)

**(૪૯) અલી મેરા કર્ઝ અદા કરેગા ઔર મેરા વાઅદા પૂરા કરેગા.**

(અલી(અ.) મારા દેવાની ભરપાઈ કરશે અને મારા વચનને પૂરું કરશે.)

(સંદર્ભ : ફરાએદ અલ સમતૈન, જીલ્દ-૧, સફા-૬૦, ઝખાએર અલ ઉકબા, સફા-૭૧, તારીખ ઈબ્ને અસાકિર, જીલ્દ-૪૨, સફા-૩૨)

**(૫૦) અલી મેરે લિયે ઐસે હૈ જિસ તરહ મેરા સર બદનસે હૈ.**

(અલી(અ.) સાથે મારો સંબંધ એવો છે કે જેવો સંબંધ મસ્તકને શરીર સાથે (હોય) છે.)

(સંદર્ભ : અલ સવાએકે મોહરકા, સફા-૧૨૫, યનાબેઉલ મોવદ્દત, જીલ્દ-૨, સફા-૧૭૭, નૂરૂલ અબ્સાર, સફા-૮૯, કન્ઝુલ અમ્માલ, જીલ્દ-૧૨, સફા-૨૦૪, અલ જામેઉલ સગીર જીલ્દ-૨, સફા-૬૨૯) *

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

### તારાઓના પ્રકાશ ઉપર વાતચીત

(ગતાંકનું ચાલુ)

જો આજે એડલીંગ્ટન જીવતો હોત અને રેડિયો ટેલિસ્કોપ વડે ક્વેઝારને જોવામાં સફળ થઈ ગયો હોત તો આ કાઈનાતના એટમોની સંખ્યાને ગણવા માટે તેણે જે ફોર્મ્યુલા આપી હતી તેના ઉપર બીજી વાર વિચાર કરત કારણ કે ઈ.સ. ૧૯૦૦માં ભૌતિકશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓની કાઈનાત વિશેની જે કલ્પના હતી તેની સરખામણી આજની કલ્પના સાથે કરવામાં આવે તો અમે અતિશયોક્તિ વગર કહી શકીએ છીએ કે પહેલી કલ્પનાને બીજી કલ્પના સાથે એ સંબંધ છે કે જેવો સંબંધ પાણીના એક પ્યાલાને સમુદ્ર સાથે હોય છે.

ક્વેઝારની શોધ પછી ખગોળશાસ્ત્રીઓને એ થીઅરી મળી કે એ બધી આકાશગંગાઓ કે જેમને માણસની આંખ જોઈ શકતી નથી તે કાઈનાતની સરહદોથી બહાર આવેલા ગ્રહો છે અને કાઈનાતની સરહદ ઉપરોક્ત ક્વેઝારથી શરૂ થાય છે કે જેમાંના કેટલાક પૃથ્વી કરતાં નવ હજાર મિલીયન પ્રકાશવર્ષના અંતરે આવેલા છે. આપણાં રેડિયો ટેલિસ્કોપ નવ હજાર મિલીયન પ્રકાશવર્ષ કરતાં વધારે અંતર સુધી જોઈ શકતાં નથી એટલા માટે જે કંઈ ક્વેઝાર કરતાં આગળ અથવા ઉપર આવેલું છે એટલા માટે આ આધારે તેને આપણી આંખ જોઈ શકતી નથી. તેને આ થીઅરીના આધારે એક લાખ મિલીયન આકાશગંગાઓ કે જેમાંથી દરેક આકાશગંગા દસ હજાર મિલીયન સૂર્યો ધરાવે છે અને માણસના ટેલિસ્કોપની આંખ અને રેડિયો ટેલિસ્કોપની પહોંચ તેમના સુધી છે ત્યાં સુધી અસલી કાઈનાત નથી બલ્કે કાઈનાતની સરહદની બહાર વિખરાયેલા ઘણા જ ઓછા ગ્રહો છે અને અસલ કાઈનાત તો ક્વેઝારોથી શરૂ થાય છે કારણ કે જો અસલ ન હોત તો દરેક ક્વેઝારનો પ્રકાશ આપણા સૂર્યના પ્રકાશ કરતાં દસ હજાર અરબ ઘણો વધારે ન હોત.

આપણા સૂર્યમાં ચોવીસ કલાક દરમિયાન જે પ્રકાશ પેદા થાય છે તે ચારસો અરબ ટન હાઈડ્રોજનના વિસ્ફોટના પરિણામ સ્વરૂપે અસ્તિત્વમાં આવે છે અને એક ક્વેઝારમાં ચોવીસ કલાક દરમિયાન સૂર્યના પ્રકાશ કરતાં દસ હજાર અરબ ગણો વધારે પ્રકાશ પેદા કરવા માટે કેટલા હાઈડ્રોજનની જરૂર હોય છે(જો ક્વેઝારનો પ્રકાશ પદાર્થ અને પ્રતિપદાર્થના વિસ્ફોટના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત ન થતો હોય તો) એક સાધારણ ગણતરી વડે અમે ચારસો અરબ ટનને દસ હજાર અરબ વડે ઘાત આપીએ તો અમને ચારની સંખ્યા અને તેની જમણી બાજુ સત્તાવીસ શૂન્ય મળે છે અને આ સંખ્યા એટલી બધી વધારે છે કે આપણે તેને

બોલી શકતા નથી. પરંતુ અમે કહી શકીએ છીએ કે નિયમની દૃષ્ટિએ દરેક ક્વેઝારમાં ચોવીસ કલાક દરમિયાન સૂર્યથી દસ હજાર અરબ ગણું વધારે ઈંધણ બળે છે એટલે અસલ કાઈનાત ક્વેઝાર છે.

અસલ કાઈનાત ક્વેઝારથી શરૂ થાય છે અને રેડિયો ટેલિસ્કોપ અત્યાર સુધી એટલી શક્તિ ધરાવતું નથી કે ક્વેઝારની આગળ જોઈ શકે એટલા માટે ખગોળશાસ્ત્રીઓ અને ભૌતિકશાસ્ત્રીઓ ક્વેઝારથી શરૂ થનાર અસલ કાઈનાતના ઘેરાવાનો અંદાજ લગાવી શકતા નથી. કાઈનાતના ઘેરાવાનું અનુમાન લગાવવું પણ અશક્ય છે એટલા માટે સૂર્યની સંખ્યાનો અંદાજ લગાવવો પણ તેમના માટે અશક્ય છે પછી ભલે ને તેઓ આર્કિમીડીઝ અને એડલીંગ્ટનનું અનુસરણ કરીને કાઈનાતમાં અસ્તિત્વ ધરાવતા એટમોની ગણત્રી કરી શકે.

આ આધારે મોટી અને નાની કાઈનાતની સંખ્યા વિશે તાર્કિક દૃષ્ટિકોણ એ છે કે જેનું વર્ણન ઈમામ જાફર સાદિક(અ.)એ કર્યું છે અને કહ્યું છે કે અલ્લાહ તઆલા સિવાય આલમની સંખ્યાને કોઈ પણ જાણી શકતું નથી અને આ દૃષ્ટિકોણનો ભાવાર્થ એ છે કે માનવજાતિ આલમે કબીર અને આલમે સગીરની જાણકારી પામી શકતી નથી અને તેમની ગણત્રી કરી શકતી નથી. આલમે કબીર અને આલમે સગીર વચ્ચેનો તફાવત ઈમામ જાફર સાદિક(અ.)ની નજીક ફક્ત ઘનફળના આધારે છે, દ્રવ્યમાનના આધારે નથી અને આજે ભૌતિકશાસ્ત્ર આ દૃષ્ટિકોણને પણ સમર્થન આપે છે.

અમે અગાઉના પૃષ્ઠો ઉપર વર્ણન કર્યું છે કે જો ઈલેક્ટ્રોન અને કેન્દ્ર**(Nucleus)**વચ્ચે દેખવામાં આવતા અવકાશને હટાવી દેવામાં આવે તો પૃથ્વીનો ગોળો ફૂટબોલના દડા જેવડો થઈ જશે. પરંતુ આ ફૂટબોલના દડાનું વજન તો પૃથ્વીના ગોળાના હાલના વજન બરાબર હશે. ફૂટબોલના દડાનો દાખલો અમે એટલા માટે આપ્યો છે કે તેને આપણે બધા ઓળખીએ છીએ નહિતર જો ઈલેક્ટ્રોન અને કેન્દ્રના વચ્ચેનો અવકાશ નાબૂદ કરી દેવામાં આવે તો પૃથ્વીના ગોળાનું ઘનફળ ફૂટબોલના દડાથી પણ ઓછું થઈ જશે. પરંતુ આ દડાનું વજન પૃથ્વીના ગોળાના હાલના વજન બરાબર હશે.

આ વાત તરફ ધ્યાન આપવું ય જરૂરી છે કે અવકાશમાં પૃથ્વીના ગોળાનું કોઈ વજન જ નથી અને અમે સ્પષ્ટ શબ્દોમાં એવું કહી શકીએ છીએ કે અવકાશમાં પૃથ્વીના ગોળાનું વજન પક્ષીની પાંખના એક પીંછા જેટલું જ છે અને આ બાબત પૃથ્વીને જ લાગુ નથી પડતી પરંતુ બધા ગ્રહો કે જે સૂર્યની આજુબાજુ ફરી રહ્યા છે અને આવી જ રીતે બધા પદાર્થો કે જે અવકાશમાં અન્ય પદાર્થોની આજુબાજુ ફરી રહ્યા છે તે બધા જ ભારરહિત છે અને તેમના ભારરહિત હોવાની દલીલ તેમના હલનચલનની ગતિ છે.

ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણ પ્રમાણે જે કંઈ આલમે અસગરમાં છે તે જ આલમે અકબરમાં છે પરંતુ જે કંઈ આલમે અકબરમાં છે તેનું ઘનફળ આલમે અસગરના ઘનફળ કરતાં વધારે છે અને જે વિશેષતાઓ આલમે અકબરમાં જોવા મળે છે એવી જ વિશેષતાઓ આલમે અસગરમાં પણ જોવા મળે છે. બસ ફેર માત્ર એટલો જ છે કે આલમે અકબરનું ઘનફળ

આલમે અસગરના ઘનફળ કરતાં વધારે છે. આ આધારે જો શક્તિ હોય તો દરેક આલમે અસગરને આલમે અકબરમાં અને આલમે અકબરને આલમે અસગરમાં ફેરવી શકાય છે.


જે સમયે અમે આ દૃષ્ટિકોણને સાંભળીએ છીએ ત્યારે અમને એવો વિચાર આવે છે કે અમે ભૌતિકશાસ્ત્રના કોઈ પ્રોફેસરનું લેક્ચર સાંભળી રહ્યા છીએ અથવા તો ફિઝીક્સના કોઈ નવા પુસ્તકનો અભ્યાસ કરી રહ્યા છીએ. પરંતુ આ તો એ દૃષ્ટિકોણ છે કે જેને સાડા બારસો વર્ષ પહેલાં પ્રસ્તુત કરવામાં આવ્યો.

ઈમામ જાફર સાદિક(અ.)ને સવાલ પૂછવામાં આવ્યો કે આલમ ક્યારે અસ્તિત્વમાં આવ્યું ? તો આપે ફરમાવ્યું કે આલમ શરૂઆતથી જ મોજુદ છે. આપને આલમની જન્મતિથિ વિશે સવાલ પૂછવામાં આવ્યો તો ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો કે હું આલમની જન્મતિથિ બતાવી શકતો નથી. શીઆહ લોકો પોતાના ઈમામોના મોઅજિઝામાં આસ્થા ધરાવતા હોય છે તેથી તેઓ માને છે કે આલમ ક્યારે અસ્તિત્વમાં આવ્યું તે ઈમામ જાફર સાદિક(અ.) બતાવી શકતા હતા.


શીઆહ લોકોનો પોતાના ઈમામના મોઅજિઝા વિશેનો જે અકીદો છે તેમાંનો એક મોઅજિઝો ઈલ્મે ઈમામત પણ છે કે જે વિસ્તૃત અર્થમાં સંપૂર્ણ ઈલ્મ જ છે. શીઆહ મોમિનો કે જે ઈમામના મોઅજિઝાઓમાં આસ્થા ધરાવે છે તેઓ એવું માને છે કે ઈમામ જાફર સાદિક(અ.) આલમની જન્મતિથિ બતાવવા માગતા ન હતા નહિતર તેઓ ઈલ્મે ઈમામત વડે આલમની જન્મતિથિ જાણતા હતા. શીઆહોના અકીદા પ્રમાણે ઈમામ જાફર સાદિક(અ.)એ માત્ર તે સમયે જ જવાબ ન આપ્યો પરંતુ બીજા અન્ય પ્રસંગોએ પણ સવાલ કરવાવાળાને જવાબ આપ્યો નહીં કારણ કે આપ માનવજાતની ભલાઈ એમાં જ સમજ્યા કે માણસ કેટલાંક રહસ્યોને જાણે નહીં એટલા માટે કે કેટલાંક રહસ્યોની જાણકારી માણસના જીવનને અસ્તવ્યસ્ત કરવાનું કારણ બની જાય છે.

કેટલાક અન્ય શીઆહ મોમિન આ વાત ઉપર પણ આસ્થા ધરાવે છે કે ઈમામ જાફર સાદિક(અ.)એ બધા વિજ્ઞાનોને સામાન્ય માણસની પહોંચમાં આપી દીધેલા માટે તેમણે કોઈ આવશ્યકતા અનુભવી નહીં કે આલમની જન્મતિથિ વિશે વિચાર વ્યક્ત કરે. પરંતુ ઈલ્મે ઈમામત અશક્યતા જાણી શકતું નથી એટલા માટે કે ઈમામ અશક્ય કાર્ય કરી શકતો નથી.
(ક્રમશઃ)


મહંમદભાઈ-હિંમતનગરવાળા મો.૯૨૨૮૭૪૩૯૨૧
અકબરઅલી-સુરપુરવાળા મો.૯૨૨૮૩૨૬૪૨૯

પર્યટન

બેગ વર્ક્સ
સ્કૂલ, કોલેજ, ઓફિસ, ટ્રાવેલિંગ, શોપીંગ તેમજ દરેક પ્રકારની જાહેરાત માટેની બેગો તેમજ સ્પેરવીલ કવર ઓર્ડર ઉપર હોલ-સેલ તથા રીટેલ બનાવનાર
રીપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.
હજ-ઝિયારત માટે ટ્રાવેલીંગ બેગ વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.
દેસાઈવાડા નજીક, જૈન દેરાસર સામે, જૂના બજાર, હિંમતનગર-૩૮૩ ૦૦૧. (સા.કાં.)

**ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન.**



## શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાના પીઢ કાર્યકર અને 'જાફરી આવાઝ' (માસિક)ના વ્યવસ્થાપક

# મો. સુલેમાનભાઈ આઈ. વિજાપુરાનું અવસાન

જેઠીપુરા નિવાસી **મો. સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા (માસ્તર)** મુ.તા. ૯, જમાદીઉલ આખર, હિજરી સન-૧૪૩૧, તા. ૨૪-૫-૨૦૧૦ને સોમવારના રોજ જેઠીપુરા મુકામે સવારે ૭-૩૦ કલાકે ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની સ્થાપના થઈ ત્યારથી એટલે કે છેલ્લા ૨૯ વર્ષથી મર્હૂમ સુલેમાનભાઈ 'જાફરી આવાઝ' પરિવાર સાથે ગાઢ રીતે સંકળાયેલા રહ્યા હતા અને આ સંસ્થાની તડકી છાંયડીના પ્રત્યક્ષ સાક્ષી હતા. **'માસ્તર'**ના હુલામણા નામથી સમગ્ર શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતમાં પ્રખ્યાત એવા મોમિન સુલેમાનભાઈનું પૂર્વ જીવન એક પ્રમાણિક, નમ્ર, પરગજુ, સંનિષ્ઠ અને સહૃદયી શિક્ષક તેમજ આચાર્ય તરીકે પસાર થયું હતું. વિદ્યાર્થી વૃંદ અને શિક્ષક વૃંદમાં તેમની લોકપ્રિયતા જ તેમના સફળ જીવનનું પ્રમાણપત્ર છે એવું કહીએ તો ખોટું નથી.

શિક્ષકના વ્યવસાયમાંથી તા.૪-૫-૧૯૯૧ના રોજ વયનિવૃત્ત થયા પછી આપે પોતાનું શેષ જીવન વિકાસ મંડળ, સાબરકાંઠા માટે વકફ કરી દેવાની જાહેરાત કરી હતી અને તે જાહેરાતનું તેમણે અક્ષરસઃ પાલન કર્યું હતું. વૃધ્ધાવસ્થા અને શારીરિક તકલીફોની જરા પણ પરવા કર્યા વગર વય નિવૃત્ત થયા પછી તેમણે સતત પંદર વર્ષ સુધી મંડળની અને 'જાફરી આવાઝ' (માસિક)ની ચિંતા કર્યે રાખી હતી. તેઓ વિકાસ મંડળની શિષ્યવૃત્તિ સહાય યોજનાના કન્વીનર તરીકે પણ રહી ચૂક્યા હતા. મે-૧૯૯૨થી 'જાફરી આવાઝ' (માસિક)ના વ્યવસ્થાપક અને પ્રવાસી પ્રતિનિધિ તરીકેની આપની સેવાઓથી તો સૌ કોઈ પરિચિત છે. આ ઉપરાંત વિકાસ મંડળની અન્ય પ્રવૃત્તિઓમાં પણ તેઓ અગ્રેસર રહ્યા હતા. વિકાસ મંડળ અને જાફરી આવાઝ(માસિક)નાં મૂળિયાં મજબૂત કરવામાં તેમણે આપેલું યોગદાન કદી નહીં ભૂલાય. આપના અવસાનથી મંડળે એક મોભી અને સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યો છે.

આપે બજાવેલી સેવાઓને ધ્યાનમાં લઈને શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા તથા જાફરી આવાઝ(માસિક) પરિવાર દ્વારા તા.૧૭-૭-૨૦૦૬ના રોજ ઝહીરાબાદ ખાતે કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)ના મુબારક હસ્તે તેમને **'સન્માન પત્ર'** અર્પણ કરવામાં આવ્યું હતું.

અંતમાં, અલ્લાહ તઆલા સમક્ષ એવી દુઆ ગુઝારીએ કે અલ્લાહ તઆલા મોહંમદ વ આલે મોહંમદના વાસ્તાથી અને પીરાને તરીકતની ભલી દુઆઓથી તેમની રૂહને જન્નતમાં ઉચ્ચતમ દરજજો અતા ફરમાવે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**'જાફરી આવાઝ'ના વાંચક મિત્રો તેમને એક સૂરએ ફાતિહા પઢીને બક્ષી આપે તેવી નમ્ર વિનંતી.**

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

*હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)*

**(૧૪૮) ન બોલ્યામાં નવ ગુણ :**

ઈન્સાન પોતાની જીભ નીચે છૂપાયેલો રહે છે.

**(૧૪૯) માનનું ભાન :**

જેણે પોતાનું મૂલ્ય ન જાણ્યું તે નાશ પામ્યો.

**(૧૫૦) બોધ અને શિખામણ :**

એક માણસે આપથી બોધપાઠની માગણી કરી તો ફરમાવ્યું : 'એવા લોકો જેવા ન થઈ જજો કે જેઓ અમલ વગર આખેરતની આશા રાખે છે અને લાંબી લાંબી આશાઓના આધારે તૌબાને ટાળી દે છે. દુનિયામાં વાતો ઝાહિદો જેવી કરે છે અને કામ આસક્તો જેવાં કરે છે. કંઈક મળી જાય છે તો તૃપ્ત નથી થતા અને નથી મળતું તો સંતોષ નથી માનતા. જે કંઈ આપવામાં આવ્યું છે તેના આભારથી લાચાર છે પરંતુ ભવિષ્યમાં વધારાના ઈચ્છુક જરૂર છે. લોકોને મનાઈ કરે છે પણ પોતે રોકાતા નથી અને એ ચીજોનો હુકમ કરે છે કે જે પોતે નથી કરતા. નેક ચારિત્ર્યવાન સાથે મહોબ્બત કરે છે પણ તેના જેવા અમલ નથી કરતા અને ગુનેહગારોથી તિરસ્કાર કરે છે પણ પોતે પણ તેના જેવા જ હોય છે. ગુનાહોથી અતિશયતાને કારણે મોતથી અણગમો રાખે છે અને તોય એવા અમલો પર કાયમ રહે છે કે જેનાથી મોત ગમતું નથી, બીમાર થાય છે તો ગુનાહો પર ચિંતાતુર થઈ જાય છે અને તંદુરસ્ત હોય છે તો પાછા રમત ગમતમાં લીન થઈ જાય છે. બીમારીથી મુક્તિ મળી જાય છે તો અકડવા લાગે છે અને કસોટીમાં પડી જાય છે તો નિરાશ થઈ જાય છે. કોઈ આફત ઊતરે છે તો ધોકો ખાઈને મોં ફેરવી લે છે. તેમનું મન તેમને કાલ્પનિક વાતો પર નચાવે છે પરંતુ તેઓ યકીની વાતો પર તેના પર અંકુશ નથી કેળવતા. બીજાઓના વિશે પોતાના નાના ગુનાહો પર પણ ભયભીત રહે છે અને પોતાના માટે આમાલથી વધારે જઝાના આશાવંત રહે છે. પૈસાદાર થઈ જાય છે તો મગરૂર અને ફિત્નામાં પડી જાય છે અને ગરીબ થઈ જાય છે તો હતાશ અને સુસ્ત થઈ જાય છે. અમલમાં આળસ કરે છે અને સવાલમાં અતિશયતા દાખવે છે. મનોકામના સામે આવી જાય છે તો ગુનાહ તરત કરી બેસે છે અને તૌબાને ટાળી દે છે. કોઈ મુસીબતમાં સંડોવાઈ જાય છે તો ઈસ્લામી જમાતથી અલગ થઈ જાય છે. બોધદાયક બનાવો બયાન કરે છે પણ પોતે બોધ ગ્રહણ નથી કરતા. શિખામણમાં મોટી મોટી વાતો કરે છે પણ પોતે નસીહત નથી પકડતા બોલમાં સદા ઊંચા રહે છે અને અમલમાં સદા નબળા રહે છે. નાશવંત ચીજોમાં મુકાબલો કરે છે અને બાકી રહેવાવાળી ચીજોમાં પ્રમાદથી કામ લે છે. ખરેખરા લાભને નુકસાન કહે છે અને ખરા નુકસાનને લાભ સમજે છે.

મૃત્યુથી ડરે છે પણ સમય વીતવા પહેલાં અમલમાં આગળ નથી વધતા. બીજાઓના એ ગુનાહને પણ મોટો સમજે છે જેનાથી મોટા ગુનાહ પોતાના માટે સાધારણ સમજે છે. અને પોતાની સાધારણ ફરમાબરદારીને ઘણી ગણે છે જ્યારે બીજાઓની ઘણી ફરમાબરદારીને તુચ્છ સમજે છે.

લોકોને મેણાં મારતા રહે છે અને પોતાના મામલામાં ભોળા અને નરમ રહે છે. માલદારો સાથે રમવા રખડવાને ફકીરો સાથે બેસી ખુદાનો ઝિક્ર કરવાથી વધારે દોસ્ત રાખે છે. પોતાના હકમાં બીજાઓની વિરૂધ્ધ ચુકાદો આપી દે છે અને બીજાઓના હકમાં પોતાના વિરૂધ્ધ ચુકાદો નથી આપી શકતા. બીજાઓને હિદાયત આપે છે અને પોતાના નફસને ગુમરાહ કરે છે. ખુદ તેમની ફરમાબરદારી કરવામાં આવે છે અને તેઓ પોતે ગુનાહ કરતા રહે છે. પોતાનો હક પૂરે પૂરો લઈ લે છે અને બીજાઓના હક અદા નથી કરતા. પરવરદિગારને મૂકી લોકોથી ડરે છે અને લોકોના સંબંધમાં પરવરદિગારથી ડરતા નથી.

**(૧૫૧) અંતિમ પરિણામ :**

દરેક શખ્સનો એક અંજામ આવનારો છે ચાહે મીઠો યા કડવો.

**(૧૫૨) નાશ અને બરબાદી :**

દરેક આવનાર પાછો ફરનારો છે અને જે પાછો થાય છે તે એવો થઈ જાય છે જાણે હતો જ નહીં.

**(૧૫૩) ધીરતા અને સહિષ્ણુતા :**

ધીરજ ધરનાર સફળતાથી વંચિત નથી રહી શકતો. ભલે ઘણો ય સમય કેમ ન લાગી જાય.

**(૧૫૪) અમલ અને તેના પર રાજી રહેવાના ગુનાહો :**

કોઈ કોમના અમલથી રાજી થઈ જનારો પણ તેની સાથે જ ગણવામાં આવશે અને જે કોઈ બાતિલમાં ભળી જશે તેના પર બેવડો ગુનોહ થશે અમલનો પણ ગુનોહ અને રાજી થવાનો પણ ગુનોહ.

**(૧૫૫) બોલ વચન :**

કોલ કરારની જવાબદારી તેમને સોંપો કે જેઓ ખીલાની જેમ મજબૂત અને અડગ હોય છે.

**(૧૫૬) ઈમામની મારેફત :**

તેની ફરમાબરદારી જરૂર કરો જેનાથી અજાણ હોવું ક્ષમ્ય નથી. (અર્થાત ખુદાઈ હોદ્દેદાર)

**(૧૫૭) બોધપાઠ :**

જો તમે સમજ બુધ્ધિ રાખતા હો તો તમને હકીકતો દેખાડવામાં આવી ચૂકી છે. જો તમે હિદાયત મેળવવા માગતા હો તો તમને હિદાયત અપાઈ ચૂકી છે અને જો સાંભળવા માગતા હો તો તમને સંદેશો સંભળાવાઈ ચૂક્યો છે. *

## એસ.એસ.સી./એચ.એસ.સી./સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા ઈજનેરી શાખા અને ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓએ પારિતોષિકો માટે માહિતી મોકલવા બાબત.

સમગ્ર બાવીસી જમાઅતમાંથી માર્ચ-૨૦૧૦માં લેવાયેલ **એસ.એસ.સી.** (ભાઈઓ તથા બહેનો) **એચ.એસ.સી.** સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહના ભાઈઓ તથા બહેનો તથા સ્નાતક કક્ષાની બહેનો, તા.૧-૬-૨૦૦૯ પછી જેમણે બાવીસી જમાઅતમાંથી ઈજનેરી શાખાની કોઈ **ડિગ્રી, પી.એચ.ડી., એમ.એસ., એમ.ડી.**ની પદવી તથા **એમ.બી.બી.એસ., બી.એ.એમ.એસ., બી.ડી.એસ., વેટેનરી ડોકટર, હોમિયોપેથિક**ની ડીગ્રી મેળવી હોય તેમજ સાબરકાંઠામાંથી જેમણે **બી.ફાર્મ** કે **એમ.ફાર્મ**ની ડીગ્રી મેળવી હોય તેમણે પોતાના ગુણપત્રકોની પ્રમાણિત કરેલી નકલ તથા જો ફોટો છાપવાનો હોય તો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો(બહેનોએ ઓઢણી ઓઢેલ) મોડામાં મોડા તા.૧૦-૭-૨૦૧૦ સુધીમાં મળી જાય તે રીતે નીચેના સરનામે મોકલી આપવા. ફોટાની પાછળ પોતાનું નામ અને માર્કશીટની પાછળ નામ, સરનામું, ફોન નંબર અવશ્ય લખેલું હોવું જરૂરી છે. નામ સરનામું લખેલ ન હોય તો સંપર્ક કરવાની ખૂબ મુશ્કેલી પડે છે.

**સરનામુ : મો.ગુલામમહંમદ પટેલ 'માસુમ' મહેરપુરી**

**મુ. મહેરપુરા, પો. દેધરોટા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા. મોબાઈલ : ૯૬૮૭૬૭૯૫૧૩**

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૩ સૂરએ મુનાફેકૂન

કુલ ૧૧ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલો હોવાથી મદની સૂરો છે.

**(અય રસૂલ!) જે વખતે દાંભિકો તારી પાસે આવે છે ત્યારે કહે છે કે અમે સાક્ષી આપીએ છીએ કે બેશક તું અલ્લાહનો રસૂલ છે, અને અલ્લાહ જાણે છે જ કે બેશક તું અલ્લાહનો રસૂલ છે, પરંતુ અલ્લાહ આ(વાતની) સાક્ષી આપે છે કે આ દાંભિકો (તેમ કહેવામાં) અવશ્ય જૂઠા છે.(૧)**

તફસીર કર્તાઓએ વર્ણન કર્યું છે કે આ આયત અબ્દુલ્લાહ બિન ઓબી નામના મુનાફિક અને તેના સાથીઓ માટે ઉતરી છે. હિજરતના પાંચમા વરસે હુઝૂર(સ.)ને ખબર મળી કે બની મુસ્તલીક મુસલમાનો સાથે લડવાની તૈયારી કરી રહ્યા છે, જેની ફોજનો વડો હારિસ બિન અબુ ઝરાર છે કે જે પયગમ્બર(સ.)ની પત્ની જોવરીયાનો પિતા હતો. હુઝૂર(સ.) ફોજી જવાનોને સાથે લઈને મરીઝેઅ તરફ પહોંચ્યા કે જે સમુદ્રના કિનારાની નજીક હતું. બન્ને ફોજ વચ્ચે લડાઈ થઈ અને મુસલમાનોનો વિજય થયો અને ગનીમતનો ઘણો માલ હાથ લાગ્યો.

એ દરમિયાન ફોજે ઈસ્લામ એક કૂવા ઉપર રોકાઈ કે જ્યાં એક અઘટિત બનાવ બન્યો. ત્યાં જનાબે ઉમર બિન ખત્તાબનો ગુલામ જહજા બિન સઈદ ગફફારી અને અનસ બિન અય્યાર અન્સારીની વચ્ચે પાણી લેવા માટે ઝઘડો થયો અને જેહજાએ અન્સારના મોઢા પર એક જોરદાર થપ્પડ મારી જેથી અન્સારના મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું તેથી તેણે અન્સારોને મદદ માટે બોલાવ્યા. જયારે જહજાએ મુહાજિરોને બોલાવ્યા પછી બન્ને પક્ષોએ તલવારો કાઢી અને નજીક હતું કે લડાઈની આગ ભડકી ઉઠે ત્યારે જોઆલ નામનો ફકીર પણ જહજાની મદદ કરી રહ્યો હતો.

અબ્દુલ્લાહ બિન ઓબીએ જોઆલને ટોક્યો તો તેણે બહુ જ સખ્તાઈની સાથે તેની વાતને ઠુકરાવી દીધી તેથી ઓબીને વધારે ગુસ્સો આવ્યો અને તે અન્સારોને કહેવા લાગ્યો કે આ તમો (અન્સાર લોકો)ને તમારા કૃત્યોની સજા છે કે તમોએ આ મુહાજિરોને પોતાના ઘરોમાં જગ્યા આપી, તેની સાથે ભલાઈ કરી, તેમના પ્રાણોનું રક્ષણ કર્યું, પોતાના જાનમાલની કુરબાની આપી, તમારી સ્ત્રીઓ વિધવા થઈ, તમારા બાળકો યતીમ થયા, જો એ લોકોને તમો કાઢી મૂકત તો તેમનું કાંઈ ઠેકાણું ન હોત. હવે મદીના પાછા જઈશું તો તે હલકા લોકોને કાઢી મૂકીશું (તેનો ઈશારો એ તરફ હતો કે અમો રસૂલિલ્લાહ(સ.)ને પણ કાઢી મૂકીશું). તે વખતે ઓબીની આસપાસ કેટલાક અન્સારો ભેગા થઈ ગયા જેમાં ઝૈદ બિન અરકમ પણ હતા કે જેઓ બિલકુલ નાની ઉંમરના હતા. તેમને ગુસ્સો આવ્યો અને તેમણે ઓબીને કહ્યું કે ખુદાની કસમ તું જ જલીલ છે, મોહંમદ(સ.)ને અલ્લાહે ઈજ્જત આપી છે, તું બકવાસ ન કર, તો ઓબી કહેવા લાગ્યો કે તું ચૂપ રહે.

આ વખત બપોરનો હતો અને હુઝૂર(સ.) મુહાજિરો અને અન્સારો સાથે એક ઝાડ નીચે આરામ ફરમાવી રહ્યા હતા. ઝૈદ બિન અરકમે આવીને બધી વિગત કહી સંભળાવી. આપે ઝૈદને કહ્યું કે તારી કંઈ સમજફેર થઈ લાગે છે. એવું બને નહીં. પછી આપે પોતાના ગુલામ શકરાતને સવારી લાવવાનો હુકમ આપ્યો. પછી આપ તરત જ પોતાની સવારી ઉપર સવાર થઈ ગયા તો આદ બિન ઓબાદાએ સવાલ કર્યો તો હુઝૂરે જવાબ

આપ્યો કે તમે ઓબીની આ વાત સાંભળી કે તે જે અમારાથી વહાલા છે તેને ઝલીલ કરીને કાઢી મૂકશે તો તેણે કહ્યું કે હુઝૂર ! વહાલા તો આપ અને આપના સાથી છો, એ લોકો ઝલીલ છે.

આખો દિવસ સફર ચાલુ રહી.

અબ્દુલ્લાહ બિન ઓબીને હુઝૂરની સામે રજૂ કરવામાં આવ્યો તો તેણે કસમ ખાઈને કહ્યું કે ઝૈદે આ બિલકુલ ખોટી વાત રજૂ કરી છે. પછી તેણે કહ્યું કે હું ગવાહી આપું છું કે આપ ખુદાના રસૂલ છો. તો લાકોએ ઝૈદને ઠપકો આપીને કહ્યું કે તું જૂઠું બોલે છે કેમકે અબ્દુલ્લાહે એમ કહ્યું નથી. પછી આપને લાકોએ કહ્યું કે ઝૈદ હજુ નાની વયના છે તે જૂઠું બોલે છે. આવી હાલત જોઈને ઝૈદને ઘણું જ દુઃખ થયું. તેણે અરજ કરી, અય પરવરદિગાર ! હું જૂઠું બોલ્યો નથી, પછી હઝરતે એ ફિત્નાને શાંત કરવા માટે ત્યાંથી કૂચ કરવાનો હુકમ આપ્યો તો અસીદ બિન હસીને કહ્યું કે યા હઝરત આવા સમયે શા માટે કૂચ કરો છો ? આપે ફરમાવ્યું કે અય અસીદ ! શું તેં સાંભળ્યું નથી કે તમારા સાહેબે કહ્યું છે કે જયારે મદીનામાં પહોંચીશું ત્યારે વધારે ઈજ્જતવાળો વધારે ઝલીલને મદીનાથી બહાર કાઢી મૂકશે ? તો તેણે કહ્યું કે હા, યા હઝરત ! અગર તમે ચાહો તો તેને કાઢી મૂકીએ. યા હઝરત! તેની સાથે નરમી કરો, ખુદાની કસમ આપ મદીનામાં તશરીફ ન લાવત તો તેની કોમ તેના માટે જડાઉ તાજ બનાવીને તેના માથે મુકત અને તેને પોતાનો વડો બનાવત, પણ આપના આવવાથી જુદા પ્રકારની વાત બની ગઈ. તેમની એવી માન્યતા છે કે તમારા કારણે તેને બાદશાહી મળી નહીં.

ઓબીના પુત્ર ઓબેદુલ્લાહે હઝરતની પાસે આવીને અરજ કરી કે આપ હુકમ આપો તો હું મારા બાપને મારી નાખું. હુઝૂરે કહ્યું, ના તેની સાથે નરમીથી વર્ત. પછી એ મુસાફરી દરમિયાન બહુ જ તેજ હવા ફૂંકાવા લાગી અને હઝરતની સવારીનો ઊંટ ખોવાઈ ગયો. પછી હઝરતે ફરમાવ્યું કે આ હવા ચાલવાનું કારણ એ છે કે મોટા માણસોમાંથી કોઈ એકનું મદીનામાં મરણ થશે. કોઈએ પૂછયું કે તે કોણ છે? આપે ફરમાવ્યું કે તે રફાઆ છે. રફાઆ મુનાફિકોમાંથી હતો. આ સાંભળીને કોઈએ કહ્યું કે તાજ્જુબ છે મોહંમદ(સ.) ઉપર કે મદીનામાં કોઈના મરણની ખબર આપે છે અને ઊંટ ખોવાઈ જાય તેની ખબર નથી. તો જનાબે જીબ્રઈલ નાઝિલ થયા અને ઊંટ ક્યાં છે તે આપને બતાવી દીધું. પછી હુઝૂરે ફરમાવ્યું કે હું ગયબનું ઈલ્મ જાણતો નથી પણ આ મુનાફિકના જવાબ માટે કુદરતે મને ખબર આપી છે. પછી આપે ફરમાવ્યું કે ફલાણી જગ્યાએ તે ઊંટ છે.

જયારે આપ મદીનાની નજીક પહોંચ્યા તો આપે તે મુનાફિકનો જનાઝો જોયો કે જે બકીઅમાં દફનાવવા માટે લાવવામાં આવ્યો હતો.

અબ્દુલ્લાહ ઓબયનો પુત્ર એ સ્થળે ઊભો હતો. જયારે તેના બાપનો ઊંટ આવ્યો તો તેણે તેના બાપને ઊભો રાખી કહ્યું કે ખુદાની કસમ જયાં સુધી હઝરત રસૂલે ખુદા(સ.) તે રજા નહીં આપે ત્યાં સુધી હું તને મદીનામાં જવા નહીં દઉં અને તું જ ઝલીલ છો; અને હઝરત વધારે ઈજ્જતદાર છે. અબ્દુલ્લાહે પોતાના પુત્રની શિકાયત હઝરતની પાસે કરી. પછી હઝરતે તેના દીકરાને કહેવડાવ્યું કે તારા બાપને તકલીફ આપ નહીં અને તેને મૂકી દે. જયારે ઝૈદ બિન અરકમ મદીનામાં આવ્યો તો અન્સારોએ તેને ઠપકો આપવો શરૂ કર્યો તેથી તે દુઃખી થઈને ઘરમાં બેસી રહ્યો. પછી અલ્લાહે તેને સત્ય અને અબ્દુલ્લાહ બિન ઓબયને જૂઠો જાહેર કરવા હઝરત રસૂલ(સ.) પર આયત નાઝિલ કરી કે અય મોહંમદ(સ.) જયારે તારી પાસે મુનાફિકો આવે છે ત્યારે કહે છે કે તું ખરેખર તું ખુદાનો પયગમ્બર છે, અને અમો મુનાફિક નથી. મારી આ સાક્ષી જીભ અને દિલ થકી છે. (ક્રમશઃ)



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૧૦

(બહુઝૂર હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા(અ.))

جی پہ بن جاتی ہے یادِ کربلا، آتی ہے یوں
**જી પે બની જાતી હૈ યાદે કરબલા આતી હૈ યૂં,**
ڈوبنے لگتا ہے دل، آنکھ اشک برساتی ہے یوں
**ડૂબને લગતા હૈ દિલ, આંખ અશ્ક બરસાતી હૈ યૂં.**

(જ્યારે હૃદયમાં કરબલાની યાદ આવે છે ત્યારે જીવ પર આવી જવાય છે. દિલ વ્યાકુળ બની જાય છે અને આંખોમાંથી આંસુઓ વરસવા માંડે છે.)

نزع کا ہوتا ہے دھوکا، ماتمِ شبّیر میں
**નઝ્અકા હોતા હૈ ધોકા, માતમે શબ્બીરમેં,**
فرطِ غم سے روتے روتے سانس گھٹ جاتی ہے یوں
**ફર્તે ગમસે રોતે રોતે સાંસ ઘુટ જાતી હૈ યૂં.**

(હઝરતે શબ્બીરની માતમમાં જીવનનો અંત આવ્યાનો સંશય પેદા થાય છે. અતિશય ગમને લીધે રડતાં રડતાં આવી રીતે શ્વાસ રૂંધાઈ જાય છે.)

عرشِ اعظم اور کفشِ پا، ترے محبوب کی
**અર્શે આઝમ ઔર કફશે પા તેરે મહેબૂબકી,**
بے نیازا کیوں نیازیّت نظر آتی ہے یوں
**બેનિયાઝા ક્યું નિયાઝિય્યત નઝર આતી હૈ યૂં.**

(અય અલ્લાહ ! અર્શે આઝમ અને તારા મહેબૂબ (પ્રિયપાત્ર) હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પગની પાદુકાઓના પ્રસંગમાં બેપરવાહીપૂર્વકનું નિવેદન શા માટે નજરે પડે છે ?)

فادخلوھا خالدیں اے زائرانِ کربلا
**'ફ્દ ખોલૂહા ખાલે દી' અય ઝાઈરાને કરબલા,**
بابِ جنّت سے مسلسل اک صدا آتی ہے یوں
**બાબે જન્નતસે મુસલ્સલ એક સદા આતી હૈ યૂં.**

(જન્નતના દરવાજાથી એક ધ્વનિ સતત આ મુજબ આવી રહ્યો છે કે અય કરબલાના દર્શાનાર્થીઓ ! અય હુસૈનવાળાઓ ! આવો, પધારો, જન્નત તમારા વગર સૂનું છે.)

تجھ میں تابِ عدل ہی کب ہے، خدا رحمان ہے
**તુજહમેં તાબે અદલ હી કબ હૈ, ખુદા રહેમાન હૈ,**
شان اس کی رحمتوں کی دل کو سمجھاتی ہے یوں
**શાન ઉસકી રહેમતોંકી દિલકો સમજાતી હૈ યૂં.**

(તારામાં વળી બરોબરી કરવાનું (ન્યાય કરવાનું) સામર્થ્ય જ ક્યાં (ક્યારે) છે ? અલ્લાહ કૃપાળુ છે. તેની રહેમતોની શાન દિલને આવી રીતે સમજાવે છે.)

غم سے کیوں گھبراؤں، آخر میرے مولا ہیں علیؑ
**ગમસે ક્યું ગભરાઉં આખિર મેરે મૌલા હૈ અલી,**
یاد انھیں کرتا ہوں جب، تسکین ہو جاتی ہے یوں
**યાદ ઉન્હેં કરતા હૂં, જબ તસ્કીન હો જાતી હૈ યૂં.**

(દુ:ખોથી કે યાતનાઓથી હું શા માટે ગભરાઈ જાઉં ? છેવટે મારા સ્વામી તો મૌલા અલી(અ.) છે. જ્યારે હું તેમનું સ્મરણ કરું છું તો આ રીતે મારા દિલને સંતોષ થઈ જાય છે.)

| | |
|---|---|
| شہ کے غم میں اشکِ خونیں سے جہاں رنگیں ہوا | **શેહકે ગમમેં અશ્કે ખૂનીસે જહાં રંગીન હુવા,** |
| صحنِ گلزارِ عزاء میں بہار آتی ہے، یوں | **સહ્‌ને ગુલઝારે અઝામેં ભી બહાર આતી હૈ યૂં.** |

(ઈમામ હુસૈન(અ.)ના ગમમાં ખૂનનાં આંસુઓથી આખી દુનિયા રંગીન બની ગઈ. અઝાદારીના ઉપવનના પ્રાંગણમાં પણ આવી જ રીતે વસંતઋતુ(શોભા) આવી જાય છે.)

| | |
|---|---|
| حشر تک کے واسطے شیطان ہوتا ہے رجیم | **હશ્ર તકકે વાસ્તે શયતાન હોતા હૈ રજીમ,** |
| کج خیالی سے بنی قسمت بگڑ جاتی ہے، یوں | **કજખયાલીસે બની કિસ્મત બિગડ જાતી હૈ યૂં.** |

(કયામતના દિવસ સુધી શયતાન અલ્લાહની બારગાહથી બહિષ્કૃત થઈ જાય છે. વક્રબુધ્ધિથી (વિપરીત બુધ્ધિથી) મહા મહેનતે બનાવેલું ભાગ્ય આમ એકાએક બગડી જાય છે.)

| | |
|---|---|
| ماتمِ سرورمیں فریادی نظر آتا ہو میں | **માતમેં સરવરમેં ફર્યાદી નઝર આતા હૂં મૈં,** |
| بےنوائی بھی نوائے درد بن جاتی ہے یوں | **બેનવાઈ ભી નવાએ દર્દ બન જાતી હૈ યૂં.** |

(ઈમામ હુસૈન(અ.)નું માતમ કરવાની બાબતમાં હું ફરિયાદી નજરે પડું છું. લાચાર પરિસ્થિતિ પણ કેટલીક વખત આ રીતે દર્દનો અવાજ બની જાય છે.)

| | |
|---|---|
| میں ہوا مایوسِ بخشش جب تو ہاتف نے کہا | **મૈં હુવા માયૂસે બક્ષિસ જબ તો હાતિફને કહા,** |
| دیکھ تو حُر کی طرف، قسمت سنور جاتی ہے یوں | **દેખ તૂં હુરકી તરફ, કિસ્મત સંવર જાતી હૈ યૂં.** |

(જ્યારે હું અલ્લાહ તઆલાની બક્ષિસ મેળવવાથી નિરાશ થઈ ગયો તો એક ગેબી અવાજે કહ્યું, હુર બિન રિયાહીની તરફ તું જોતો ખરો કે તેમનું ભાગ્ય કેવી રીતે સુધરી જાય છે.)

| | |
|---|---|
| جس طرح اصغر ہوئے آغوشِ سرور میں ہلاک | **જીસ તરહ અસગર હુએ આગોશે સરવરમેં હલાક,** |
| کوئی نورستہ کلی گلشن میں کمھلاتی ہے یوں | **કોઈ નોરુસ્તા કલી ગુલશનમેં કુમલાતી હૈ યૂં.** |

(જેવી રીતે જનાબે અલી અસગર ઈમામ હુસૈન(અ.)ના ખોળામાં શહીદ થઈ ગયા એવી જ રીતે કોઈ નવી ખીલેલી ફૂલની કળી બગીચામાં કરમાઈ જાય છે.)

| | |
|---|---|
| چاند شرما جائے جس سے اے ظہیر اپنی جبیں | **ચાંદ શર્મા જાએ જીસસે અય 'ઝહીર' અપની જબીં,** |
| آستانِ شہ پہ جھک کر آبرو پاتی ہے یوں | **આસ્તાને શહેર પે ઝુક કર આબરૂ પાતી હૈ યૂં.** |

(અય 'ઝહીર' ! જ્યારે તારું કપાળ ઈમામ હુસૈન(અ.)ની બારગાહમાં ઝુકી જાય છે ત્યારે તેને જોઈને ચંદ્ર પણ શરમાઈ જાય છે એવી પ્રતિષ્ઠા તે પ્રાપ્ત કરી લે છે.) *

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

યઝીદ બિન હાનીએ આવીને જનાબે અમીરને ઉશ્તરનો સંદેશો કહ્યો. આપે તેને ફરીથી ઉશ્તરની પાસે મોકલીને કહેણ મોકલ્યું કે અહીં ફિત્નો પેદા થઈ ગયો છે તમે જલ્દીથી ચાલ્યા આવો. ઉશ્તર દોડતા દોડતા જનાબે અમીરની ખિદમતમાં હાજર થઈ ગયા અને કહેવા લાગ્યા, જે વખતે શામીઓએ નેઝાઓ ઉપર કુરઆન ઊંચાં કર્યા હતાં ત્યારથી જ મને ખબર પડી ગઈ હતી કે આપણા માણસોમાં ચોક્કસ ફાટફૂટ પડી જશે. આ કુરઆનને નેઝાઓ સાથે બાંધવાનો મશ્વેરો ચોક્કસપણે ઈબ્ને આસનો છે.

ત્યાર પછી કોમ તરફ ફરીને કહેવા લાગ્યા, અય ઈરાકવાળાઓ ! અય બદનામી અને અપમાનને ઓળખનારાઓ ! હવે જ્યારે કે તમે વિજય મેળવવાની નજીક હતા ત્યારે જ તેમણે તમને કાબૂ મેળવતા જોઈને નેઝાઓ ઉપર કુરઆન શરીફ બુલંદ કરી દીધાં. મને થોડી વાર છોડી દો તો હમણાં જ વિજય મળશે. લશ્કરના લોકો કહેવા લાગ્યા, એવું તો કદાપિ નહીં બની શકે કે અમે તને રજા આપીને તારી સાથે ગુનાહમાં ભાગીદાર બનીએ. ઉશ્તરે કહ્યું, તમે મને એ બતાવો કે તમે કયા સમયે હક ઉપર હતા ? એ વખતે કે જ્યારે તમે લડી રહ્યા હતા અને શામીઓ તમારા બુઝુર્ગોને કતલ કરી રહ્યા હતા ત્યારે કે પછી અત્યારે કે જ્યારે તમે તમારા હાથ લડાઈ કરવાથી ખેંચી લીધા છે ત્યારે ? લશ્કરના લોકો કહેવા લાગ્યા, અય ઉશ્તર! આ બધી વાતોને છોડી દે. અમે તેમની સાથે માત્ર ખુદા ખાતર લડતા હતા અને હવે માત્ર ખુદા ખાતર તેમને છોડી દઈએ છીએ. ઉશ્તરે કહ્યું, તમે દગો દઈ રહ્યા છો અને દગો ખાઈ રહ્યા છો. તમે ઈજ્જતને છોડીને રાજકારણની જિંદગીનો સ્વીકાર કરી લીધો છે. અમે તો તમારી નમાઝને દુનિયા અને આખેરતમાં ઝોહદ અને ખુદાને મળવાના શોખ માટેની સમજતા હતા. હું દુન્યવી સ્વાર્થ સિવાય તમારી બીજી કોઈ મુરાદ નથી જોતો. તમે લોકો છાણ પેદા કરનારી ગાયના જેવા છો. તમે કદી ઈજ્જત નહીં પામો. અય જાલિમો ! મારી આગળથી દૂર ચાલ્યા જાઓ.

ઉશ્તરે તેમને બૂરું ભલું કહ્યું. તેઓ ઉશ્તરને વર્ણસંકર કહેવા લાગ્યા. જનાબે અમીર તેમના ઉપર અને માલિક ઉશ્તર પર બગડ્યા. બધા લોકો એ બાબતે એકમત થઈ ગયા કે કુરઆને મજીદને હુકમ બનાવવામાં આવે. અશ અશ બિન કૈસે જનાબે અમીર(અ.)ને અરજ કરી, હું જોઈ રહ્યો છું કે જે કાર્યની બાબતમાં શામીઓએ આપણને દાવત આપી છે, તેના ઉપર આપણા લોકો પણ રાજી થઈ ગયા છે કે કુરઆને મજીદને તેમની વચ્ચે હુકમ માનવામાં આવે. જો આપની મરજી હોય તો હું મોઆવિયાને પૂછી આવું કે તેમનો મતલબ શું છે. જનાબે અમીરે ફરમાવ્યું, જાઓ પૂછી આવો. અશઅશ મોઆવિયાની પાસે ગયો અને કહેવા લાગ્યો, અય મોઆવિયા ! તેં કુરઆન શરીફને નેઝાઓ ઉપર બુલંદ શા માટે કર્યા છે? મોઆવિયાએ કહ્યું, એટલા માટે કે અમે અને તમે ખુદાની કિતાબ અને તેના હુકમ તરફ આકર્ષિત થઈએ. અશઅશે કહ્યું, આ બિલકુલ યોગ્ય છે. ત્યાંથી પાછા આવીને

અશઅશે જનાબે અમીરની ખિદમતમાં મોઆવિયા સાથે થયેલ બધી જ વાતચીતની વિગતો જણાવી. બધા લોકો કહેવા લાગ્યા, અમે પણ આ બાબત ઉપર રાજી છીએ. પછી શામના લોકોએ કહ્યું, અમે તો અબુ મૂસાની હુકૂમત પર રાજી છીએ. જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, શરૂઆતમાં તો તમે મારી નાફરમાની કરી છે, હવે તો ના કરો. હું અબુ મૂસામાં હુકૂમત કરવાની લાયકાત જોતો નથી. તેઓ જૂનવાણી વિચારના છે. ઉમરૂ બિન આસના છળકપટથી પરિચિત નથી. અશઅશ અને ઝૈદ બિન હસીન અને મસ્અર બિન કદકી કહેવા લાગ્યા, અમે તો તેમના સિવાય બીજા કોઈ ઉપર રાજી નથી. જેમની વચ્ચે અમે ઉછરીને મોટા થયા છીએ તેણે અમને આના પહેલાં પણ તેનાથી ડરાવ્યા હતા. અમે તેના સિવાય બીજા કોઈની વાત નહીં માનીએ.

જનાબે અમીરે ફરમાવ્યું, અબુ મૂસાથી આ કાર્ય પૂરું થઈ નહીં શકે. ઈબ્ને આસ મોજૂદ છે. જો તમે કહેતા હો તો હું તેને હુકૂમત પર નિયુક્ત કરું. તે લોકો કહેવા લાગ્યા, ખુદાની કસમ, અમે તેની પરવા પણ કરતા નથી. તેનો હુકમ હોત તો ખુદ આપનો ખુદ પોતાના માટે હુકમ બને છે. અમે તો એવા માણસને પસંદ કરીએ છીએ કે જે આપનો અને મોઆવિયાનો એકસરખો તરફદાર હોય. જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, હવે છોડો બધી વાત. હું ઉશ્તરને નિયુક્ત કરું. તેઓ કહેવા લાગ્યા, ઉશ્તરે જ તો આ આગ સળગાવી છે.

હઝરત અમીરે ફરમાવ્યું, જ્યારે તમે મારી વાત માનતા જ નથી તો જાઓ, અબુ મૂસાને મારી પાસે લઈ આવો, હું જે ઈચ્છું તે કરું. અબુ મૂસાએ દિવસોમાં બન્ને સમુદાયોથી અલગ હતા. લડાઈમાં શામેલ થયા ન હતા. તેમનો ગુલામ તેમની પાસે આ ખબર પહોંચાડવા દોડતો દોડતો ગયો કે બન્ને પક્ષો વચ્ચે મસ્લેહત થઈ ગઈ છે. અબુ મૂસાએ સુલેહની ખબર સાંભળીને કહ્યું, અલ્હમ્દોલિલ્લાહ! પછી ગુલામે કહ્યું કે તમને લોકોએ હુકમ નિયુક્ત કર્યા છે. કહેવા લાગ્યો, ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન. જયારે અબુ મૂસા જનાબે અમીર(અ.)ની પવિત્ર ખિદમતમાં હાજર થયા ત્યારે અહનફ બિન કૈસ પણ લડાઈથી અલગ હતા તે પણ હઝરતની ખિદમતમાં હાજર થયા અને કહેવા લાગ્યા, યા અમીરુલ મોમિનીન ! ઈબ્ને આસે આપને જમીન ઉપર પટકી દીધા છે. હું અબુ મૂસાના પુનરાગમનથી આશ્ચર્ય અનુભવું છું. હું થોડે દૂર સુધી તેની સાથે થઈ ગયો હતો. હું તેને જબાનનો બુઠો અને ઓછી અક્કલવાળો માણસ જાણું છું. તે એ લોકોની સુધારણા કરવા માટે કાબેલ નથી. એના માટે તો એવો માણસ જોઈએ કે જે તેમની પાસે રહીને આકાશના તારાઓની માફક દૂર રહે. જો તમે મને હુકમ બનાવત તો આપ જોઈ શકત કે હું કેવું કરું છું, નહિતર આપે મને અબુ મૂસાની સાથે બીજો અથવા તો ત્રીજો હુકમ બનાવ્યો હોત. ઉમરૂ બિન આસે મારી સામે એવી સમસ્યા નથી મૂકી કે જેને મેં ખોલી ન હોય. (ક્રમશઃ)


## હૈદરાબાદમાં હોસ્ટેલ સુવિધા

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વિદ્યાર્થી ભાઈઓ માટે હૈદરાબાદ ખાતે આવેલ મશાયખી સ્ટુડન્ટસ રેસીડેન્સીમાં જૂન-૨૦૧૦થી ધો.૮ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ચાલુ થનાર છે. પ્રવેશ મેળવવા ઈચ્છનાર વિદ્યાર્થીઓએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

:::::::::: **સંપર્ક** ::::::::::

**અલજીભાઈ (ચડોતર)** ૦૯૨૪૬૨૮૪૪૨૯
**ગુલામહૈદર(રસુલપુર)** ૦૯૦૩૦૪૧૪૮૪૪
**મહેંદીઅલી એન્જિનીયર** ૦૯૨૯૩૧૯૦૭૧૫

**નોંધ :** હૈદરાબાદ, અમદાવાદ અને પાટણ ખાતે આવેલ હોસ્ટેલ્સનાં પ્રવેશપત્રો **મકતબા જાફરીયા, સેદ્રાણા** ખાતેથી મેળવી શકાશે.
સંપર્ક : એ.ડી.મોમિન ૯૪૨૭૩૩૦૪૨૯

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Fatal Attraction (પ્રાણઘાતક આકર્ષણ)

در سر کار تو کردم دل و دین با همه دانش
مرغِ زیرک به حقیقت منم امروز و تو دامی

**દર સરે કાર તૂ કર્દમ દિલ વ દીન બા હમા દાનિશ**
**મર્ગે ઝૈરક બ હકીકત મનમ ઈમરોઝ વ તૂ દામી**

(ડહાપણ હોવા છતાં તારા પ્રેમને કારણે જ મેં હિંમત પણ ગુમાવી અને ઈમાન પણ ગુમાવ્યું. ખરેખર આજે હું એક ચાલાક પક્ષી છું અને તું એક પ્રપંચજાળ છે કે જેની અંદર હું ફસાયો છું.)

## Fate (તકદીર/ભાગ્ય)

به رنج و سعی کسی نعمتی به چنگ آرد
دگـــر کس آید و بی سعی و رنج بردارد

**બ રંજ વ સઈ કસી નેઅમતી બ ચંગ આરદ**
**દિગર કસ આયદ વ બી સઈ વ રંજ બર્દારદ**

(કોઈ માણસ ખૂબ હાડમારી વેઠીને અને પ્રયત્નો કરીને ધન ભેગું કરે છે જ્યારે બીજો માણસ આવે છે અને કોઈ પણ જાતના પ્રયત્ન અને હાડમારી વગર તે ધન લઈ જાય છે.)

چو آید ز پی دشمن جان ستان
ببـنـدد اجل پای اسبِ دوان
درآندم که دشمن پیاپی رسـید
کـمـانِ کـیـانـی نشـاید کشید

**ચૂ આયદ જ પી દુશ્મન જાન સતાન**
**બ બંદદ અજલ પાઈ અસ્બે દવાન**
**દર આનદમ કે દુશ્મન પીયાપી રસીદ**
**કમાને કયાની નશાયદ કશીદ**

(જ્યારે કોઈ ખૂની દુશ્મન તમારો પીછો કરે ત્યારે ભાગ્ય (મૃત્યુ) તમારા ઝડપી ઘોડાના પગ બાંધી દે છે. જે સમયે દુશ્મન તમારા ઉપર પાછળથી હુમલો કરે ત્યારે કોઈ પણ માણસ બાદશાહી તીર ભાથામાંથી ખેંચી કાઢવા અશક્તિમાન હોય છે.)

هرآنکه گردشِ گیتی به کین او برخاست
بـه غـیـرِ مصلحتش رهـبری کـند ایّام
کبوتری کـه دگـر آشیان نـخواهـد دید
قـضـا هـمی بـردش تـا بـه سوی دانه و دام

**હર આંકા ગર્દિશે ગૈતી બ કૈન અવ બરખાસ્ત**
**બે ગૈરે મસ્લેહતશ રહબરી કુનદ ઐયામ**
**કબૂતરી કે દિગર આશિયાન ન ખ્વાહદ દીદ**
**કઝા હમી બરદશ તા બ સવી દાના વ દામ**

(વિધાતા એ દરેક માણસને ગેરમાર્ગે દોરે છે કે જે દુનિયાના ભાગ્ય પરિવર્તનનો ભોગ બને છે. જે કબૂતરના ભાગ્યમાં પોતાનો માળો ફરી વાર જોવાનું લખ્યું ન હોય તેવા કબૂતરને નસીબ દાણા તરફ અને પ્રપંચજાળ તરફ દોરીને લઈ જાય છે.)

## Fear (ભય-ડર)

از آن کَز تـوتـرسـد بترس ای حکیـم
وگـر با چـنـو صـد، برآیی بـه جـنـگ
از آن مـــارَ بـــر پـــای راعـــی زنـــد
کـه ترسـد سرش را بکـوبـد بـه سـنـگ
نـبـیـنی کـــه چـون گـربـه عـاجـز شـود
بـــرآرد بـــه چـــنـگال چـــشمِ پـلـنـگ

**અઝ આં કઝ તૂ તર સદ બતરસ અય હકીમ**
**વગર બા ચેનૂ સદ બરઆયી બ જંગ**
**અઝ આં માર બર પાયી રાયી ઝંદ**
**કે તરસદ સરશ શબાકૂબદ બ સંગ**
**નબીની કે ચૂં ગરબા આજિઝ શૂદ**
**બર આરદ બ ચુંગાલ ચશ્મે પલંગ**

(અય ડાહ્યા માણસ ! જે તને ભય પમાડે તેને તું બીવરાવ ભલેને પછી તું તેના જેવા એકસો માણસોને પકડી રાખવા માટે સક્ષમ હોય. સાપ ખેડૂતના પગે કરડે છે કારણ કે તેને ભય હોય છે કે ખેડૂત તેના માથાને પથ્થર વડે ચગદી શકશે. શું તમે જોતા નથી કે બિલાડી જ્યારે મરણિયી બની જાય છે ત્યારે (તેના પર હુમલો કરનાર) ચિત્તાની આંખોને પણ બહાર કાઢી નાખે છે ?)

## Filial Ingratitude (સંતાનોની નમક હરામી)

سالها بـر تـو بـگـذرد کـه گـذار
نَـکُـنـی سـوی تـربـتِ پـدرت
تو به جای پدر چـه کـردی خیـر؟
تـا هـمـان چـشـم داری از پـسـرت

**સાલહા બાર તૂ બુગઝદર કે ગુઝાર**
**ન કુની સાવી તુરબાત પિદરત**
**તૂ બ જાયી પિદર ચે કર્દી ખૈર ?**
**તા હમાન ચશ્મ દારી અઝ પિસારત**

(તારા પિતાની કબર ઉપર (ફાતિહા પઢવા) જવામાં તો તને વર્ષો થઈ ગયાં. તેં તારા પિતાની ભલાઈ કરવાનું એવું તે શું કાર્ય કર્યું છે કે તારો દીકરો તારી કબર પર આવે એવી તું હવે આશા રાખે છે?)

چه خوش گفت زالی به فرزند خویش
چـو دیـدش پلنگ افکـن و پیلتـن
گـر از عـهـد خُـردیـت یـاد آمـدی
کـه بیچـاره بـودی در آغـوش مـن
نـکـردی در ایـن روز بـر مـن جفـا
کـه تـو شـیـرمردی و مـن پـیـرزن

**ચે ખૂશ ગુફત ઝાલી બ ફરઝંદ ખવીશ**
**ચૂ દીદશ પલંગ અફકન વ પીલતન**
**ગર અઝ અહદ ખુરદીત યાદ આમદી**
**કે બીચારા બૂદી દર આગોશ મન**
**ન કરદી દર ઐન રોઝ બાર મન જફા**
**કે તૂ શેર મર્દી વ મન પીરઝન**

(એક વૃધ્ધ સ્ત્રીએ જ્યારે પોતાના દીકરાને ચિત્તા અને હાથીના જેવી શક્તિ અને તાકાત ધરાવતો જોયો તો તેને કેવું સરસ વાક્ય કહ્યું : 'જો તને તારું બાળપણ યાદ આવતું હોય કે જ્યારે તું મારી આગોશમાં કેવો બિચારો અને નિ:સહાય હતો તો તું આજે મને આવી તકલીફ ન આપત જ્યારે કે તું અત્યારે સિંહ જેવો મજબૂત છે અને હું વૃધ્ધાવસ્થાને લીધે અશક્ત છું.)

## Firmness (મક્કમતા)

کسی که لطف کند با تو، خاک پایش باش
وگـر ستیزه بَرَد، در دو چشمش آکن خاک
سخن به لطف و کرم با درشتخوی مگـوی
کـه زنگ خورده نگردد به نرم سوهان پـاک

**કસી કે લુત્ફ કનદ બા તૂ ખાક પાયશ પાશ**
**વગર સતીઝા બરદ દર દવ ચશ્મશ આકન ખાક**
**સુખન બે લુત્ફ વ કરમ બા દર શતખવી મગવી**
**કે ઝંગ ખુર્દા નગરદદ બ નરમ સૂહાન પાક**

(જે માણસ તારી સાથે દયાપૂર્ણ વ્યવહાર કરે તેની ચરણરજ બની જજે પરંતુ જો તે તારી સાથે હિંસા આચરે તો તેને તેની આંખોમાં નાખજે. જે તારી સાથે અસભ્યરીતે વર્તે તો તું તેની સાથે નમ્રતાપૂર્વક અને દયાપૂર્વક વાતો ન કરતો કેમકે હળવી આગમાં તપાવવાથી લોખંડ ઉપર જામેલો કાટ દૂર થતો નથી.)




**લગ્ન વિષયક**

**કન્યા જોઈએ છે.**

નામ : મહેબૂબહુસૈન ઈબ્રાહીમભાઈ
ઉંમર : ૩૧ વર્ષ
રહેઠાણ : પાનારવાડ, મોમિન વાડ, મુ.વસો, તા. નડીયાદ, જિ. ખેડા
નોકરી : મધ્ય ગુજરાત વિજ કંપની લી.(G.E.B.) માંડવી વડોદરા,
હોદ્દો : વિજ સહાયક (વાયરમેન)
ફોન નંબર : ૯૪૨૯૪૧૪૪૬૫ - મહેબૂબ
૯૯૨૫૨૧૮૬૧૬ - ઈબ્રાહીમ



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૭૧**

**પીયા કેરા પંથ મેં બોત બખાંના,**
**પંથી જેને સુધા પંથ પિછાંના.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તરીકતના પથિકે કે જેણે સીધા માર્ગને ઓળખી લીધો તેણે પીયુના પંથનાં ખૂબ વખાણ કર્યા.)

**પહેલે સબ બેદકી બિગત પિછાંને,**
**જે રે જીસ ઠાંમા ઉસે વેસા જાંને.**

(સૌ પ્રથમ તો તરીકતના પથિકે જાહેરી માર્ગ શરીઅતની બધી વિગતોને ઓળખવી જોઈએ અને જેનું સ્થાન જેવું હોય એવો જ એને માનવો જોઈએ.)

**બેદકા ભેદ જબ જીભું આખે,**
**તબ જે રે જિસ ઠાંમા ઉસે વેસા દાખે.**

(જ્યારે ધર્મશાસ્ત્રના રહસ્યને, તેના ભેદને પોતાની જીભથી ઉચ્ચારે ત્યારે જે જગ્યાએ જે હોય તેવું જ તેને માને.)

**ઠાંમ એક એક દુજા જો પંથી કે'વે,**
**તો કરમકા ભાડા આપ સર લેવે.**

(જો તરીકતનો પંથી એક જગ્યાનો બીજી જગ્યા તરીકે ઉલ્લેખ કરે તો તેણે કરેલ કાર્યનું વળતર તેના શિરે તે લેશે.)

**વે માંને ખુશાલી દોઝખ જાંહાં,**
**જીભ ના બસ કરે આપ ગમાંન માંહાં.**

(જો તરીકતનો પથિક પોતાનું અભિમાન કરવામાં પોતાની જીભને રોકવાનો પ્રયત્ન ન કરે તો જ્યાં દોઝખ છે ત્યાં તે ખુશાલી મનાવશે અર્થાત તેનું સ્થાન દોઝખમાં હશે.)

**તો દેખોને ઉસકી બિગત એસી,**
**તો ક્યું કર નાં પાવે વેસી?**

(અભિમાની માણસની જો આવી પરિસ્થિતિ હોય તો પછી તે જહન્નમમાં જવાની સજા કેમ ના મેળવે?)

**જો પીરકું દેખ તે પયગમ્બર કહીએ,**
**તો સજા રે ઉસકી દોઝખ લહીએ.**

(દરેકને પોતાના સ્થાન પ્રમાણે, મરતબા પ્રમાણે માનવા જોઈએ. જો કોઈ માણસ પીરને જોઈને તેમને પયગમ્બર કહે તો પછી તેની સજા દોઝખ જ છે એવું ગણજો.)

**આખર નબી પીર મુખ આયા,**
**નબી બાજ ઉનુંકું યું ખોલકર દાખા.**

(અલ્લાહના આખરી નબી(સ.)ના મુખ ઉપર પીરની વાત આવી અને નબી પછી તેમણે એ બાબતનું રહસ્ય આ રીતે ખોલીને બતાવ્યું.)

**જો હવે બંદા પીયાકા વે શબદ ફિરાવે,**
**તો કાહે નાં દોઝખ આપ ચલ જાવે ?**

(જો હવે બંદો પોતાના પીયુના શબ્દોને ફેરવી દે અર્થાત એ શબ્દ મુજબ વર્તન ન કરે તો તે સામે ચાલીને દોઝખમાં કેમ ન જાય ?)

**હુકમ પીયા બેદ પીર જો પંથી નાં કબુલે,**
**નાં જીભેસું કેહ કર પંથસુ ડુલે.**

(પીર અંગેનો પીયાનો હુકમ જો તરીકતનો પંથી ન સ્વીકારે તો પોતાની જીભથી કહીને તે પોતાના પંથથી ચલિત થઈ જાય.)

**દોઝખ માંહે ઉસકા ઠાંમા,**
**ફલ પાવે પંથી જેસા કરે કાંમા.**

(જે અલ્લાહના હુકમની અવગણના કરે તેનું સ્થાન દોઝખમાં છે. પંથી જેવું કામ કરશે એવું એને

ફળ મળશે.)

**પીયાનો આદમકુ બંદા કીતા,**
**પીયાજી એ મુખસું યું અમર દીતા.**

(પીયુજી અલ્લાહે હઝરત આદમ(અ.)ને પોતાના બંદા તરીકે ગણાવ્યા. અલ્લાહે આમ પોતે આવો હુકમ પોતાના તરફથી આપ્યો.)

**વે કોઈ પંથી જે હુકમ ફિરાવે,**
**પીયા ખાલિક તોલે આદમકું લાવે.**

(જો કોઈ તરીકતનો પંથી અલ્લાહના હુકમની અવગણના કરે અને હઝરત આદમ(અ.)ને સર્જનહાર અલ્લાહની સમકક્ષ ગણે તો...)

**તો ઊંડા રે દોઝખ ઉસકું નાંખા,**
**તો કમાઈકા અપના અઝાબ ચાખા.**

(....તો સમજી લેજો કે અલ્લાહે તેને ઊંડામાં ઊંડા દોઝખમાં નાખી દીધો અને તેણે પોતાની કમાણીનો અઝાબ ચાખી લીધો.)

**પીયા પંથ મન કર પંથી તો સુણીએ,**
**સમજ હો રાહમાં બિગત સું ભણીએ.**

### -: રે તુંહી :-

(તરીકતના પથિકે પીયુના પંથની જે વાતો સાંભળી હોય એટલી જ કરવી જોઈએ. આ માર્ગની વિગતો સમજી બુઝીને જ બીજાને કહેવી જોઈએ.)

**પંથ પીયાકા દોહેલા, બિગત સુ મન કર જાંન રે,**
**બિગત સુ મન કર જાંન;**
**બિન બિગત કહી ભુલીએ, સો ઉસ પંથમાં પિછાંન રે,**
**સો ઉસ પંથમાં પિછાંન.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયાનો પંથ ખૂબ જ વિકટ અને કઠીન છે. તેને વિગતવાર મનથી જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. જે વિગત કહેવામાં ન આવી હોય તેવી વિગતને ભૂલી જવી. તો આ પંથની ઓળખ આવી છે.) *

### *G. K. Corner Solution* (105)


(૧) રાજકોટમાં (૨) પિરોટન (૩) પંચમહાલ (૪) કચ્છ (૫) ફર્નિચર (૬) કોઈ અપીલ થતી નથી (૭) ન્યાયમૂર્તિ રંગનાથ મિશ્રા


નવાને આવકારો
જુનાથી મેળવો છુટકારો


અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે

METRO®

છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા



▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
▶ સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રકચર અને બોડી



OUR OTHER PRODUCTS
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેક્સ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

Mfg. By : PERFECT ENGINEERS
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬, મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### દાનધર્મ-સખાવત

(ગતાંકનું ચાલુ)

**ઈસાર :**

સખાવતના ખૂબ ઊંચા દરજ્જાને ઈસાર કહેવામાં આવે છે. **'ઈસાર'**નો અર્થ થાય છે બીજાઓના હિત ખાતર પોતાના હિતનો ત્યાગ કરવો. પોતાના ફાયદા કરતાં બીજાના ફાયદાને પ્રાધાન્ય આપવું. બીજા શબ્દોમાં કહીએ તો સ્વાર્થ ત્યાગ કરવો. ઈસાર મહાન કુરબાની છે કે જેમાં માણસ પોતાની જરૂરિયાત હોવા છતાં તે વસ્તુ અન્યની જરૂરિયાત માટે આપી દે છે. આમ ઈસાર એક મહાન રૂત્બો છે કે જેને મહાનુભાવો જ પામી શકે છે. અલ્લાહ તઆલાએ પોતાની કલામે પાકમાં આવા લોકોનાં આ શબ્દોમાં વખાણ કર્યાં છે :

**'વયુસેરૂન અલા અન્ફોસેહિમ વલવ કાન બેહિમ ખસાસા.'** અર્થાત તેમને એની સવિશેષ જરૂર હોવા છતાં તેઓ એને પોતાના નફસો પર સરસાઈ બનાવી દે છે.

આ આયત હઝરત અલી(અ.) જનાબે ફાતેમા ઝેહરા(અ.) અને જનાબે હસનૈન(અ.)ની શાનમાં નાઝિલ થઈ છે. વળી **મિસ્કીનંવ વ યતીમંવ વ અસીરા**ને પોત પોતાના ભાગની રોટલીઓ આપી દેવાની બાબત પણ પંજેતન પાક(અ.)ના ઈસારની ઉત્તમ સાબિતિ છે. ઈસારની ઉમદા અને મહાન સિફત આપણા પયગમ્બર હઝરત મોહંમદ(સ.)ના જીવનમાં તેમજ આપના એહલેબયતના જીવનમાં વણાઈ ગઈ હતી. આપ(સ.)એ લાગલગાટ ત્રણ દિવસ સુધી પેટ ભરીને ખાધું નથી. આપ એ બધું ફકીરોને અને ભૂખ્યાઓને આપી દેતા હતા. હઝરત અલી મુર્તઝા(અ.)ના ઈસારની વાતો પણ જગજાહેર છે. શબે હિજરતના દાખલાથી કોણ પરિચિત નથી ? હિજરતની રાત્રે રસૂલિલ્લાહ(સ.)ની પથારી ઉપર સૂઈ જઈને આપે પોતાના જીવનો ઈસાર એટલા ઉત્સાહપૂર્વક બતાવ્યો કે ખુદાએ તેનો ઉલ્લેખ ફરિશ્તાઓ સમક્ષ કરતાં ફરમાવ્યું, **'મય્યશરી નફસ હુબ્તેગાઅ મર્ઝાતિલ્લાહ'** અર્થાત જેણે પોતાનો જીવ અલ્લાહની મરજી પામવા માટે વેચી (અર્પણ કરી) દીધો છે.

હઝરત ઈમામ હુસૈન(અ.)એ પણ કરબલાના મેદાનમાં ઈસારનું એવું દૃષ્ટાંત રજૂ કર્યું છે કે જેને દુનિયા આજપર્યંત યાદ કરે છે. ઈમામ હુસૈન(અ.)ના સાથીઓએ પણ કરબલામાં ઈસારનાં દૃષ્ટાંતો આપ્યાં છે. તેથી જ તો આપણે મોહર્રમમાં દુરૂદ શરીફમાં દરરોજ પઢીએ છીએ :

**કુરબાનીચાંકા સિદ્કકા ઈસારો બયઅતકા,**
**તુમને જહાંમે સબકો દિખાયા હૈ રાસ્તા.**

આપણા નબી(સ.)ના એહલેબયતની, આપણા બધા ય ઈમામોની તેમજ વલીઅલ્લાહની પણ આવી જ પરિસ્થિતિ હતી. તે મહા માનવો ઈસારથી જરા પણ અચકાતા ન હતા. આપના કેટલાક દોસ્તોએ પણ આ મહાન ગુણને પોતાના જીવનમાં અપનાવી લીધો હતો.

**જરૂરિયાતમંદ લોકોને મદદ શા માટે ?**

- અલ્લાહ તઆલાએ આપણી મુશ્કેલીઓના સમયે આપણને મદદ કરી છે. પરંતુ તેનો આભાર વ્યકત કરવાનો સમય આપણને ભાગ્યે જ મળે છે. અલ્લાહ તઆલાએ આપણી મદદ કરવાની કદી

ના પાડી નથી તો પછી આપણા જ દીનબંધુઓની મદદનો ઈન્કાર કરવાનો આપણને શું અધિકાર છે?

- અલ્લાહ તઆલા હદીસે કુદસીમાં હઝરત મૂસા પયગમ્બર(અ.)ને સંબોધીને ફરમાવે છે,

**'અય મૂસા ! જ્યારે તું મારી મખ્લૂક સાથે સદવર્તન કરે છે ત્યારે હું એટલો બધો ખુશ થઈ જાઉં છું કે જાણે તેં મારી સાથે સદવર્તન કર્યું હોય.'**

- ઉપરોક્ત બાબત બતાવે છે કે દાન આપીને કોઈના તરફ કર્તવ્ય પાલનની ભાવના વ્યક્ત કરવા ઉપરાંત આપણે અલ્લાહની રજામંદી પણ પ્રાપ્ત કરી શકીએ છીએ.

- પરોપકારી બનવા માટે આપણી પાસે પૈસા હોવા જરૂરી નથી. તેનાથી ઉલ્ટું, સદ્‌ભાવનાનાં સૌથી ઉત્તમ અને પ્રશંસાપાત્ર સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે કોઈની ભલાઈ માટે પોતાનો સમય ફાળવવો. એ પણ એક જાતની સખાવત છે.

- જ્યારે કોઈ માણસ કોઈ વસ્તુનું દાન આપે છે, ભલે ને પછી તે ધનના સ્વરૂપમાં હોય કે સમયના સ્વરૂપમાં હોય, ત્યારે તેને એવું લાગે છે કે મેં તે (ધન અથવા સમય) વેડફી દીધો. પરંતુ ખરેખર એવું નથી હોતું.

અલ્લાહ તઆલા સખાવત વિષે કુરઆન શરીફમાં ફરમાવે છે :

**'તે(લોકો)નો દાખલો કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે (અનાજના) એક કણના દાખલા જેવો છે કે જેમાંથી સાત કણસલાં (ડુંડાં) ઉગે છે કે (જેના) દરેક કણસલામાં એકસો દાણા હોય છે. અને અલ્લાહ જેના માટે ચાહે છે બમણા-ચોમણા કરી દે છે; અને અલ્લાહ સર્વ વ્યાપી (અને) સર્વજ્ઞ છે.**

(પારો-૩, સૂરએ બકરહ, આયત-૨૬૧)

- ઉપરોક્ત આયતનો અર્થ એવો થયો કે જ્યારે આપણે આપણી કમાણીમાંથી કોઈને કંઈક આપીએ છીએ તો તે આપણે વેડફી દેતા નથી પણ તે બાબત આપણી રોઝીમાં કેટલોય ગણો વધારો કરી દે છે.

**<u>દાન જાહેરમાં આપવું કે ગુપ્તરીતે આપવું ?</u>**

આ અંગે પણ અલ્લાહ તઆલાએ કુરઆન શરીફમાં માર્ગદર્શન આપેલું છે. અલ્લાહ તઆલા કહે છે કે આપણે જાહેરમાં અથવા તો ગુપ્તરીતે એમ બન્ને રીતે દાન આપવું જોઈએ.

- આપણે દાન ગુપ્ત રીતે એટલા માટે આપવું જોઈએ કે આપણે અલ્લાહની મહોબ્બતમાં આપીએ છીએ એવી આપણી જે નિય્યત હોય છે તે શુધ્ધ જ રહે. આવું એટલા માટે કે લોકોની હાજરીમાં આપવાથી આપણાં કાર્યોમાં અભિમાન પેદા ન થાય - રિયાકારીથી બચી શકાય.

- આવું હોવા છતાં ય જો આપણને એવી લાગણી થાય કે જાહેરમાં આપવાથી બીજા લોકો પણ જોશે અને આપણી માફક તેઓ પણ દાન આપવા પ્રેરાશે તો આપણે જાહેરમાં દાન આપવું જોઈએ.

- દાન આપવાની ભાવના જો ન હોય તો જે સમાજમાં આપણે રહીએ છીએ તે સમાજ સ્વાર્થી અને ભાવનાશૂન્ય બની જાય.

- હંમેશાં આ બાબતને યાદ રાખીએ કે અલ્લાહે આપણને જે કંઈ ધન દોલત આપી છે તે આપણી કસોટી કરવા માટે આપી છે કે આપણે તે ધન દોલતમાંથી બીજાને કંઈ આપીએ છીએ કે નહીં.

**ઊઠ કર તો આ ગયે તેરી બઝ્મ સે મગર,**
**કુછ દિલ હી જાનતા હૈ કિસ દિલસે આયે હૈ.**

(તારી મહેફિલમાંથી ઊભા થઈને ચાલ્યા તો આવ્યા પરંતુ દિલ જ જાણે છે કે કેવા દિલથી આવ્યા છીએ.)

કયામતના દિવસે અલ્લાહ તઆલા આપણને પૂછશે, 'તમને મેં જે ધન દોલત આપી હતી તેનું શું કર્યું ? શું તમે તે ધન દોલત માત્ર તમારા માટે જ વાપરી કે પછી મારી મખ્લૂકમાંથી કોઈ બીજાના માટે તમે વાપરી ?' જો સખાવતનો આ ગુણ આપણે ન વિકસાવીએ તો અલ્લાહના આ પ્રશ્નનો જવાબ આપવો ભારે પડી જશે.

- જેમ જેમ ધન દોલત વધતી જાય તેમ તેમ જવાબદારી પણ વધતી જાય છે કેમકે ગરીબ માણસ કરતાં તો પૈસાદાર માણસની પાસે દાન કરવાની તકો વધારે પ્રમાણમાં હોય છે. કયામતના દિવસે અલ્લાહ આપણને પૂછશે કે ગરીબોની યાતના માટે કોણ જવાબદાર હતું ? તો એ વખતે આપણા આમાલ દોષિત ન બની જાય એવું આપણું વર્તન દુનિયામાં હોવું જોઈએ. *

## ટચૂકડી વાત

*હઝરત અલી(અ.)ના ખિલાફતકાળમાં એક માણસને ગિરફ્તાર કરીને આપની સમક્ષ લાવવામાં આવ્યો કે જેનું નામ એઝાર હતું. એના ઉપર મોઆવિયાના જાસૂસ હોવાનો આરોપ હતો.*

*તેને વારંવાર પૂછવામાં આવ્યું. તેમ છતાં તે ઈન્કાર કરતો જ રહ્યો. છેવટે ઈમામ અલી(અ.)એ તેને કહ્યું,*

*'શું તું કસમ ખાઈને કહીશ ખરો કે હું જાસૂસી નથી કરતો ?'*

*તેણે કહ્યું,*

*'હા. હું કસમ ખાઈને કહું છું કે હું જાસૂસી નથી કરતો.'*

*હઝરત અલી(અ.)એ કહ્યું,*

*'જો તેં ખોટી કસમ ખાધી હશે તો ખુદા તને આંધળો બનાવશે.'*

*જુમ્આના દિવસે તેની આંખોનો પ્રકાશ જતો રહ્યો અને તે આંધળો થઈ ગયો. **

## નુસ્ખા

### દાંતની પીડા

(ગતાંકનું ચાલુ)

* પાકા ટામેટાનો રસ ૫૦ ગ્રામ જેટલો દિવસમાં ત્રણ વાર પીવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
* દાંતમાં સડો લાગે તો મીઠાના પાણીના કોગળા વારંવાર કરવાથી આરામ મળે છે.
* કોફીનો ઉકાળો કરી તેના કોગળા કરવાથી દાંતનો સડો અને દાંતનો દુઃખાવો મટે છે.
* કાંદો ખાવાથી દાંત સફેદ દૂધ જેવા થાય છે.
* રોજ સવારે મેથીને પાણીમાં પલાળીને નરણે કોઠે ચાવીને ખાવાથી પાયોરિયા મટે છે.
* તુલસીના પાન ચાવવાથી અને તુલસીના પાનના ઉકાળાના કોગળા કરવાથી દાંત અને પેઢાં મજબૂત થાય છે.
* પોલા થયેલ અને કોહવાઈ ગયેલ દાંતના પોલાણમાં લવીંગ અને કપૂર અથવા તજ અને હીંગ વાટીને ભેગું કરીને ભરી દેવાથી આરામ મળે છે.
* દાંત પીળા પડી ગયા હોય તો પીસેલું મીઠું અને ખાવાનો સોડા મેળવીને દાંતે ઘસવાથી પીળાશ મટે છે.

### વાયુ

* તુલસી, ફુદીનો, મરી અને આદુનો ઉકાળો પીવાથી વાયુ મટે છે.
* અજમો ગરમ કરી તેના સરખે ભાગે સિંધવ લઈ, વાટી ભેગું કરીને તેમાંથી ત્રણ ભાગ જેટલું ગરમ પાણી સાથે લેવાથી કોઠાનો વાયુ મટે છે.
* નાગરવેલના પાન અને સરગવાની છાલને એકત્ર કરી રસ કાઢી પીવાથી નળ ફુલ્યા હોય તો તે મટે છે. *

# આપણા ઘરની વાતો


● **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા કનાઈ મુકામે 'મહેફિલે ઈલ્મીયા' કવીઝ કોમ્પિટીશનનું આયોજન :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૧૬-૫-૨૦૧૦ના રોજ **'મહેફિલે ઈલ્મીયા'** કવીઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જુદા જુદા ગામો કઠોર, સેજલપુરા, કનાઈ, ઈલોલ(તલાવ), ઈલોલ(પહાડીયા), સુરપુર, મહેરપુરા, કિશોરગઢ વગેરે ગામોની થઈને કુલ ૩૧ ટીમોએ ભાગ લીધો હતો. સવારે ૮-૩૦ કલાકે કનાઈ પ્રાથમિક શાળામાં લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કનાઈ ગામના શિક્ષક મો.કાસમભાઈ તથા મો.ઝુલ્ફિકારઅલી અને ગામના અન્ય ભાઈઓ તથા બહેનોએ પરીક્ષાની વ્યવસ્થામાં યોગદાન આપ્યુ હતું. લેખિત પરીક્ષા બાદ સ્પર્ધકો માટે ઈમામવાડામાં ૧૦-૦૦ કલાકે કનાઈના મો.મયસમઅલી દેધરોટીયા, મો. ઈન્તેખાબઅલી(મામા) તથા મો.શેરઅલી યુ. કોવડીયા તરફથી જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું અને જમણવારમાં કનાઈ ગામના મુખી, આગેવાનો અને અન્ય મોમિનોએ સહકાર આપ્યો હતો. આ ઉપરાંત કનાઈ ગામના મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ પટેલ તરફથી ઈનામોની પૂરેપૂરી રોકડ રકમ આપવામાં આવી હતી અને વધુમાં આવતી સાલ માટે કનાઈના મો.અબ્બાસભાઈ આઈ. કોવડીયા તરફથી રૂા.૪૦૦૦/- રોકડા આપવામાં આવ્યા હતા. બપોરે ૧૧-૩૦ કલાકે કવીઝ કોમ્પિટીશનની શરૂઆત કરવામાં આવી હતી જેમાં સૌ પ્રથમ કુરઆન શરીફની તિલાવત, નામદાર બાવા સાહેબની તસ્વીરને ફૂલહાર અને ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કનાઈ ગામ જમાઅત તથા વિકાસ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. **'મહેફિલે ઈલ્મીયા'** કવીઝ કોમ્પિટીશના રાઉન્ડ માટે પસંદ થયેલ પાંચ ટીમોની માહિતી નીચે મુજબ છે.


| ગામ | ટીમનું નામ | સ્પર્ધકોનાં નામ |
|---|---|---|
| ઈલોલ(ત.) | હુસૈની ટીમ | સલમાબેન વેપારી, નજમાબેન દાંત્રેલિયા, નજરમહંમદ દાંત્રેલિયા |
| ઈલોલ(ત.) | પંજેતની ટીમ | અબ્બાસઅલી નુરભાણેજ, ફૈઝએહમદ નુરભાણેજ, મંજૂરઅલી ખણુશીયા |
| કઠોર | મોહંમદી ટીમ | ઈમરાનહુસૈન, મહેતાબહુસૈન, અકબરઅલી |
| કઠોર | જાફરી ટીમ | રિઝવાનઅલી એસ., મૈયમઅલી એસ., સિરાજએહમદ આઈ. |
| કઠોર | હૈદરી ટીમ | આરેફાબાનુ ટી., મંજૂરફાતેમા આઈ., નજમાબાનુ આઈ. |

લેખિત પરીક્ષામાં કઠોરની ત્રણ ટીમોએ-૯૬, ૯૫, ૯૨ અને ઈલોલ(ત.)ની ટીમોએ ૯૨ ગુણ મેળવ્યા હતા. છેલ્લે ઉપરની પાંચ ટીમોમોથી ઈલોલ(તલાવ)ની **'હુસૈની ટીમ'** વિજેતા બની હતી. અંતમાં, વિકાસ મંડળ વતી કનાઈ ગામ તથા મહેમાનોનો આભાર માનવામાં આવ્યો હતો અને ત્યાર બાદ ઈનામ વિતરણ કરી 'મહેફિલે ઈલ્મીયા' અલ્લાહના ફઝલો કરમથી અને પીરો મુરશિદની ભલી દુઆઓથી ખૂબ જ સફળરીતે પૂર્ણ થઈ હતી. આવતી સાલ માટે 'મહેફિલે ઈલ્મીયા' કવીઝ કોમ્પિટીશનનું આયોજન **અબ્બાસ કમિટી, મહેરપુરા** દ્વારા કરવામાં આવનાર છે તેની જાહેરાત કરવામાં આવી હતી.

● **ઈન્નાલિલ્લાહે :**




ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ દાઉદભાઈ બલોસપુરા** મુ.તા. ૧૭, માહે જમા.અવ્વલ-૧૪૩૧, તા.૩-૫-૨૦૧૦ને સોમવારના રોજ ટૂંકી માંદગી બાદ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેમણે કટોકટીના સમયે જમાઅતની એકતા માટે યોગદાન આપ્યું હતું. ---➔



←--- બાદરપુર નિવાસી **મર્હૂમ મો.રસુલભાઈ અલાદભાઈ દાદાવાલા** મુ.તા.૧૩, જમા.અવ્વલ-૧૪૩૧, તા.૨૯-૪-૨૦૧૦ને ગુરૂવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે લાગણીશીલ અને નરમ હૃદયના હતા. તેઓ પાંચ ટાઈમની નમાઝના પાબંદ અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા.




ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન વલીભાઈ ભગત** મુ.તા.૧૪, જમા.અવ્વલ-૧૪૩૧, તા.૩૦-૪-૨૦૧૦ને શુક્રવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ---➔




←--- વેળાવાપુરા નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ ખોરજીયા** મુ.તા.૮, જમા.અવ્વલ-૧૪૩૧, તા.૨૪-૪-૨૦૧૦ને શનિવારના રોજ ૬૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે ઓછા બોલા, નમાઝી, નેક, ઈમાનદાર અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા.


મજાદર(મહેરપુરા) નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ દોસનભાઈ અલાદ** મુ.તા.૧, જમા.અવ્વલ-૧૪૩૧, તા.૧૭-૪-૨૦૧૦ને શનિવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ મજાદર ગામમાં વૉટર વર્કસના કાર્યમાં સેવા આપતા હતા અને સામાજિક કાર્યકર હતા. તેઓ એહલેબયત અને પીરો મુરશિદના ચાહક હતા.



←--- વાઘરોલ નિવાસી **મર્હૂમ મો.હાજી રહીમભાઈ જલાલભાઈ ખરપડીયા** મુ.તા. ૧૮, રબી.અવ્વલ-૧૪૩૧, તા.૬-૩-૨૦૧૦ને શનિવારના રોજ ૭૩ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, ઈમાનદાર, પરહેઝગાર, આશિકે હુસૈન અને મોહંમદ વ આલે મોહંમદ તથા પીરાને તરીકતના ચાહક હતા. તેમણે જમાઅતની એકતા કમિટીના સભ્ય તરીકે સેવા આપી હતી. તેઓ હાલમાં ઈમામવાડાના બાંધકામ કમિટીના સભ્ય હતા અને ખડેપગે સેવાઓ આપતા હતા.



ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ વજીરભાઈ ખણુશીયા** મુ.તા.૨૭, રબી.આખર-૧૪૩૧, તા.૧૩-૪-૨૦૧૦ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ---➔



←--- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.હસનભાઈ નુરભાઈ ભુરા** મુ.તા.૨૮, જમા.અવ્વલ-૧૪૩૧, તા.૧૪-૫-૨૦૧૦ને શુક્રવારના રોજ હૃદયરોગના હુમલાથી આશરે ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા, નેક અને મહેમાનનવાઝી હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૧૨૧/- મો.મર્હૂમ નશીરભાઈ દાઉદભાઈ બલોસપુરા(ઈલાલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.**

**મર્હૂમ મો.રસુલભાઈ અલાદભાઈ દાદાવાલા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ગુલામનબી કરીમદભાઈ દાદાવાલા
રૂા.૧૦૧/- મો.ઈસુબભાઈ રસુલભાઈ દાદાવાલા
રૂા.૧૦૧/- મો.સુલેમાનભાઈ રસુલભાઈ દાદાવાલા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ રસુલભાઈ દાદાવાલા
રૂા.૧૦૧/- મો.ગુલામઅબ્બાસ રસુલભાઈ દાદાવાલા
રૂા.૫૧/- મો.નુરીબેન ઈસુબભાઈ દાદાવાલા
રૂા.૫૧/- મો.મરીયમબેન સુલેમાનભાઈ દાદાવાલા
રૂા.૫૧/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ દાદાવાલા
રૂા.૫૧/- મો.ફિઝઝાબેન ગુલામઅબ્બાસ દાદાવાલા
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી ઈસુબભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.ફિઝઝાબેન શબ્બીરભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.સાકેરાબેન શબ્બીરભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.શીરીનબેન શબ્બીરભાઈ દાદાવાલા
રૂા.૧૧/- મો.ઈસુબહુસૈન શબ્બીરભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.અબ્બાસઅલી ઈસુબભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.ઝેહરાબેન અબ્બાસઅલી દાદાવાલા
રૂા.૧૧/- મો.ઐયુબહુસૈન અબ્બાસઅલી દાદાવાલા
રૂા.૧૧/- મો.અહેસાનઅલી અબ્બાસઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.મહેંદીઅલી સુલેમાનભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.સાબેરાબેન મહેંદીઅલી દાદાવાલા
રૂા.૧૧/- મો.સાજીદઅલી મહેંદીઅલી દાદાવાલા
રૂા.૧૧/- મો.સકીનાફાતેમા મહેંદીઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.હસનઅલી સુલેમાનભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.હમીદાબેન હસનભાઈ દાદાવાલા
રૂા.૧૧/- મો.આબિદઅલી હસનભાઈ દાદાવાલા
રૂા.૧૧/- મો.તાહેરાબેન હસનભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.ઝરીનાબેન અકબરઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.ઈકરામઅલી અકબરઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.ફાઝેલાફાતેમા અકબરઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.સલમાબેન આબિદઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.ઈમ્તિયાઝઅલી ઈસ્માઈલભાઈ દાદાવાલા
રૂા.૨૧/- મો.રાશેદાબેન ઈમ્તિયાઝઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.ઈમદાદહુસૈન ગુલામઅબ્બાસ દાદાવાલા
રૂા.૨૧/- મો.નજમાબેન ઈમદાદહુસૈન દાદાવાલા
રૂા.૨૧/- મો.નફીસાબેન ઈમદાદાહુસૈન દાદાવાલા
રૂા.૨૧/- મો.ઈમરાનઅલી ગુલામઅબ્બાસ દાદાવાલા
રૂા.૨૧/- મો.મકબૂલફાતેમા ઈમરાનઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.રાહતફાતેમા ઈમરાનઅલી દાદાવાલા
રૂા.૨૧/- મો.અહેસાનઅલી ગુલામઅબ્બાસ દાદાવાલા
રૂા.૨૧/- મો.સાબેરાફાતેમા અહેસાનઅલી દાદાવાલા
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ રસુલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.કુલસુમબેન ગુલામઅબ્બાસ રાબડી
રૂા.૫૧/- મો.ગુલામહૈદર શરીફભાઈ નાથામેઠા
રૂા.૫૧/- મો.સુગરાબેન ગુલામહૈદર નાથામેઠા
રૂા.૫૧/- મો.નજરઅલી હબીબભાઈ મેડા
રૂા.૫૧/- મો.ફાતમાબેન નજરઅલી મેડા
રૂા.૫૧/- મો.હૈદરઅલી સાવદીભાઈ ગધેડીયા
રૂા.૫૧/- મો.રહેમતબેન હૈદરઅલી ગધેડીયા
રૂા.૨૧/- મો.મહેમૂદાબેન નજરઅલી મેડા
રૂા.૨૧/- મો.એજાઝઅલી નજરઅલી મેડા
રૂા.૨૧/- મો.અઝમતઝેહરા નજરઅલી મેડા
રૂા.૨૧/- મો.ફતેહઅલી હૈદરઅલી ગધેડીયા
રૂા.૨૧/- મો.કનીઝફાતેમા હૈદરઅલી ગધેડીયા
રૂા.૨૧/- મો.ઝયનબફાતેમા હૈદરઅલી ગધેડીયા
રૂા.૨૧/- મો.હુસૈનાબેન મહંમદભાઈ મેડા
રૂા.૨૧/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ રાબડી
રૂા.૨૧/- મો.મહેંદીઅલી ગુલામઅબ્બાસ રાબડી

રૂા.૧૧/- મો.સાજેદાબેન હસનઅબ્બાસ રાબડી
રૂા.૧૧/- મો.અફઝલઅબ્બાસ હસનઅબ્બાસ રાબડી
રૂા.૧૧/- મો.મહેમૂદાબેન અકબરઅલી મેડી
રૂા.૧૧/- મો.નજમાબેન સલમાનભાઈ તાજા
રૂા.૨૧/- મો.નજરમહંમદ ગુલામહૈદર નાથામેઠા
રૂા.૧૧/- મો.સાજેદાબેન ગુલામહૈદર નાથામેઠા
રૂા.૧૧/- મો.તાહેરાબેન ગુલામહૈદર નાથામેઠા
રૂા.૧૧/- મો.રાશેદાબેન ગુલામહૈદર નાથામેઠા
રૂા.૧૧/- મો.નિશાતફાતેમા ગુલામહૈદર નાથામેઠા
રૂા.૨૧/- મો.મહેંદીઅલી કમાલભાઈ ભંડારી
રૂા.૨૧/- મો.ઝેહરાબેન મહેંદીઅલી ભંડારી
રૂા.૧૧/- મો.આબેદાબેન મહેંદીઅલી ભંડારી
રૂા.૧૧/- મો.સાકેરાફાતેમા મહેંદીઅલી ભંડારી
રૂા.૧૧/- મો.મેઅરાજફાતેમા મહેંદીઅલી ભંડારી
રૂા.૧૧/- મો.હસનઅલી મહેંદીઅલી ભંડારી
રૂા.૨૧/- મો.શબ્બીરઅલી હબીબભાઈ મલેકપુરા
રૂા.૨૧/- મો.તાહેરાબેન શબ્બીરભાઈ મલેકપુરા
રૂા.૧૧/- મો.કનીઝફાતેમા શબ્બીરભાઈ મલેકપુરા
રૂા.૧૧/- મો.હસનઅલી શબ્બીરભાઈ મલેકપુરા

રૂા.૩૨/- મો.મર્હૂમા અવલીબેન રસુલભાઈ દાદાવાળાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો. મર્હૂમ રસુલભાઈ દાદાવાલાના પરિવાર તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.), જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.મરીયમબેન વલીભાઈ ભગત (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/- મો.ગુલામહૈદર વલીભાઈ ભગત
રૂા.૧૫૦/- મો.મુસ્તાકઅલી વલીભાઈ ભગત
રૂા.૧૦૦/- મો.હલીમાબેન અબ્બાસભાઈ મસી
રૂા.૧૦૦/- મો.રહીમબેન શરીફભાઈ હોલ્ડા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન યુસુફભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.મરીયમબેન શરીફભાઈ ભટ્ટા
રૂા.૧૦૦/- મો.રહીમબેન શરીફભાઈ હોલ્ડા
રૂા.૧૦૦/- મો.શહરબાનુ દાઉદભાઈ મસી
રૂા.૧૦૦/- મો.સલમાબેન અલીમહંમદ સાવદી
રૂા.૧૦૦/- મો.શીરીનબેન અમ્મારહૈદર હાજી

**મર્હૂમા મો.શેરબાનુ ફતેઅલી મોમિન(કઠોર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.ફતેઅલી ગુલામહુસૈન મોમિન
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ ફતેઅલી મોમિન

રૂા.૫૦/- મો.મર્હૂમ ઈસ્માઈલભાઈ વલીભાઈ ખોરજીયા(વેળાવાપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પુત્રો તરફથી.

**મર્હૂમા મો. હાજી રહીમભાઈ જલાલભાઈ ખરપડીયા(વાઘરોલ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.હાજીયાણી મરીયમબેન રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.મુખ્તારભાઈ રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.શૌકતઅલી રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.ફરમાનઅલી રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.અકબરઅલી રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.વસીએહમદ રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.અલીરઝા રહીમભાઈ ખરપડીયા
રૂા.૧૦૧/- મો.સફદરઅલી હબીબભાઈ ખરપડીયા
રૂા.૫૧/- મો.સુગરાબેન ગુલામભાઈ છેલીયા
રૂા.૫૧/- મો.ફિઝઝાબેન ગુલામભાઈ કડીવાલા
રૂા.૫૧/- મો.મજીદાબેન મહંમદભાઈ કડીવાલા

રૂા.૧૦૦/- મો.મહેબૂબઅલી આઈ. મોમિન (વસો) તરફથી

**રૂા.૨૫૦૦/- બંદએ ખુદા તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ની વેબસાઈટ શરૂ થઈ તેની ખુશાલી તેમજ ઉત્તેજન અર્થે.**

**રૂા.૫૫૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ દોસનભાઈ અલાદ(મજાદર-મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.**

**મર્હૂમ મો.હસનભાઈ નુરભાઈ ભુરા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૧/- મો.અહેસાનઅલી હસનભાઈ ભુરા, મો.મોહસિનઅલી હસનભાઈ ભુરા તથા આબિદઅલી ગુલામઅબ્બાસ ભુરા તરફથી
રૂા.૧૦૦/- મો.સુગરાબેન યાકુબભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન અબુતાલિબ વેપારી

રૂા.૧૦૦/- મો.સાજેદાબેન આબિદઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન નજરમોહંમદ ગોદડ
રૂા.૧૦૦/- મો.અલીભાઈ ગનીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન મોહસિનઅલી ભુરા

**રૂા.૫૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ વજીરભાઈ ખણુશીયા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૨૦૧/- મહેફિલે ઈલ્મીયા - કવીઝ કોમ્પિટીશનમાં ભાગ લેનાર સ્પર્ધકો(કઠોર)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો.હૈદરઅલી યાકુબભાઈ રાજપુરા (કનાઈ)તરફથી તેમની પુત્રી હુસૈનાબેને ધો.૧૨માં ૯૪% માર્કસ મેળવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.આબિદહુસૈન યાકુબભાઈ રાજપુરા (કનાઈ)તરફથી તેમની પુત્રી કુબરાફાતેમાએ ધો.૧૨માં ૯૬% માર્કસ મેળવ્યા તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૨૦૦૦/- બ્રાઈટ રબર(અમદાવાદ) તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.**

રૂા.૫૧/- મો.આબેદાબાનુ હૈદરઅલી ખરોડીયા (પીંપોદર)તરફથી જનાબે ફાતેમા કુબરાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.ગુલામઅલી ફતેભાઈ (કલીકુંડ-ધોળકા) તરફથી જી.ઈ.બી.માં પ્રમોશન(બઢતી) મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ ગુલામહુસૈન (પાડગોલ) તરફથી તેમના દીકરા-દીકરીના લગ્નની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.અકબરઅલી ગુલામહુસૈન (પાડગોલ) તરફથી તેમના દીકરા-દીકરીના લગ્નની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૦/- મો.ગુલામમહંમદ કાસમભાઈ કડીવાલા(વાઘરોલ)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.**

રૂા.૨૫૦/- મો.અલીભાઈ નુરભાઈ વિજાપુરા તથા તેમના મહોરદાર મો.શીરીનબેન(મહેરપુરા) તરફથી ઉમ્રહ હજ-ઝિયારત માટે જવાની ખુશાલી પ્રસંગે.


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya



**નજરઅલી યુનુસભાઈ પીયારજી**

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya